# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસલકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-જૂન-૨૦૦૫**

**રબી. આખર શરીફ-જમાદીઉલ અવ્વલ શરીફ**

**હિજરી સન : ૧૪૨૬**

**વર્ષ : ૦૨ અંક : ૦૬, સળંગ અંક : ૧૮**


★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**


★ પત્ર વ્યવહારનુ સરનામું ★

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. **ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩**

Email User ID : islamic@sancharnet.in


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15–00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250–00 |

## ★ યા શાહે સંજરી ★

બિગળી મેરી બના દો યા શાહે સંજરી
રંજો અલમ મિટા દો યા શાહે સંજરી
કિત્ના કરમ હે મુઝ પર અપના બના લિયે હે
કિસ્મત મેરી જગા દો યા શાહે સંજરી
પર હે ન પાસ ઝર હે બસ આપકી નઝર હે
તયબહ્ મુઝે દિખા દો યા શાહે સંજરી
ષાબિત કદમ રહેં હમ આશિક બને રહેં હમ
બિલખૈર ખાતિમા હો યા શાહે સંજરી
ફિર હિંદકી ઝમીં પર ઝાલિમ ઉભર રહે હૈં
તીરે નઝર ચલા દો યા શાહે સંજરી
અર્ઝે ફિલિસ્તીં પર મઝલૂમ હૈં મુસલમાં
ફૌઝે મુબીં અતા હો યા શાહે સંજરી
તહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી**કો હુઝૂર
આલમમેં અબ ચલા દો યા શાહે સંજરી
હુસ્ને અમલસે કાસિર દર પર ખળા હૈ **"શાકિર"**
અપના ઉસે બના લો યા શાહે સંજરી


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


**નૂરાની આર્ટ, દયાદરા,** ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) જૂન-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૬ ★ સળંગ અંક : ૧૮


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** "અહલે સુન્નત" તરીકે ઓળખાવી પ્રસિદ્ધ થતા માસિક "સચ્ચાઈ"ની આ છે સચ્ચાઇ !! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૩ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૪ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૬ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૮ |
| ૦૭. | હરમના ખાદિમો કે હરમના વેપારીઓ ! જુલ્મથી સત્તા પામેલા સઊદી રાજાઓની રંગરેલીઓભરી દાસ્તાન ! | **કાર્યાલય** | ૧૯ |
| ૦૮. | **કાદયાનીને ઓળખો !** | **સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૬ |
| ૦૯. | હઝરત સુહૈબ રૂમી رضی اللہ عنہ | **કાર્યાલય** | ૩૫ |
| ૧૦. | સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનું મહત્વ | **અઝ** : સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા<br>*(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ, રાજપુરીગેટ, બાલાસિનોર)* | ૩૮ |
| ૧૧. | અઝવાજે મુતહ્હરાત | **અઝ** : હઝરત મુફતી હારૂન રશીદ અમજદી કંબોલ્વી | ૪૧ |
| ૧૨. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૪ |
| ૧૩. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |


સ્થળ સંકોચને કારણે આ અંકમાં ચાલુ લેખમાળા : (૧) **ઈસ્લામ અને આધુનિક શોધો** (૨) **ગુનાહોનો ઈલાજ** (૧) **બાળકોનો તર્બિયતી ગુલશન** (૪)**ઔરતોની હિકાયતો**નો સમાવેશ કરવામાં આવ્યો નથી. આવતે અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)

# પોતાને "અહલે સુન્નત" તરીકે ઓળખાવી પ્રસિધ્ધ થતા માસિક "સચ્ચાઈ"ની આ છે સચ્ચાઈ!!

-તંત્રી લેખ

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ
સોનેવાલો જાગતે રહીયો ચોરોંકી રખવાલી હૈ !
-(આ'લા હઝરત)

કહેવાય છે કે શિકારી જ્યારે પક્ષીઓનો શિકાર કરવા જાય છે ત્યારે જાળ પાથરી તેના પર દાણા ફેંકી કે ફાંદો ગોઠવીને પક્ષીઓ જેવી બોલી બોલે છે જેનાથી પક્ષીઓ આકર્ષાયને દાણા ચરવા આવે છે અને જાળમાં ફસાઈ જાય છે ! વળી આપ અવારનવાર વર્તમાનપત્રોમાં વાંચતા હશો કે ઘરેણા પોલીશ કરી ચમકાવી આપવાના બહાને ઘરેણાં ઓગાળી ગયા ! અથવા ગઠિયા ઘરેણા લઈ ભાગી ગયા ! એ જ પ્રમાણે ગાડીમાં કે બસમાં સાથે સફર કરનાર સ્વજનની જેમ વર્તી મિત્રતાભરી વાતો કરી નશાકારક બિસ્કિટ ખવડાવી બેગ લઈને ગાયબ થઈ ગયા ! સારાંશ કે દુનિયામાં ઠગ લોકોની તેમજ છેતરપિંડી કરનારાઓની કમી નથી, એ વિશે આપ સૌએ અનેક બનાવો જોયા સાંભળ્યા હશે જ.

એ જ પ્રમાણે દીનના નામ પર ઈસ્લામના નામ પર પણ ઘણી બધી ઠગ ટોળકીઓ ફરી રહી છે જેઓ મુસલમાનની હમદર્દ બનીને અવનવી ટ્રિકો વડે, અવનવા તુક્કાઓ વડે મુસલમાનોના દીન ઈમાનને લૂંટતી ફરે છે. એમાંની જ એક ટોળકી પોતાને એક સુંદર લપસણા નામથી "જમાઅતે ઈસ્લામી" તરીકે ઓળખાવે છે અને મૌલાના અબુલ આ'લા મવદૂદીને પોતાનો પેશવા ગણે છે. આ મૌદૂદીએ કલ્પનાના ઘોડા પર બેસીને અકીદાની દુનિયામાં એવી ખલબલી મચાવી છે કે કાંઈ કેટલાયને જહન્નમી બનાવી દીધા છે ! એના જ પથ પર ચાલતુ ભરૂચ શહેરથી નીકળતુ "અંજુમન વોઈસ" માસિક એ કુર્આન હદીષથી બેતઅલ્લુક રહીને બે ચોપડી ભણેલા પોતાને એજ્યુકેટેડ સમજતા માસ્તરો કે અન્ય દુનિયવી ડિગ્રીધારીઓ દીનને જાણે એક ખેલ સમજીને તથા ઉલમાએ હક્કને મજાકનું સાધન સમજી આડેધડ કલમો ચલાવી પોતાની સડેલી કુબુદ્ધિનું પ્રદર્શન કરી રહ્યા છે. અને પોતે જ પોતાને મુસ્લિમ કૌમનું બગડેલું લોહી પુરવાર કરી રહ્યા છે ! આ ગુમરાહોથી મુસ્લિમોને ચેતવવા માટે "અલમુઈન" માસિક (થામ, તા. જિ. ભરૂચ)માં અમોએ કેટલાક સમય પહેલાં એક લેખમાળા ચાલુ રાખી તેમની અસલિયત અવામ સમક્ષ રાખી હતી. ઉપરાંત **દયાદરા**થી "જમાઅતે ઈસ્લામીની અસલિયત" તેમજ "જમાઅતે ઈસ્લામીનો શીશ મહલ" કિતાબો પણ પ્રસિદ્ધ કરી હતી. (રૂા. ૩૦/– M.O. કરવાથી "શીશ મહલ" કિતાબ દયાદરાથી મળી શકશે.)

પણ અમને આશ્ચર્ય તો ત્યારે થયું કે :–

दीवानें भी ईसको कहते हैं के ये दीवाना हैं !

એટલે કે ટંકારીઆ (તા. જિ. ભરૂચ)થી નીકળેલ ''સચ્ચાઈ'' નામનું એક નવુ માસિક જે દેવબંદી વિચાર ક્ષેત્રવાળા મોલ્વીઓનું છે જે તેના લેખોના લેખકોનાં નામથી ઓળખાય જાય છે ! છતાં પ્રકાશકમાં ''મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત–યુ.કે. (ગુજરાત શાખા)'' નામ દર્શાવી ભોળી ભાળી મુસ્લિમ કૌમને ઉલઝનમાં નાખવાનું કામ તેમણે કર્યું છે. તેમણે પોતે સત્યના ચાહકો તરીકે પોતાને જાહેર કરીને ''સચ્ચાઈ'' નામથી ચાલુ કરેલા માસિકના અંક ૩માં આ કહેવાતી ''જમાઅતે ઈસ્લામી''વાળાઓ તથા અન્ય એવા ગુસ્તાખ ફિર્કા નેચરી વગેરેની રદ કરી છે જે જોવા મળ્યું.

આ એવો સમય છે કે કોઈ આકર્ષક કે લોભામણા નામથી ભ્રમણામાં રહેવું ન જોઈએ કારણ કે લોકો એટલી હદે પહોંચી ગયા છે કે પોતાના ઘરનું નામ પણ ''જન્નતુલ ફિરદોસ'' સુદ્ધાં રાખી દે છે ! જ્યારે કે એ ઘરમાં જઈને જોઈએ તો ખબર પડે કે ત્યાં આપસમાં ઝઘડાઓની તેમજ તે ઘરમાં થતા ગુનાહોની કેવી જહન્નમ ત્યાં ખદબદતી હોય છે !

એ જ ''સચ્ચાઈ'' માસિક (અંક : ૩, એપ્રિલ–૨૦૦૫)ના પેજ–૧૮ ઉપર ''હસન ભડકોદ્રવી''નો લેખ છે. એ જ ''હસન ભડકોદ્રવી''ની અનુવાદિત ગુજરાતી કિતાબ ''તકિવયતુલ ઈમાન''★ અત્યારે મારી સમક્ષ છે તેના પેજ નં. ૧૬૪ ઉપર છે કે :–

**"એ જ પ્રમાણે વાત વાતમાં આમ કહેવું, "તમે તો અમારા જાનમાલના માલિક છો, અમે તમારા અધિકારમાં છીએ, જે ચાહો કરો" તદ્દન જૂઠુ અને શિર્ક ભર્યું છે."**

**હવાલો** : ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૬૪

ઉપરોક્ત લખાણ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનું છે જે તેમની કિતાબમાંથી અક્ષરસઃ લખ્યું છે. ''સચ્ચાઈ'' માસિકના સત્ય બહાર પાડનારાઓને વિનંતિ કે હવે નીચેના લખાણને ધ્યાનથી વાંચીને સત્ય બહાર પાડે :–

દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીના અંગ્રેજ હુકૂમત સાથે આજીજીભર્યા જઝબાતને રજૂ કરતાં ''તઝકેર્તુરશીદ'' કિતાબમાં છે :–

**હું જ્યારે હકીકતમાં (અંગ્રેજ) સરકારનો ફર્માબરદાર (આજ્ઞાંકિત) છું તો જૂઠા આક્ષેપોથી મારો વાળ વાંકો થશે નહીં, જો માર્યો પણ જઈશ તો (અંગ્રેજ) સરકાર "માલિક" છે, તેને "અધિકાર" છે "જે ચાહે કરે" !**

**કિતાબ** : તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૮૦, લેખક : આશિક ઈલાહી મેરઠી

એ જ ''હસન ભડકોદ્રવી'' અનુવાદિત ગુજરાતી ''તકવિયતુલ ઈમાન'' પેજ–૧૪૬માં છે :–

★ *મૂળ લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, પ્રકાશન નં. ૯૬ (તા. ૨૮–૯–૧૯૮૯) પ્રકાશક : દા.ઉ. અરબિય્યહ ઈસ્લામિયહ ભરૂચ–કંથારિયા, તા. જિ. ભરૂચ)*

**આવું બોલવું ન જોઈએ કે "અલ્લાહ અને રસૂલ (સલ.) ચાહશે તો ફલાણુ કામ થઈ જશે !" કારણ કે આખા જગતનો વહિવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પડે છે. રસૂલ (સલ.)ના ઈચ્છવાથી કશું થતું નથી.**

**હવાલો** : ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૪૬

શું કહેવું છે **મોલ્વી રશીદ અહમદ ગંગોહી**ના વિશે ભડકોદ્રવીનું ?! તથા "સચ્ચાઈ" વાળાનું ?! **શું અંગ્રેજ તેમનો ખુદા છે કે તેમના માટે "માલિક" તથા "અધિકારવાળા" તથા "જે ચાહે તે કરે !" કહ્યું તો શિર્ક નહીં થાય !** અને અલ્લાહ عزوجل ના મહબૂબ ﷺ ના માટે કહેવામાં આવે તો શિર્ક ગણાય ! વાંચકો ફેંસલો કરે કે સચ્ચાઈ કયાં છે ?! "સચ્ચાઈ" મંથલીમાં આ વિશેની સચ્ચાઈ પણ બહાર પડશે ?!

વળી ઉપરોક્ત લખાણમાં **"રસૂલના ચાહવાથી કશું થતુ નથી !"** વાક્યને ધ્યાનમાં રાખશો અને હજી બીજો હવાલો એ વિશે જુઓ :–

**.....એટલે કે અલ્લાહ તઆલાએ આપને જે હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરત (શક્તિ)નો અંદાજો આટલેથી જ લગાડી લો કે હું સ્વજન માટે પણ નફા-નુકસાનનો માલિક નથી. તો બીજાઓને તો શું લાભ નુકસાન પહોંચાડી શકવાનો હતો ?.......**

**હવાલો** : ગુજરાતીમાં તકવિયતુલ ઈમાન, પેજ–૬૬

એ જ ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૦૯ ઉપર છે :–

**"જેનું નામ મુહમ્મદ (સલ.) કે અલી (રદી.) છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી."**

**હવાલો** : ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૦૯

ઉપરોક્ત લખાણોમાં સાફ જણાવવામાં આવ્યું છે કે રસૂલે પાક ﷺ ને કાંઈ જ કુદરત (શક્તિ, પાવર) નથી. આપ સર્વ લોકો જેમ લાચાર બંદા છે. તેમજ એ જ કિતાબના પેજ–૩૫ ઉપર એટલે સુધી સ્પષ્ટ જણાવી દીધું છે કે :–

**"ચાહે તેને (તસર્રુફ તથા ઈખ્તિયારને) ઝાતી-આપબળે મેળવેલું માનવામાં આવે કે અલ્લાહ તઆલાએ અપર્ણ કરેલું, દરેક સૂરતમાં આ શિર્ક ભર્યો અકીદો લેખાશે."**

**હવાલો** : ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૩૫

ઉપરોક્ત લખાણોમાં **રસૂલે પાકને કશોય ઈખ્તિયાર ન હોવા વિશેનાં લખાણો** ભારપૂર્વક

એ કિતાબમાં રજૂ કરેલાં છે તેને ફરીવાર જોઈ લો !

હવે આવો ! નબી વલી માટે તો ઈખ્તિયાર તથા તસર્રુફનું માનવું તથા ગયબની ખબર તેમને થઈ હોવાનું માનવું દેવબંદી ધર્મમાં દરેક રીતે શિર્ક છે. પણ પોતાના ઘરના મોલ્વીઓ, પોતે માની લીધેલા બુઝુર્ગો માટે તેમને ત્યાં શું માન્યતાઓ પ્રવર્તે છે અને ત્યાં "શિર્ક"નો ફત્વો તેઓ કેવા વિસરી જાય છે તે જુઓ !

વાત એમ છે કે મુફતી અઝીઝુર્રહમાન સાહબ બીજનોરી દેવબંદી વર્ગના માન્યવર મુફતી છે અને તબ્લીગી જમાઅતના આગળ પડતા કાર્યકર પણ છે. તેમણે એક કિતાબ નામે "અન્ફાસે કુદસિયહ" લખી જેને મદીના બુક ડેપો (બીજનોર)એ પ્રસિદ્ધ કરી. આ કિતાબમાંથી એક પ્રસંગ દેવબંદી મોલ્વી હુસૈન અહમદ ટાંડવીના એક મુરીદ સંબંધે જોઈ લો :–

**બાલી નદ્દી મૌલ્વી બજારના એક શ્રીમાન આઝાદી મલ્યા પહેલાં ઢાકાથી શિલોંગ મોટર દ્વારા જઈ રહ્યા હતા, આસામનો વધુ વિસ્તાર પહાડી છે. તેમાં મોટર અથવા બસ ચાલવાના રસ્તા એટલા સાંકડા છે કે, ત્યાંથી માત્ર એક જ ગાડી જઈ શકે છે, બે ગાડી પસાર થઈ શક્તી નથી, ઢાકાથી શિલોંગ જઈ રહેલા (મોલ્વી) હુસયન અહમદના એક મુરીદ હતા, જ્યારે અર્ધો રસ્તો પસાર થઈ ગયો હતો તો તેમણે જોયું કે, એક ઘોડો ખૂબ ઝડપથી સામેથી આવી રહ્યો હતો, તેના અને સાથે જઈ રહેલા બીજાઓના મનમાં ભય પેદા થયો કે હવે શું થશે ?! તેમણે મોટરને રોકી લીધી તેમ છતાં ખૂબ ચિંતામગ્ન થઈ ગયા, કેમ કે સવાર વિનાનો ઘોડો ઝડપથી તેમની તરફ આવી રહ્યો હતો, "કથનકાર"નું કહેવું છે કે, તે માણસે (મુરીદે) પોતાના દિલમાં વિચાર્યું હતું કે, અગર "પીર મુરશદ" હોત તો દુઆ કરી હોત ! હજી એટલું જ વિચાર્યું હતું કે હઝરત શયખ ઘોડાની લગામ પકડીને ક્યાંક ગાઈબ થઈ ગયા.**

**હવાલો** : કિતાબ અન્ફાસે કુદસિયહ, પેજ–૧૮૬, અઝ : મુફતી અઝીઝુર્રહમાન બીજનોરી દેવબંદી

ક્યાં ઉત્તર પ્રદેશના ખૂણામાં આવેલું "દેવબંદ" અને ક્યાં આસામનો પહાડી વિસ્તાર દરમ્યાન સેંકડો માઈલોનું અંતર ! પરંતુ "મુરીદ"ના દિલમાં વિચાર આવ્યો કે, પલવારમાં "પીર" ત્યાં પહોંચી ગયા અને ઘોડાની લગામ થામીને વીજળીની જેમ અલોપ થઈ ગયા !

હવે "સચ્ચાઈ" મંથલીવાળાઓ તેમજ "હસન ભડકોદ્રવી" વિચારે કે **સેંકડો માઈલના અંતરેથી દિલની જબાનની વિનંતિને મોલ્વી હુસૈન અહમદ ટાંડવીએ સાંભળી લીધી ! (કિયામત સુધી બૂમાબૂમ નથી કરવી પડી !)** એટલું જ નહીં બલ્કે એ પણ જાણી લીધું કે ત્યાં શું પરિસ્થિતિ છે ? અને કેવળ જાણી લીધું જ નહીં ! બલ્કે **પળવારમાં ત્યાં પહોંચી ગયા,** બલ્કે હવાની ઝડપે આવી રહેલા ઘોડાની લગામ થામીને અલોપ પણ ગઈ ગયા !

અહીં મોલ્વી હુસૈન અહમદ ટાંડવીને **ઈલ્મે ગયબ હોવાનું પણ માન્યું** અને પળવારમાં સેંકડો માઈલ દૂર પહોંચવાનો તથા મદદ કરવાનો **ઈખ્તિયાર** પણ માન્યો ! તો હવે "સચ્ચાઈ" જાહેર કરો કે

**"રસૂલના ચાહવાથી તો કાંઈ નથી થતું ! તેમની કોઈ વિસાત નથી, તે તો આજિઝ લાચાર બંદા છે !"** અને **"રસૂલ તો સ્વજન માટે પણ નફા-નુકસાનના માલિક નથી, તો બીજાઓને શું લાભ પહોંચાડી શકે ?!** એવી વાતોના ડંકા તમે વગાડો છો અને રસૂલ માટે ઈલ્મે ગયબ કે ઈખ્તિયારને માનવો **ચાહે આપબળે કે અલ્લાહના આપવાથી પણ દરેક રીતે શિર્ક હોવાની બુમો પાડો છો !** તો ઉપરોક્ત બનાવમાં **શું મોલ્વી હુસૈન અહમદ ટાંડવીને ખુદા માની લીધા** કે ત્યાં તમારી ઝબાનો ગુંગી થઈ ગઈ છે ?! ત્યાં સઘળુ શિર્ક તેમની ચાહતમાં ગળા નીચે ઉતારી ગયા છો !

ભડકોદ્રવી સાહબ ! તમે જ અનુવાદ કર્યો તે પણ ભૂલી ગયા ! ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ-૬૫ ઉપર તમે જ તો લખ્યું છે કે ! **જે લોકો બુઝુર્ગોને દૂર દૂરથી પોકારે છે અને એમને પોકારીને માત્ર એટલું જ કહે છે કે, યા હઝરત ! આપ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા અમારી હાજત પૂરી કરી દે, તો આ પણ શિર્ક ગણાશે.** વળી ફકરાના અંતમાં લખ્યું છે કે, **"તેઓ એમની પુકારથી બેખબર છે, કિયામત સુધી બૂમાબૂમ કરતા રહે તો પણ તેઓ પુકારનારાઓની પુકાર સાંભળી જ શક્તા નથી."** જ્યારે અહીં તો દિલમાં ખયાલ કરતાં જ પીર સાહબ પળવારમાં હાજર થઈ ગયા અને મદદ કરીને જતા પણ રહ્યા ! આ શિર્ક નથી ?!

**કુર્આન-હદીષના ગલત તર્જુમા તથા ગલત અર્થો રજૂ કરીને લોકોના પર આડેધડ શિર્ક થોપનારાઓ પોતાની જ જાળમાં પોતે જ કેવા ફસાતા હોય છે એનો વધુ એક દાખલો જોઈ લો :-**

એ જ ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ-૧૧૨ ઉપર છે :-

> **આ હદીષ શરીફથી સ્પષ્ટ થયું કે માત્ર કોઈનું આદર સન્માન કરવાના હેતુસર એની સામે અદબપૂર્વક ઉભા રહેવું પણ તે કૃત્યો પૈકીનું એક કૃત્ય છે, જેને અલ્લાહે પોતાની તા'ઝીમ માટે ખાસ કરી લીધેલાં છે. આવું વર્તન કોઈના માટે ન કરવું જોઈએ....... અલ્લાહ સિવાય કોઈની સાથે આવું વર્તન નર્યું શિર્ક લેખાશે.**
>
> **હવાલો** : ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ-૧૧૨ તથા પેજ-૧૦૪

હવે તા. ૧૪-૦૬-૦૪ના ગુજરાત ટુ ડે દૈનિકપત્ર તથા અન્ય અખ્બારોમાં જુઓ કે મોલ્વી હુસૈન અહમદ ટાંડવી (મદની)ના પુત્ર એટલે કે મૌલાના અસદ મદની જમીયતે ઉલમાએ હિંદના પ્રમુખ એક ગૈર મુસ્લિમ ધર્મ વડા જે સિંહાસન પર બિરાજમાન છે તેમને ઉભા રહીને શાલ ઓઢાડી તેમની તા'ઝીમ કરી રહ્યા છે ! અને મોલ્વી હુસૈન અહમદ ટાંડવીના પૌત્ર એટલે મૌલાના અસદ મદનીના પુત્ર જમીયતે ઉલમાએ હિંદના મહામંત્રી મહમૂદ અસદ મદની તે ધર્મગુરૂની તા'ઝીમ (સન્માન)માં બાજુમાં ઉભેલા છે. એનો ફોટો પણ દર્શાવેલો છે. *(ગુજરાત ટુ ડે, તા. ૧૪-૬-૨૦૦૪)*

હવે અમને પૂછવાનો હક્ક છે કે નબી વલીની તા'ઝીમમાં ઉભા રહેવાને "નર્યું શિર્ક" કહેનારા અહીં શિર્કનો પાઠ કેમ વિસરી જાય છે ?! અને તેવાઓને **ઉલમાએ હક્ક** તથા **ઉલમાએ રબ્બાની** કહેનારા પોતાનાં ઘરનાંઓની "સચ્ચાઈ" રજૂ કરવાનું કેમ ચૂકી જાય છે ?! અને પોતાનો આવો "બાતિલોની ટીકા

કરવાનો અધિકાર" કેમ વિસરી જાય છે ?! એ હક્ક અહીં કેમ જતો કરે છે ?!

હજી આગળ વધો ! એ જ ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૪૬ ઉપર છે :–

**એ જ પ્રમાણે જો કોઈ એવું પૂછે કે ફલાણાના દિલમાં શું છે, ફલાણાની શાદી ક્યારે થશે, ફલાણા વૃક્ષનાં કેટલાં પાંદડાં છે અથવા આકાશમાં કેટલા તારલા છે, તો એના જવાબમાં આમ ન કહે કે એ તો અલ્લાહ અને રસૂલ (સલ.) જ જાણે છે, કારણ કે ગૈબની વાત અલ્લાહ જ જાણે છે, "રસૂલ (સલ.)ને એની શું ખબર ?"**

**હવાલો** : ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૪૬

**"ગૈબની વાત અલ્લાહ જ જાણે છે, રસૂલ ﷺ ને એની શું ખબર ?"** આ અકીદો દેવબંદીઓનો છે. વાતની રજૂઆત જ કેટલી ઉદ્ધતાઈભરી તથા અપમાનજનક છે તે લખાણના શબ્દો પરથી નક્કી કરી લો. અને આવું કહેનારનો અંજામ પણ કુર્આનની આયતથી જોઈ લો :–

રબ તઆલા સૂ. તૌબા, આ. ૬૫–૬૬માં ફર્માવે છે :–

**અર્થ : "અને જો તમે તેઓને પૂછો તો બેશક ! જરૂર કહેશે કે અમે તો એમ જ ઠઠ્ઠા મશ્કરીમાં (કહેતા) હતા, તમે ફર્માવી દો, શું અલ્લાહ અને તેની આયતો અને તેના રસૂલ સાથે ઠઠ્ઠો કરતા હતા ? બહાનાં બનાવો નહીં, તમે પોતાના ઈમાન (લાવ્યા) પછી કાફિર થઈ ગયા."**

ઈબ્ને અબી શૈબા અને ઈબ્ને જરીર અને ઈબ્નુલ મુન્ઝિર અને ઈબ્ને અબી હાતિમ અને અબુશૈખ, ઈમામ મુજાહિદ (હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ના ખાસ શાગિર્દ)થી રિવાયત છે. ફર્માવે છે :–

**અર્થ** : એક માણસની ઊંટણી ખોવાઈ ગઈ, તેની શોધ થતી હતી, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઊંટણી ફલાણા જંગલમાં ફલાણી જગ્યાએ છે, એ બાબતે એક મુનાફિક બોલ્યો, "મુહમ્મદ ﷺ કહે છે કે ઊંટણી ફલાણી જગ્યાએ છે, **મુહમ્મદ ગૈબ શું જાણે ?!** ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત (ઉપર લખાએલી) ઉતારી કે, **'શું અલ્લાહ અને રસૂલ સાથે ઠઠ્ઠો કરો છો ?** બહાનાં બનાવો નહીં. તમે મુસલમાન કહેવાયા પછી **એ શબ્દ બોલવાથી કાફિર થઈ ગયા.'** *(જુઓ તફસીરે ઈમામ ઈબ્ને જરીરનું મિસરી પ્રકાશન પ્રકાશન, ભાગ–૧૦, પેજ–૧૦૫ અને ઈમામ જલાલુદ્દીન સિયૂતીની તફસીરે દુર્રે મન્સૂર, ભાગ–૩, પેજ–૨૫૪)*

મુસલમાનો ! જુઓ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં **''તે ગૈબ શું જાણે ?!''** એટલી ગુસ્તાખી કરવાથી "કલમાગોઈ" (કલમો પઢવાનું) કામ ન આવી. અને અલ્લાહ તઆલાએ સ્પષ્ટ ફર્માવી દીધું કે બહાનાં બનાવો નહીં, તમે ઈસ્લામ પછી કાફિર થઈ ગયા ! **આ પરથી તે લોકો પણ બોધ ગ્રહણ કરે કે જેઓ રસૂલુલ્લાહ ﷺ ના ગૈબી ઈલ્મોનો દરેક રીતે ઈન્કાર કરે છે.**

જાણવા મળ્યું કે **મુહમ્મદ ગયબ શું જાણે ?! રસૂલને એની શું ખબર ?!** કહેનાર માટે કુર્આની પ્રસંગથી સાબિત થાય છે કે આ "મુનાફિકની વાણી" છે હવે "સચ્ચાઈ" અંક આ સચ્ચાઈ બાબતે શું કહે છે ?!

રસૂલે પાક ﷺ માટે તો ઈલ્મે ગયબ વિશે દેવબંદી અકીદો એ કે તુચ્છકાર ભર્યા શબ્દોમાં કહે છે કે, **"રસૂલને એની શું ખબર ?!"**★ પણ આ અંતિમ પ્રસંગ એમની જ કિતાબમાં મોલ્વી કાસિમ નાનોત્વીને કબરમાં થયેલા ઈલ્મે ગયબનો વાંચો અને માથુ ધુણો ! :–

કારી મુહમ્મદ તૈયબ દેવબંદી વર્ણવે છે કે જે સમયે મોલ્વી રફીઉદ્દીન સાહબ મદ્રસાના મોહતમિમ હતા, તે સમયે કેટલાક મુદર્રિસો વચ્ચે આપસમાં ઝઘડો થઈ ગયો. આ ઝઘડામાં સદર મુદર્રિસ મોલ્વી મેહમૂદુલ હસન સાહબ પણ જોડાઈ ગયા અને ઝઘડો એકદમ વધતો ગયો. ત્યાર પછી જે બન્યું તે કારી મુહમ્મદ તૈયબની જબાની સાંભળો ! તેમણે લખ્યું છે કે :–

**એ દરમ્યાન એક દિવસ વહેલી સવારે ફજરની નમાઝ બાદ મૌલાના રફીઉદ્દીન સાહબે મૌલાના મેહમૂદુલ હસન સાહબને પોતાના હુજરામાં બોલાવ્યા. (આ હુજરો દારુલ ઉલૂમમાં છે) મૌલાના હાજર થયા અને હુજરાના બંધ કમાડ ખોલીને અંદર દાખલ થયા. મોસમ સખત ઠંડીની હતી. મૌલાના રફીઉદ્દીન સાહબે ફર્માવ્યું કે, પ્રથમ મારા શરીર ઉપરનો આ જભ્ભો જોઈ લો ! મેં જોયું તો એ ભીંજાયેલ હતો, તરબતર હતો. ત્યાર પછી તેમણે ફર્માવ્યું કે, "હમણાં હમણાં મૌલાના (મુહમ્મદ કાસિમ) નાનોત્વી સાહબ (શરીર સાથે) મારી પાસે પધાર્યા હતા જેના કારણે હું પસીના પસીના થઈ ગયો અને મારો જભ્ભો પણ પસીનાથી તરબતર થઈ ગયો. તેમણે આવીને મને કહ્યું કે, મેહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં પડે નહીં ! બસ, આ કહેવા માટે તમને મેં બોલાવ્યા. મૌલાના મહમૂદ હસન સાહબે વિનંતિ કરતાં કહ્યું કે, હઝરત ! હું આપના હાથ પર તૌબા કરું છું, હવે પછી આ મામલામાં હું કાંઈ જ કહીશ નહીં.**

**હવાલો** : *અરવાહે ષલાષા* તથા નવું નામ *હિકાયાતે ઔલિયા*

અલ્લાહુ અકબર ! જોઈ રહ્યા છો તમે ! કે આ એક પ્રસંગને વળગીને દેવબંદી ધર્મ અનુસાર કેટલા મુશ્રિકાના અકીદાઓ લપેટાયેલા છે ! પ્રથમ તો એ કે **દેવબંદી મૌલાના કાસિમ નાનોત્વીને કબ્રમાં ગયબથી ખબર થઈ ગઈ** ! કે દારુલ ઉલૂમમાં ઝઘડો ચાલે છે. બીજું તેની પતાવટ માટે તસર્રુફના **અખ્તિયારનો અકીદો કે કબરથી ઉઠીને આવ્યા** અને ઝઘડાની પતાવટ માટે સૂચના કરી અને તેને મૌલાના મહમૂદ હસને માની લીધું !" **આ બધાં શિર્કોને હવે તમે કયા ખાડામાં ફેંકશો ?!** ભડકોદ્રવી સાહબ તથા સચ્ચાઈવાળાઓને આમાં કોઈ જ ખરાબી કે શિર્કની ગંધ નથી આવતી ?!

ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ! વધુ માટે **ઝલઝલા** કિતાબનો અભ્યાસ કરી શકો છો. દેવબંદી ધરમનો પાયો કેવો ડામાડોળ છે તે આટલા પરથી સમજી શકાય છે. તેઓના અન્ય મોલ્વીઓનાં કુફ્રી લખાણો અને તેની કુર્આન, હદીષ તથા અકવાલે ઉલમાથી રદ કરતી કિતાબોને ઈમાનની જેમને ફિકર હોય તેમણે જરૂર વાંચવી જોઈએ. જેમ કે *તમ્હીદે ઈમાન, અત્યબુલ બયાન, રહનુમાએ હક્ક, સુન્ની*

★ *કોઈ સામાન્ય માણસને ખરેખર તે ન જાણતો હોય છતાં જાહેરમાં આ અંદાઝથી કહેવામાં આવે કે દા.ત. "એ મોલ્વીને શું ખબર ! એ શું જાણે !" તો એમાં તે પોતાનુ અપમાન જ જાણશે. તો રસૂલે પાક ﷺ માટે ઈલ્મે ગયબ તો કુર્આન હદીષથી સાબિત છે છતાં આવા શબ્દો કહેવા શું અપમાનજનક નથી ?! અને હુઝૂરનું અપમાન કરનાર મુસલમાન રહેશે ?!*

*કોણ ? બિદઅત અને બરૈલી , સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, કાફિર ઠરાવવા વિશે મસ્અલો અને ઈમામ અહમદ રઝા* વગેરે, ગુજરાતીમાં પણ અમારે ત્યાં મળે છે.

*તકવિયતુલ ઈમાન* એટલે કે *ઈમાનને મજબૂતી આપનારી કિતાબ !* તેનાં લખાણો તમે ઉપર વાંચ્યાં તેના પરથી સમજી લીધું હશે કે એ ઈમાનને મજબૂત કરનારી કિતાબ છે કે ઈમાનને ફૌત (ખતમ) કરનારી કિતાબ છે ! નામોનું આવું છે ! માટે "સચ્ચાઈ" (The Truth) જેવાં નામોથી ભરમાવાની કોઈ જરૂર નથી. સચ્ચાઈ તો એ જ કે જે અકીદા સહાબાએ કિરામના હતા, જે **તા'ઝીમ રસૂલે પાકની સહાબાએ કિરામ કરતા હતા,** એ જ પ્રમાણે તાબઈ, તબે તાબઈન તથા આગલા બુઝુર્ગો જે એ જ માર્ગ પર હતા તેનો અભ્યાસ કરીને તેને અનુસરવામાં આવે. અને **કુર્આન હદીષના ગલત તર્જુમા તથા ખોટાં અર્થઘટનો કરી લોકોને ગુમરાહ કરતા વહાબી ફિર્કાની** શાખો દેવબંદી હોય કે જમાઅતે ઈસ્લામી હોય કે એહલે હદીષ કહેવાતા હોય કે નેચરી, કાદયાની સર્વે બાતિલ ફિર્કાઓ છે તેમનાથી સાવધાન રહીને ઈમાનને બચાવવું જોઈએ.

**ચેતવણી** : પ્રસ્તુત લેખમાં દેવબંદી કિતાબના હવાલામાં હુઝૂરના નામ સાથે **(સલ.)** લખેલ છે તે તેમના અસલ લખાણમાં હોવાથી હવાલા પૂરતુ રજૂ કર્યું છે. નહીં તો સુન્નીઓની એ આદત નથી કે હુઝૂર ﷺના નામ સાથે **સલ., અલ., સ.અ.વ., સલઅમ...** વગેરે લખે, કેમ કે એમાં હુઝૂરે અકરમ ﷺ ની **બેઅદબી** જણાય છે કે આપના નામ મુબારકના પાછળ "અલ્લમ ગલ્લમ" જેવા નિરર્થક શબ્દો લખવામાં આવે છે, અને એવું લખવું **હરામ** છે. અને તૌહીનની નિય્યત હોય તો **કુફ્ર** છે.

**નોંધ** : આ લેખને સંક્ષિપ્તમાં પતાવવા માટે દેવબંદીઓના અન્ય મોલ્વીઓનાં કુફ્રી લખાણો અહીં દર્શાવ્યાં નથી. તેની સંક્ષિપ્ત વિગત જાણવા માટે કેવળ પોસ્ટકાર્ડ લખી અમારી કિતાબ મંગાવો "આવો એક પ્લેટફોર્મ પર થઈ જઈએ !" *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મૃત્યુશૈયાએ પણ સારી વાતનો હુકમ આપવાનું ન છોડયું !

ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ રીતે શહીદ થયા કે ફજરની નમાઝ પઢાવી રહ્યા હતા કે એક મજૂસી કાફિરે આપના પેટમાં તલવાર મારી. લોકો અમીરુલ મો'મિનીનને મસ્જિદમાંથી ઊંચકીને લઈ ગયા. હકીમે ખજૂરનું શરબત પીવડાવ્યું પણ એ શરબત મોઢાથી નીકળી ગયું, પછી દૂધ પીવડાવ્યું તે પણ મોઢાથી નીકળી ગયું. હકીમે કહ્યું કે હવે વસિયત કરવાનું શરૂ કરી દો ! તો આપે વસિયત કરી. એ હાલતમાં એક અન્સારી વ્યક્તિને જોયો કે એની લુંગી જમીન નીચે ઘસડાઈ રહી હતી. આપ આ હાલતમાં પણ શરીઅત વિરૂધ્ધની આ વાતને જોઈ ન શક્યા અને અમ્ર બિલ મઅરૂફનો આદેશ આપતાં ઈર્શાદ ફર્માવ્યો, હે ભત્રીજા ! તારા કપડાને ઘૂંટીથી ઉપર કરી દે ! આવું કરવાથી કપડાં પણ સાફ રહે છે અને તું રબનો પરહેઝગાર બંદો રહીશ.

**–મુહમ્મદ મુબારક ચાંચવેલી**ના હરીફાઈવાળા લેખમાંથી સાભાર

## અલ્લાહ, તેની કિતાબ અને તેના રસૂલનો ખલીફા કોણ ?!

એક હદીષ શરીફમાં ઈર્શાદ થયો કે જેણે કોઈ સુન્નતની વિરૂધ્ધ વાત પેદા કરનારને ધમકાવી નાખ્યો તો અલ્લાહ તઆલા તેના દિલને ઈમાન તથા ઈત્મિનાન વડે ભરી દેશે. અને જે આવા (સુન્નતના વિરોધી) શખ્સની તૌહીન કરે છે તેને અલ્લાહ તઆલા કિયામતના દિવસે બેખૌફ (નચિંત) કરે દેશે. અને જેણે નેકીનો હુકમ આપ્યો અને બુરાઈઓથી રોક્યું તે માણસ જમીન પર અલ્લાહ તઆલા, તેની કિતાબ અને તેના રસૂલ ﷺ નો ખલીફા છે.

**–જનાબ હાફેઝ સોહૈલ અબ્દુલ્લાહ માટલી (દયાદરા)**ના હરીફાઈવાળા લેખમાંથી સાભાર

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَعَمِلَ صَالِحًا فَلَهُمْ
اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦٢﴾
وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَ ؕ خُذُوْا مَآ اٰتَيْنٰكُمْ
بِقُوَّةٍ وَّاذْكُرُوْا مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿٦٣﴾ ثُمَّ تَوَلَّيْتُمْ مِّنْ
بَعْدِ ذٰلِكَ ۚ فَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ لَكُنْتُمْ مِّنَ
الْخٰسِرِيْنَ ﴿٦٤﴾ وَلَقَدْ عَلِمْتُمُ الَّذِيْنَ اعْتَدَوْا مِنْكُمْ فِى السَّبْتِ
فَقُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِـِٕيْنَ ۚ ﴿٦٥﴾ فَجَعَلْنٰهَا نَكَالًا لِّمَا بَيْنَ
يَدَيْهَا وَمَا خَلْفَهَا وَمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٦٦﴾ وَاِذْ قَالَ مُوْسٰى
لِقَوْمِهٖٓ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ؕ قَالُوْٓا اَتَتَّخِذُنَا
هُزُوًا ؕ قَالَ اَعُوْذُ بِاللّٰهِ اَنْ اَكُوْنَ مِنَ الْجٰهِلِيْنَ ﴿٦٧﴾ قَالُوا ادْعُ
لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِىَ ؕ

**તર્જુમો** : અને યાદ કરો જ્યારે અમે લીધો તમારાથી પાકો વાયદો અને બુલંદ કર્યો તમારા પર તૂરને (અને હુકમ આપ્યો) મજબૂતીથી પકડી લો ! જે અમે તમને આપ્યું. અને યાદ રાખશો તે (હુકમો) જે એમાં દર્શાવેલા છે, કદાચ કે તમે પરહેઝગાર બની જાવ. પછી મોઢું ફેરવી લીધું તમે પુખ્તા વાયદો કર્યા બાદ, તો જો તમારા પર અલ્લાહનો ફઝલ અને તેની રહમત ન થાત તો તમે જરૂર નુકસાન વેઠનારાઓમાં થઈ જાત અને તમે સારી પેઠે જાણો છો[૮૪] તેમને જેમણે નાફર્માની કરી હતી તમારામાંથી સિબ્ત[૮૫] ના કાનૂનની, તો અમે હુકમ આપ્યો તેમને કે બની જાવ વાનર ફિટકાર પામેલા[૮૬]. પછી અમે એ સજાને ઈબ્રત (બોધપાત્ર) તેઓના માટે જેઓ એ જમાનામાં મૌજૂદ હતા અને જેઓ બાદમાં આવનારા હતા અને (તેને) નસીહત બનાવી દીધી પરહેઝગારોના માટે. અને યાદ કરો ! જ્યારે કહ્યું મૂસા (علیہ الصلوٰۃ والتسلیم) એ પોતાની કૌમને કે અલ્લાહ તઆલા હુકમ આપે છે કે તમે ઝબહ કરો એક ગાય[૮૭] તેઓ બોલ્યા, શું તમે અમારી મઝાક ઉડાડો છો ?![૮૮] આપે કહ્યું, હું પનાહ માંગુ છું ખુદાથી કે હું સામેલ થઈ જાઉં જાહિલો (ના વર્તુળ)માં[૮૯] બોલ્યા, દુઆ અમારા માટે તમારા રબથી કે તે બતાવે કે કેવી છે તે ગાય[૯૦].

## ★ તફસીર ★

**૮૩.** જે શખ્સ એક દિવસ છોડીને બીજો દિવસ અપનાવે તેને સાબી કહે છે અને ઈસ્તેલાહમાં એક મઝહબી ફિર્કાનું નામ છે જે શામ (સીરિયા) તથા ઈરાકની સરહદ પર આબાદ હતો. એ લોકો તૌહીદ તથા રિસાલતને માનનારા હતા. હઝરત ઉમર તથા ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ તેમને

એહલે કિતાબમાં ગણતા હતા અને તેમના ઝબીહાને હલાલ કહેતા હતા.

**૮૪.** અહીં એક એવા પ્રસંગની યાદ અપાવવામાં આવી રહી છે જે બની ઈસ્રાઈલના ઈતિહાસનો મશ્હૂર તથા પ્રખ્યાત પ્રસંગ છે. શબ્દ علمتم પર "કદ" અને "કદ" પર "લામ" તાકીદ પર તાકીદ માટે દલીલ પૂરી પાડે છે. એટલે કે નિઃશંક ! યકીનન ! તમે આ પ્રસંગને જાણો છો.

**૮૫.** અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલના માટે શનિવારનો દિવસ ઈબાદતના માટે ખાસ કરી આપ્યો હતો એ દિવસે ખેતી વાડી, કારોબાર, શિકાર વગેરે પ્રતિબંધિત હતું. અને આ હુકમ એટલો સખત હતો કે એનું ઉલ્લંઘન કરનારના માટે મૌતની સજા નિશ્ચિત હતી. બની ઈસ્રાઈલે ક્રમે ક્રમે આ હુકમને બિન અસરકારક બનાવવાના માટે યુક્તિઓ તથા ધોકાથી કામ લેવાનું શરૂ કરી આપ્યું. દરિયાના કિનારે ખાડાઓ ખોદી રાખ્યા હતા અને નાની નાની નીકો થકી એને દરિયા સામે જોડી રાખેલા હતા. શનીવારે (જ્યારે માછલીઓ શિકારીના આવવા વિશેથી નીડર બનીને પાણીની સપાટી પર પુષ્કળ દેખા દેતી) તે નીકોના દ્વાર ખોલી આપતા જેથી માછલીઓ મોટી સંખ્યામાં પાણીની સાથે એ ખાડાઓમાં ચાલી જતી પછી તેનાં દ્વારો બંધ કરી દેતા અને રવિવારના દિવસે આવીને માછલીઓ પકડી લેતા. અલ્લાહ તઆલાની ગૈરત આ બર્દાશ્ત નથી કરતી કે તેના શરીઅતના હુકમોને યુક્તિઓ અને બહાનાંઓ વડે બિનઅસરકારક કરી દેવામાં આવે, એટલા માટે એમના પર તે અઝાબ લાગુ કર્યો જેને તેઓને બેઈજ્જતીની સાથે નાબૂદ કરી દીધા. જો મૂસ્વી શરીઅતમાં આ પ્રકારનાં બહાનાં ચલાવી લેવામાં આવતાં ન હતાં, તો તમે જાતે જ ફૈંસલો કરો કે ખાતમુન્નબીય્યીનની શરીઅત જેના પછી અન્ય કોઈ આસ્માની કાનૂન માનવ સુધારણા માટે આવનારો નથી તેમાં શુ અલ્લાહ તઆલાની હિકમત તથા ગૈરત કોઈ પ્રકારના ફેરફાર તથા હીલો બનાવવાને માન્ય રાખી શકે છે ?! નહીં ! બખુદા હરગિઝ નહીં ! તે લોકો જેમને હુકૂમત તથા કાયદા ઘડવાની જિમ્મેદારી સોંપવામાં આવી છે તેઓ આ આયતોને વારંવાર પઢે. આ પ્રસંગનો ઉલ્લેખ અલ્લાહ તઆલાએ ફક્ત આપણા બોધગ્રહણ માટે કર્યો છે, નહીં તો કહાની વર્ણવવી એ કુર્આનનો હેતુ નથી.

**૮૬.** મુજાહિદનું કથન એ છે કે આ મસ્ખ (બેડોળ થવું) આંત્રિક છે એટલે કે તેમના ચહેરા તો માનવોના જ રહ્યા પરંતુ ખરાબ તથા બુરી આદતો તેઓમાં પેદા થઈ ગઈ. ચહેરો માનવ જેવો હોય અને કરતૂત વાનરો જેવાં નીચ ! ખુદાની પનાહ ! આ અઝાબ કેટલો ભયાનક છે ! પરંતુ જમહૂર ઉલમાનો કૌલ એ છે કે તેમના ચહેરા પણ વાનરો જેવા થઈ ગયા હતા, અને તેઓને થોડા દિવસો બાદ હલાક કરી દેવામાં આવ્યા હતા. અને આ કોઈ અશક્ય બાબત નથી. જે બદ્‌બખ્ત એના શરીઅત મુજબના કાનૂનને સતત તોડતા રહ્યા હોય તો જો અલ્લાહ તઆલા પોતાના બનાવેલા કાનૂનમાં તેમને સજા આપવાના માટે થોડી સરખી તબદીલી કરી આપે તો એમાં શું અજૂગતુ છે ? તેમજ જેઓ માનવના સર્જનના બારામાં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ પર ઈમાન લાવી ચૂક્યા છે તેમના માટે તો મુદ્દલે એમાં અચંબાની કોઈ વાત જ નથી, આ પણ તો ઉત્ક્રાંતિવાદની એક કડી જ છે. ઉત્ક્રાંતિ સીધી કે ઉલ્ટી ગમે તેમ પણ છે તો ઉત્ક્રાંતિ જ !

**૮૭.** બની ઈસ્રાઈલમાં એક વૃદ્ધ માલદાર હતો તેનો એક પૂત્ર હતો. તે વૃદ્ધના ભત્રીજાઓએ તે પુત્રને મારી નાખ્યો જેથી તેનો વારસો પણ તેઓને મળે, અને તેની લાશને ઉઠાવીને દૂર શહેરના દરવાજા પર ફેંકી આવ્યા. સવાર થઈ તો ખૂદ જ દાવેદાર બની બેઠા. અલ્લાહ તઆલાએ પોતાની હિકમત તથા કુદરતની એક રોશન નિશાની બતાવવાના માટે તેમને એક ગાય ઝબહ કરવાનો

હુકમ આપ્યો અને ફર્માવ્યું કે એ ઝબહ થયેલ ગાયનો એક ટુકડો કતલ થયેલા પર મારો અને જુઓ કે તે મારી કુદરતથી કેવો જીવંત થાય છે ! અને કઈ રીતે અસલ હકીકતથી પર્દો ઉઠાવે છે. ખાસ ગાયને ઝબહ કરવામાં એ હિકમત પણ હોઈ શકે છે કે બની ઈસ્રાઈલ મુદ્દતો સુધી મિસરમાં રહ્યા જ્યાં ગાયની પૂજા થતી હતી, તેમના ડગુમગુ યકીનવાળા મિજાઝથી કાંઈ અજુગતુ ન હતું કે તેઓ પણ ગાયને પવિત્ર સમજવા લાગ્યા હોય. એટલા માટે ગાયને ઝબહ કરવાનો હુકમ આપ્યો જેથી એ ખયાલ પણ તેમના દિલેથી નીકળી જાય.

**મસ્અલા** : વારસાની લાલચ ખૂનનો એક ઘણો મોટો સબબ છે. ઈસ્લામે આ હુકમ આપીને કે ખૂની જેનું ખૂન કર્યું તેના વારસાથી વંચિત થઈ જાય છે, ખૂન કરવા માટે એક મહાન ઉત્તેજીત કરનાર સબબને ખત્મ કરી આપ્યો.

૮૮. તેઓ આવ્યા હતા ખૂનની ભાળ મેળવવા અને હુકમ મળ્યો ગાય ઝબહ કરવાનો, કેમ કે બંને ચીજોમાં કોઈ સામ્યતા (મળતાપણુ) ન હતું એટલા માટે આવો પ્રશ્ન કરી દીધો.

૮૯. ખુદા તઆલાનો હુકમ બતાવતી વખતે મજાક કરવી એ જાહિલોની આદત છે અને નબીનો મકામ તો ખૂબ જ ઉચ્ચ છે એટલે એમનાથી આવા સમયે મજાકની કલ્પના શી રીતે થઈ શકે છે ?!

૯૦. કેમ કે તેમનો લાભ તો એમાં હતો કે ખૂનીની ભાળ ન મળે એટલા માટે આ પ્રકારની દલીલબાજીઓ કરવા તથા ચાવા ચીવી કરવા લાગ્યા.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# એટલે "કાનૂને શરીઅત"

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## ★ અંબિયાએ કિરામના મર્તબાઓ ★

હઝરત આદમ علیہ السلام સૌથી પહેલા માણસ છે એમના પહેલાં માણસોની પેદાઈશ થઈ ન હતી. સર્વ માણસો એમની જ ઔલાદ છે. એ જ માણસોમાં સૌથી પહેલા નબી છે. અલ્લાહ તઆલાએ એમને વગર માં બાપે માટીમાંથી સર્જ્યા અને પોતાના ખલીફા બનાવ્યા. દરેકે દરેક ચીજો અને તેમનાં નામનો ઈલ્મ અર્પણ કર્યો. પછી ફરિશ્તાઓને હુકમ કર્યો કે આદમને સિજદો કરો. શૈતાન સિવાય દરેકે સિજદો કર્યો. શૈતાન નકાર કરી હમેશાંને માટે મલઊન અન મરદૂદ થયો. હઝરત આદમ علیہ السلام થી લઈને આપણા નબી હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સુધી ઘણા નબીઓ આવ્યા. દા.ત. હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત ઈસા (علیہم السلام) અને એ સિવાય હજારો. આ ચારેવ નબી પણ હતા અને રસૂલ પણ. સૌથી છેલ્લા નબી અને રસૂલ તમામ મખ્લૂકથી અફઝલ અને બધાના સરદાર અલ્લાહના હબીબ આપણા આકા હઝરત અહમદ મુજતબા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم છે. આપના પછી કોઈ નબી ન થયો ન થશે. જે માણસ આપણા નબીની પછી અથવા આપના જમાનામાં બીજો કોઈને નબી માને અથવા નબુવ્વત મળવાનું જાઈઝ સમજે તો તે **કાફિર** છે★.

★ પછી ભલે તાઈદી નબી માને કે ઝીલ્લી માને. નબુવ્વત બિઝ્ઝાત માને કે બિલ્ અરઝ માને, ચાહે આ જમીનમાં કે બીજી કોઈ જમીનમાં માને, દરેક હાલતમાં કાફિર થઈ જશે. ખુલાસો એ કે આપણા નબી صلی اللہ علیہ وسلم પછી કોઈ પણ પ્રકારનો નબી થયો પણ નથી અને થશે પણ નહીં. જે આ વાતને ન માને તે મુસલમાન નથી. કેમ કે એનાથી ખાતેમુન નબીય્યીન (આપ સૌમાં આખરી નબી છો) જે કુર્આન મજીદમાં છે અને હદીષમાં છે, "લા નબીય બાઅદી" (મારા બાદ કોઈ નબી નથી) અને ઈજમાએ ઉમ્મત બધાનો ઈન્કાર થઈ જાય છે.

## દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્કાત શરહે મિશ્કાત


અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان


(કાર્યાલય)

## ★ હદીષ : ૨૭ ★

ઓબાદા ઈબ્ને સામતથી રિવાયત છે. ફર્માવે છે કે મેં હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યાં કે જે ગવાહી આપે કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક (પૂજ્ય) નથી, અને યકીનન ! મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, અલ્લાહ તઆલા તેના ઉપર આગ હરામ કરશે[૧].

હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી રિવાયત છે[૨], ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : જે એવું જાણતાં માનતાં મૃત્યુ પામ્યો કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક (પૂજનીય) નથી તે જન્નતમાં દાખલ થશે[૩]. *(મુસ્લિમ)*

હઝરત જાબિરથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું : બે ચીજો લાઝિમ કરનારી છે[૪]. કોઈકે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું લાઝિમ કરનારી છે ? ફર્માવ્યું, જે અલ્લાહનો શરીક હોવાનું માનતો મૃત્યુ પામ્યો[૫] તે આગમાં જશે[૬]. અને જે એ રીતે મૃત્યુ પામ્યો કે કોઈને અલ્લાહનો શરીક (ભાગીદાર) નથી માનતો[૭] તે જન્નતમાં જશે[૮]. *(મુસ્લિમ શરીફ)*

## ★ સમજૂતી ★

**૧.** એની શરહ (ખુલાસો) અગાઉ વર્ણન થઈ ચૂક્યો કે એનાથી મુરાદ તમામ ઈસ્લામી અકીદા કબૂલ કરી લેવું છે અને મતલબ એ છે કે જેના અકીદા દુરુસ્ત છે તે દોઝખમાં હમેશાં રહેશે નહીં. એનાથી તે શખ્સ મુરાદ છે જે ઈમાન લાવતાં જ મૃત્યુ પામે. અથવા આ હદીષ એ સમયની છે જ્યારે શરીઅતના હુકમો તદન આવ્યા ન હતા. મતલબ કે આ હદીષ અન્ય હદીષોની વિરૂધ્ધ નથી.

**૨.** આપનું નામ ઉષ્માન ઈબ્ને અફ્ફાન ઈબ્ને અબી આસ ઈબ્ને ઉમૈયા છે. કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ અને લકબ જામિઉલ કુર્આન છે. આપ ઉમવી છે, કુરૈશી છે, અબ્દેમુનાફમાં હુઝૂરની સાથે ભળી જાય છે. હઝરત અબૂબક્ર સિદ્દીકની સાથે ઈસ્લામના પ્રારંભમાં જ ઈમાન લાવ્યા. સાહિબે હિજરતૈન છે, પ્રથમ હિજરત હબ્શા તરફ અને બીજી મદીના પાક તરફ. આપનો લકબ "ઝુન્નુરૈન" છે, કેમ કે હુઝૂર ﷺ ની બે સાહબઝાદીઓ **રુકૈયા** અને **ઉમ્મે કુલ્ષૂમ** આગળ પાછળ આપના નિકાહમાં આવી. આદમની ઔલાદમાં કોઈના નિકાહમાં નબીની બે પુત્રીઓ નથી આવી. જંગે બદરમાં હુઝૂર ﷺ ના હુકમથી પણ બીબી રુકૈયાની સેવા ચાકરી માટે મદીનામાં રહ્યા (કે જેઓ બીમાર હતાં, બાદમાં ઈન્તેકાલ થયો.) છતાં આપને ગનીમતનો હિસ્સો આપવામાં આવ્યો. સુલહે હુદૈબિયામાં આપ હુઝૂર ﷺ ના મોકલવાથી મક્કા શરીફ ગયા હતા. હુઝૂરે પોતાના ડાબા હાથને ફર્માવ્યું કે આ ઉષ્માનનો હાથ છે અને ખૂદ એમના તરફથી બયઅત કરી અને લીધી. ૨૪ હીજરી મુહર્રમમાં ખિલાફતના સ્થાને બિરાજમાન થયા. ૧૨ વર્ષ ખિલાફત કરી, (લગભગ) ૯૦ વર્ષની વયે અસ્વદ અત્તજીબી (એક રિવાયતમાં હમ્માદ નામે છે, બીજી રિવાયતમાં કિનાના ઈબ્ને બશીર છે) મિસ્રીના હાથે મદીના મુનવ્વરામાં કુર્આન પઢતાં

પઢતાં શહીદ થઈ ગયા. જન્નતુલ બકીઅમાં આપની કબ્રે અન્વર મખ્લૂકની ઝિયારતગાહ બનેલી છે. ફકીરે (લેખકે) ત્યાં હાજરી આપી છે. (હાલ શૈતાન નજદી વહાબીઓએ તેમની કબર તથા રોઝાને તોડી પાડેલ છે.)

**૩.** ભલે ને આ જીભ વડે સ્વીકાર કરવાનો મોકો પણ ન મળ્યો, કેમ કે જીભથી સ્વીકાર કરવું એ તો શરીઅતના હુકમોને બહાર પાડવાની શર્ત છે.

**૪.** આપનું નામ જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. મશ્હૂર સહાબી તેમજ ઘણા જ મહાન મુહદ્દિષ છે. નબી કરીમ ﷺ ની સાથે અઢાર ગઝવાઓ (જંગો)માં શરીક રહ્યા. બદરમાં પણ સાથે હતા. છેવટે શામ (સીરિયા) તથા મિસરમાં રોકાણ કર્યું. છેવટે નાબીના થઈ ગયા હતા. ૯૪ વરસની વયે હીજરી ૭૪માં વફાત પામ્યા અને જન્નુલ બકીઅમાં મઝાર શરીફ છે. (જે વહાબી નજદી ખબીષોએ તોડી નાખ્યો છે) આપ મદીનાના છેલ્લા સહાબી છે.

**૫.** અલ્લાહ તઆલાના હુકમથી. કેમ કે અહલે સુન્નતની નજીક અમલ જાતે પોતે વાજિબ નથી કરતો, બલ્કે અલ્લાહનો ઈરાદો (હોય તો થાય છે.) એટલે કે ઈન્સાનની તે સિફતો (ખાસિયતો) અલ્લાહના ઈરાદાથી સજા અથવા જઝા વાજિબ કરે છે, એનું વર્ણન આગળ આવે છે.

**૬.** એટલે કુફ્ર કરતાં કરતાં. એનો એક પ્રકાર શિર્ક પણ છે. જુઓ નાસ્તિકો, આસ્તિક આર્યો વગેરે સૌ જહન્નમી છે, ભલે તેઓ મુશ્રિક નથી, આવી જગાએ શિર્કથી મુરાદ કુફ્ર હોય છે. એના વિરોધભાસમાં ઈમાન છે, ન કે તૌહીદ.

**૭.** હમેશાંના માટે, જેમ કે ભટ્ટીમાં કોલસો.

**૮.** એટલે મો'મિન મુસલમાન બનીને, નહીં કે કેવળ મુવહહિદ (કેવળ અલ્લાહ એક છે એવું માનનાર) બનીને. નહીં તો શૈતાન મુશ્રિક નથી મુવહહિદ છે પણ જન્નતી નથી.

**૯.** ક્યાંક પ્રથમથી જ અથવા કાંઈક સજા વેઠીને.

## પડોસીને ગુનાહોથી ન રોકવાને લીધે જહન્નમ મળી !

**અમ્ર બિલ મઅરૂફ નહીં અનીલ મુન્કર એટલે કે સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું ''વાજિબ'' છે. નબી કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે કયામતના દિવસે એક માણસ પોતાના પડોસની વિરૂધ્ધ ખુદાની બારગાહમાં દાવો કરશે કે, હે પરવરદિગાર ! આ મારો પડોશી હતો પણ એણે મારી સાથે ખયાનત કરી ! તો તે પડોશી અલ્લાહની બારગાહમાં અર્ઝ કરશે કે, મૌલા ! તારા જલાલ તથા ઈજ્જતની કસમ ! ન તો મેં તેના માલમાં ખયાનત કરી છે અને ન તો તેના ખાનદાનમાં ! તો તે (દાવો કરનાર) કહેશે કે એ તો ઠીક કે તેણે મારા માલ તથા ખાનદાનમાં ખયાનત નથી કરી, પણ એણે મને ગુનાહોમાં સપડાયેલો જોવા છતાં મને તેમાંથી બચાવવાની કોશિશ ન કરી ! તો અલ્લાહ તઆલા તેના પડોશીને આ ગુનાહોથી ન રોકવાના કાર્યના સબબે જહન્નમમાં નાખવાનો હુકમ કરશે.** *(રિસાલતુસ્સલાત)*

**પ્યારા વાંચકો ! ઉપરોક્ત હદીષની રોશનીમાં આપણે જોઈએ તો આજના માહોલમાં પાસ પડોશને ગુનાહોથી તથા બુરાઈઓથી વંચિત રાખવાની વાત તો ઘણી જ દૂર રહી ! પણ આપણે પોતાની ઔલાદને જ બુરાં કાર્યોનો હુકમ આપીએ છીએ ! ખુલ્લેઆમ શરીઅતના હુકમોની ધજ્જીઓ ઉડાડવાની છૂટ આપીએ છીએ, વળી (ગુનાહના કામમાં) તેની પ્રશંસા કરીએ છીએ !.... (અલ્લાહની પનાહ !)**

-મુહમ્મદ શાકિર પટેલ દયાદરવીના હરીફાઈ'વાળા લેખમાંથી સાભાર

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની શાન પ્રદર્શિત કરતો સંગ્રહ" એટલે

# શિફા શરીફ

شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

(વિભાગ-૨)

## હદીષોમાં રસૂલની પ્રકૃતિ

અલ્લાહ તઆલા તને ઈજ્જતવાન બનાવે, જો તું કહે છે કે હબીબે પરવરદિગાર ﷺ મતર્બા અને ઈઝ્ઝતના લેહાઝથી બંને જહાનમાં સહુથી વધુ ઈજ્જતદાર છે જેવું કે તેની દલીલો સૂર્યથી વધુ પ્રકાશિત. અને આ કાર્યનું ટૂંકુ બયાન ખૂબસૂરત અંદાઝમાં થઈ ગયું છે અને તારી ઈચ્છા હોય કે વિગતવાર બયાનથી માહિતગાર થઈને પોતાના ઈમાનની ખેતીને હરિયાળી બનાવે તદુપરાંત દીનના બાગને ખીલવી દે, તો અય સાચા તલબગાર ! અલ્લાહ તઆલા તારા અને અમારા દિલોને ઉજ્જવળ કરે અને ઈશ્કે મુસ્તફાની જેટલી દૌલત આપણને નસીબ થઈ છે તેનાથી અનેક ગણુ વધારે બક્ષે, આમીન.

જાણવુ જોઈએ કે હબીબે ખુદા ﷺ ની મહાન ખૂબીઓ એવી છે જેમાં કોશિશથી પામવાને વાસ્તવમાં દખલ નથી, પણ તે આપની પ્રકૃતિમાં કુદરતી રીતે જ મળી આવે છે. આપની મુકદ્દસ જાતમાં ખૂબીઓ અને વિશિષ્ટતાઓ, પ્રાકૃતિક તૌરથી એકઠી કરી દેવામાં આવી હતી કે કોઈ વિશિષ્ટતા, ગુણ તેના ઘેરાવા (વર્તુળ)થી બહાર રહ્યો ન હતો.

અસંખ્ય હદીષો છે જેમાં આપના સૌંદર્ય (હુસ્નો જમાલ)ની ચર્ચા છે. તેની શુદ્ધિમાં સહીહ હોવામાં કહેવાપણુ નથી, તેનાથી વધીને કેટલીક ખબરો અને નિશાનીઓ તો સહીહ હોવાની યકીની મંઝિલ અને ત્યાંથી હક્કુલ યકીનના દરજ્જા સુધી પહોંચેલી છે. આપના સૌંદર્ય અને શરીરનાં અંગોના સુડોળપણાના બયાનમાં વધારે પ્રખ્યાત સ્વસ્થ પ્રણાલિઓ મૌજૂદ છે. આવી હદીષો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તથા બીજા કેટલાયે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત કરવામાં આવી છે. જેનો સારાંશ એ છે કે આપનો રંગ ઉજળો હતો, કાળી આંખો ગહરી અને અલ્પ સુર્ખી (લાલશ) પડતી હતી. રંગ એવો સફેદ હતો કે લાલાશ પડતો હોય, આંખોના બાલ (ભ્રમર) લાંબા હતા, બંને બાજુ જુદા અને લંબાઈમાં, તેમના પર સુક્ષ્મ બાલ હતા. મુબારક નાક લાંબુ અને પ્રકાશિત હતું. સામેવાળા દાંત મુબારક એક બીજાથી જુદા હતા. ચહેરો મુબારક કંઈક માત્રામાં ગોળ, વિશાળ કપાળ, મુબારક દાઢી ભારી (ભરાવદાર) જે મુકદ્દસ છાતી ઢાંકી દેતી હતી. છાતી મુબારક પેટની બરાબર રહેતી હતી. ખૂબ જ ચમકદાર છાતી પહોળી અને જોડ હ્રષ્ટ પુષ્ટ હતા. બાવડાં, કલાઈઓ (કાંડાથી કોણી સુધીનો ભાગ) અને પિંડલીઓ ભારી, હાથપગની

આંગળીઓ મોટી અને લાંબી હતી. શરીર પર વાળ ઓછા હતા. છાતીથી ડૂંટી સુધી આછા વાળની ધાર હતી. કદ મધ્યમ હતું એટલે કે ઘણા લાંબા ન હતા અને ટૂંકા ન હતા. પરંતુ જ્યારે લાંબા કદવાળો આદમી આપના સાથે ચાલતો ત્યારે જોવા વાળાને લાગતું કે તેઓ ઊંચા કદના છે વાળ મુબારક વાંકડીયા હતા. જ્યારે મંદ મંદ હસતા ત્યારે વિજળીનો પ્રકાશ અથવા વાદળોની ચમકના જેમ ચહેરો ખીલી જતો. જ્યારે વાર્તાલાપ કરતા ત્યારે આગળના ઉપરના અને નીચેના દાંત મુબારકથી નૂરના કિરણોના ફુવારા ફૂટી નીકળતા હતા. ગરદન મુબારક ઘણી જ સુંદર હતી જે ઘણી લાંબી તેમજ ઘણી નાની પણ ન હતી. આપ વધારે પડતા જાડા પણ ન હતા. નૂરથી પ્રકાશમાન ચહેરો બિલકુલ ગોળ ન હતો. મુબારક શરીર સ્ફૂર્તીવાળુ અને ઓછા માંસવાળું હતું.

હઝરત બરાઅ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં કાનની બુટ્ટી સુધી વાળ રાખવાવાળા કોઈ પણ માનવીને લાલ લીટીવાળી ચાદરમાં રસૂલુલ્લાહ ﷺ જેવો સૌંદર્યવાન જોયો નથી.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મારી આંખોએ કોઈને તાજદારે અરબ વ અજમ ﷺ થી સુંદર જોયો નથી. જ્યારે કોઈ આપની તરફ જુએ ત્યારે તેને એવું લાગે કે સૂર્યનાં કિરણો પ્રકાશમાન ચહેરામાં તરી રહ્યાં છે, અને હસતા તો સામેની અંદરની દિવાલો પ્રકાશિત થઈ જતી હતી.

હઝરત જાબિર બિન સમૂરાહ رضی اللہ عنہ નું બયાન છે કે કોઈ આદમીએ મને પૂછયું કે રસૂલુલ્લાહ ﷺ નો ઝગમગતો ચહેરો શું તલવારના જેવો હતો ?! ત્યારે મેં નકારમાં જવાબ આપ્યો અને કહ્યું કે સૂર્ય અને ચંદ્ર જેવો નૂરાની અને ગોળાકાર પડતો હતો.

હઝરત ઉમ્મે મઅબદ رضی اللہ عنہا ફર્માવે છે કે, આપની મહાન ખૂબીઓની શું વાત છે ! આપને નજીકથી અથવા દૂરથી જોવામાં આવતા ત્યારે દરેક સ્થિતિમાં ખૂબસૂરત નજર આવતા.

ઈબ્ને અબી હાલા رضی اللہ عنہ ની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺ નો ઝગમગતો ચહેરો ચૌદમીના ચાંદની માફક ચમકતો હતો.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એક વખતે આપની પ્રશંસા કરતાં છેવટે ફર્માવ્યું કે જે કોઈ શખ્સ પહેલી વખતે આપને જોતો તો તેના પર ભય પ્રસરી જતો હતો, અને જ્યારે તે અવાર નવાર મળતો રહેતો ત્યારે આપનો આશિક થઈ જતો હતો, અને કોઈ શખ્સ આપની પ્રશંસા કર્યા વિના રહી શક્તો ન હતો અને તરત જ બોલી ઉઠતો હતો કે હબીબે પરવરદિગાર ﷺ જેવા સૌંદર્યવાન, આપના પહેલાં ન કોઈને જોયા છે અને આપના પછી પણ કોઈ નજરમાં આવ્યા નથી. (સુબ્હાનલ્લાહિ અહસનુલ્ખાલિકીન)

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની સૌંદર્યતા વિશેની પ્રશંસામાં ઘણી મશહૂર હદીષો મૌજૂદ છે. જેનું વર્ણન કરીને અમે કિતાબને વિસ્તૃત કરવા અને દળદાર કરવાનું ઈચ્છતા નથી. અમે તેમાંથી કેટલીક હદીષો, અમુક મુદ્દાઓ રજૂ કરવા પર સંતોષ માન્યો છે.

### કતઆ

ખૂદ અપને આપ કો ધોકે મેં ડાલ રખ્ખા હૈ
ઈબાદતોં કા જનાઝા નિકાલ રખ્ખા હૈ
યે જા રહા હૈ બુઝુર્ગો કે આસ્તાનોં પર !
વહાબીયોંસે ભી રિશ્તા સંભાલ રખ્ખા હૈ

છોળ દે રાહે સહાબી તો તઅજ્જુબ ક્યા હૈ
હો અકીદેમેં ખરાબી તો તઅજ્જુબ ક્યા હૈ
જો યે કેહતા હૈ હમસે તો વહાબી અચ્છે !
કલ વો હો જાએ વહાબી તો તઅજ્જુબ ક્યા હૈ

-આકિબખાન બરકાતી પેટલાદી

કાર્યાલય

# ફતવા વિભાગ

## ગવર્નમેન્ટ કે એમ. પી.ના ફંડમાંથી કે કાફિર કે વહાબી પાસેથી મસ્જિદ બાંધકામમાં રકમ લેવી કેવી છે ?!

શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે મસ્જિદના બાંધકામના માટે ગવર્નમેન્ટ ઓફ કર્નાટક અથવા કોઈ એમ.પી. અથવા કોઈપણ કાફિર, મુશ્રિક, હિંદુ પાસેથી ઈમદાદના રૂપે રૂપિયા લેવા અને એ રકમો વડે મસ્જિદ બનાવવી જાઈઝ છે કે નહીં ? જો જાઈઝ છે તો જવાબ કુર્આન હદીષની રોશનીમાં આપશો. તેમજ એ પણ સ્પષ્ટ કરશો કે વહાબી, તબ્લીગી, જમાઅતે ઈસ્લામી તથા શીઆ વગેરેની રકમ મસ્જિદ બાંધવામાં વાપરી શકીએ છે કે નહીં? બૈયનૂ તુજરૂ (**પ્રશ્નકર્તા** : અહલે સુન્નત વ જમાઅત, ઘટપ્રભા, બેલગામ–કર્ણાટક)

**જવાબ** : ગવર્નમેન્ટનો ખજાનો કોઈની અંગત મિલ્કત નથી હોતી જેથી મસ્જિદ વગેરે માટે એને લેવામાં કોઈ વાંધો નથી, શરત એ કે શરીઅતની કોઈ મસ્લેહતની વિરૂધ્ધ ન હોય. એવું જ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૪૬૦ પર છે. અને મસ્જિદના બાંધકામ માટે કોઈ ગૈર મુસ્લિમ રકમ આપે તો તેને મસ્જિદમાં લગાડી શકીએ છીએ. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ લખે છે કે, "જો ગૈર મુસ્લિમે મસ્જિદ બનાવવાની કેવળ નિય્યત સાથે મુસલમાનને રૂપિયા આપ્યા અથવા રૂપિયા આપતી વખતે સ્પષ્ટ શબ્દોમાં કહી પણ આપ્યું કે આના વડે મસ્જિદ બનાવી દો. મુસલમાનોએ એવું જ કર્યું તો મસ્જિદ જરૂર થશે અને એમાં નમાઝ પઢવી દુરુસ્ત છે.

لانه انما يكون اذنا للمسلم بشراء الا لات للمسجد بماله۔

*(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૩૯૬)*

પરંતુ જો ચંદો લેવાને કારણે એ વાતનો ખતરો હોય કે મંદિરના બાંધકામ તથા ગણપતિ તથા રામલીલા વગેરે પ્રોગ્રામોમાં મુસલમાનોએ ચંદો આપવો પડશે અથવા ગૈર મુસ્લિમની તા'ઝીમ કરવી પડશે તો આ સંજોગોમાં ગૈર મુસ્લિમ પાસેથી ચંદો લેવો જાઈઝ નથી.

અને વહાબી, તબ્લીગી, દેવબંદી, જમાઅતે ઈસ્લામી અને શીઆ વગેરે ગુમરાહ બદ્મઝહબ પાસેથી મસ્જિદના બાંધકામ માટે ચંદો લેવો જાઈઝ નથી. એટલા માટે કે જે લોકો આ ગુમરાહ ફિર્કાઓ પાસેથી રૂપિયા લેશે તેઓ તેમની સાથે સલામ કલામ કરશે, તેઓ આવશે તો તેમની તા'ઝીમ કરશે, તેમને શાદી વગેરેમાં શિર્કતની દા'વત આપશે, અને તેઓ પણ આ પ્રકારના પ્રસંગોએ સુન્નીઓને દા'વત આપશે તો એઓ પણ તેમના પ્રસંગોમાં જશે, એટલે સુધી કે તેમનાં ઘરવાળાઓની જનાઝાની નમાઝ પણ પઢશે અને તેઓ ચાહશે તો તેમને ત્યાં શાદી વિવાહ પણ કરશે અને તેઓ પોતાનો ઈમામ નિયુક્ત કરશે તો તેનાથી પણ ઈન્કાર કરશે નહીં. આ રીતે વહાબી, મસ્જિદના નામ પર સુન્નીઓને રૂપિયા આપીને પૂરા મહોલ્લા તથા ગામના સર્વ લોકોને થોડાક દિવસોમાં વહાબી ન બનાવી શકે તો કમસે કમ સુલેહકુલ્લી જરૂર બનાવી દેશે. એટલા માટે **મસ્જિદ બનાવવાના માટે તેમની પાસેથી રૂપિયા વગેરે લેવું હરગિઝ જાઈઝ નથી**. હદીષ શરીફમાં છે :– **(અર્થ)** : બદ્મઝહબથી દૂર ભાગો, તેમને તમારાથી દૂર રાખો કે ક્યાંક તે તમોને ફિત્નામાં ન નાખી દે. જો તે બીમાર પડે તો તેમની અયાદત (બીમારપુર્સી) ન કરો, જો તે મૃત્યુ પામે તો તેમના જનાઝામાં ન જાવ, તેમની સાથે મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે શાદી વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ પણ ન પઢો. આ હદીષ મુસ્લિમ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, ઉકૈલી અને ઈબ્ને હબ્બાનની રિવાયતનો સમૂહ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર*** *: મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્*** *: જલાલુદ્દીન અહમદ અમજદી*

હરમના ખાદિમો કે હરમના વેપારીઓ !

# જુલ્મથી સત્તા પામેલા સઊદી રાજાઓની રંગરેલીઓભરી દાસ્તાન !

-કાર્યાલય

ઈસ્લામના ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો હુઝૂરે અકરમ ﷺ થી લઈને ખુલફાએ રાશિદીન તેમજ અન્ય ખલીફાઓ, સુલ્તાનો જેઓ શરીઅત તથા સુન્નતના પાબંદ હતા તેમનામાં ક્યાંય તમને એવું જોવા નહીં મળે કે તેમણે ઈસાઈ અંગ્રેજ કૂતરાઓ સાથે મળી જઈને મુસલમાન સત્તા પર હુમ્લો કર્યો હોય. બલ્કે પોતાના અંગત મતભેદોમાં જંગો પણ થતી છતાં કોઈ ઈસ્લામનો દુશ્મન તેમને ભરમાવવા સાથ આપવાની ઓફર પણ કરતો તો તેને મુંહતોડ જવાબ મળી જતો. વળી ઈસ્લામી શરીઅત વિરૂધ્ધની રંગરેલીઓ તથા ફુઝૂલખર્ચીનો તો ખયાલ પણ તે પાકીઝા હસ્તીઓમાં ન હતો. બલ્કે તેઓ ખૌફે ખુદા સાથે ઈશ્કે નબીમાં રહી ઈસ્લામની તથા કૌમની સાચી ખિદમત કરનાર હતા. તેઓને ન નામનાની પડી હતી ન દૌલતની લાલચ હતી.

હાલ તો મસ્જિદે આઈશા તરફ જવાના માર્ગ પર હરમ શરીફ સામે જ સઊદી રાજાઓના મોટા મોટા ફોટાઓનું સાઈન બોર્ડ લગાડેલ છે અને સઊદીમાં દરેક દુકાનમાં એમના ફોટા રાખવામાં આવે છે, તેની આ રીતે તા'ઝીમ કરવામાં કરાવવામાં આવે છે ! નબી વલીની તા'ઝીમની વાત પણ કરો તો શિર્ક શિર્કની બુમો પાડનારા આ નજ્દીઓ બતાવશે કે આ કઈ સુન્નત અદા કરી રહ્યા છે ?!

અફસોસ ! કે આવા આ નજ્દી વહાબી રાજાઓ ઈસ્લામ તથા સુન્નતોના પાબંદ હોવાનો ડંકો વગાડી રહ્યા છે ! અને પોતાને "હરમના રક્ષક'' દર્શાવે છે, તેઓ પોતે કેટલા જુલ્મી તથા ઐયાશ તથા રંગરેલીઓમાં પડયા પાથર્યા રહેનારા છે, તેનો ઐતિહાસિક ચિતાર હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (એડિટર : કન્ઝુલ ઈમાન માસિક ઉર્દૂ-દિલ્હી)ના હવાલાથી વાંચો અને સચ્ચાઈને સમજીને નજ્દીઓના ચાહકો અને પ્રશંસકોને પણ બતાવો !

*-તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

## ✪ નજ્દી સઊદી સત્તા પર કઈ રીતે આવ્યા ? ✪

અબ્દુલઅઝીઝ ઈબ્ને અબ્દુર્રહ્માન આલે સઊદે હરમૈન શરીફૈન (મક્કા શરીફ મદીના શરીફ), જિદ્દા તથા તાઈફ પર બ્રિટિશ સામ્રાજ્યના પીઠબળ હેઠળ ઈ.સ. ૧૯૨૪–૧૯૨૫માં બળપૂર્વક કબજો કર્યો. આ જંગલિયતભર્યા હુમ્લાઓ તથા તારાજીઓની ખૂની દાસ્તાન ઈતિહાસનાં પૃષ્ઠો પર મેહફૂઝ છે. તુર્કીઓની (સુન્ની ઉષ્માની હુકૂમતની) પાંચસો વર્ષની શાનો શૌકતને તોડવાના માટે તે સમયના સુપર પાવર બ્રિટન તથા તેના જાસૂસ હમ્ફે તથા કર્નલ લોરેન્સની આયોજનપૂર્વકની શરારતો અને આલે સઊદ અને તેના સાથી કબીલાઓના ફેવરના કરારનો ખેલ લાંબા અરસાથી ચાલતો હતો. અને હિજાઝ મુકદ્દસ પર ઈ.સ. ૧૯૨૫માં આલે સઊદના સંપૂર્ણ કબજા તથા સત્તા સ્થાપ્ના સુધી

બ્રિટન ઈબ્ને સઊદને સાઈઠ હજાર પાઉન્ડ માસિક સહાય તથા દરેક પ્રકારની લશ્કરી સહાય રજૂ કરતુ રહ્યું.

### ✪ ઈબ્ને સઊદનો જૂઠો વાયદો ! ✪

ઈસ્લામી જગતના સખત દબાણથી મજબૂર થઈને ઈબ્ને સઊદે (અબ્દુલ અઝીઝ ઈબ્ને અબ્દુર્રહમાન આલે સઊદે) તે સમયે લેખિત વાયદો કર્યો હતો કે થોડાક દિવસો પછી હિજાઝની ભૂમિને હિજાઝવાસીઓના હવાલે કરી દેવામાં આવશે, કેમ કે હિજાઝ એ હિજાઝવાસીઓનું છે અને ધામિર્ક દષ્ટિએ હિજાઝ મુકદ્દસ આખા ઈસ્લામી જગતનું છે, એટલા માટે એની ધાર્મિક બાબતો તથા મામલાઓની નિગરાનીના માટે અરબ તથા અજમ (અરબ સિવાય)ના પ્રતિનિધિ આલિમો તથા શયખોની બનેલી એક આંતરરાષ્ટ્રિય સલાહકાર સમિતિ રચવામાં આવશે. પરંતુ આજ સુધી આ જાહેર કરેલા વાયદાઓનું પાલન ન થઈ શક્યું ! અને ન તો તેનાં દૂર દૂર સુધી ચિન્હો જણાય છે !

ઉપરોક્ત હકીકતોની ઐતિહાસિક વિગતો ''સિયાસત'' દૈનિક પત્ર લાહોર, દૈનિક ''ઝમીનદાર'' લાહોર વગેરેની પૂરાણી ફાઈલોમાં પણ જોઈ શકાય છે. રઈસ અહમદ જાફરી નદવીની સંપાદિત કરેલી કિતાબ ''નિગારિશાતે મુહમ્મદ અલી જૌહર'' અને ખિલાફત કમિટીના રિપોર્ટમાં પણ ઘણી વિગતો મૌજૂદ છે. તારીખે નજદો હિજાઝ (સંપાદક : મુફતી અબ્દુલ કૈયૂમ કાદરી હઝારવી) પણ એક મહત્વનો દસ્તાવેજ છે.

### ✪ સઊદી નજદીઓના જુલ્મની દાસ્તાન ✪

હરમૈન શરીફૈન (મક્કા શરીફ—મદીના શરીફ) પર પોતાની સત્તા કબ્જે કર્યા પછી લગભગ દસ વરસ પછી ઈબ્ને સઊદે નજદ તથા હિજાઝના ઈલાકા પર પોતાની ખાનદાની હુકૂમતનું નામ ''અલ મમલિકતુલ અરબિય્યહ અસ્સઊદિયહ્'' રાખ્યું. ખિલાફતે રાશિદા તેમજ બની ઉમૈયાના સત્તાકાળ તથા બની અબ્બાસ તથા ઉષ્માનિયા હુકૂમત તુર્કીયાથી લઈને આલે સઊદના સત્તા પર કબજા સુધી કોઈપણ દૌરમાં હિજાઝ મુકદ્દસને કોઈ ખાનદાની નિસ્બતથી ઓળખવામાં આવેલ નથી. પણ આલે સઊદે તલ્વારના જોરે ખાનદાની નામ રાખ્યું અને લગભગ દોઢ હજાર સદીમાં આલે સઊદ આ બિદઅતને સૌથી પહેલાં ઉભી કરનારા છે.

આલે સઊદ નજદવાસી છે એટલા માટે હિજાઝ એટલે હરમૈન શરીફૈનવાસીઓ ત્યારથી આજ સુધી નજદીઓથી સખત નફરત ધરાવતા આવ્યા છે. પવિત્ર સ્થાનો તથા બરકતવંત તબુર્રકોને નાબૂદ કરવાની અને નજદિયતને હિજાઝ પર લાગુ કરવાની સતત કોશિશ હિજાઝવાસીઓની દષ્ટિએ સખત નાપસંદીદા છે. આલે સઊદની ખાનદાની હુકૂમત અને તેના જુલ્મી બંધારણને હિજાઝવાસીઓ દિલથી સખત નાપસંદ કરે છે પણ તેના સામે કાર્યવાહી કરવાથી ડરે છે.

આલે સઊદ ધાર્મિક રીતે શૈખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદીના અનુયાયી છે, અને નજદી ખયાલો તથા માન્યતાઓની તબ્લીગ તથા પ્રચારમાં સલ્તનત તથા હુકૂમત અને માલ તથા રિયાલ થકી સંપૂર્ણપણે વ્યસ્ત રહે છે. શૈખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી (મૃત્યુ : ઈ.સ. ૧૭૯૨) અને અમીરે દરઈય્યહ મુહમ્મદ ઈબ્ને સઊદે (મૃત્યુ : ઈ.સ. ૧૭૬૫)ની વચ્ચે વહાબિયતની તબ્લીગ તથા ઉત્તેજન માટે કાયદેસરનો કરાર થયો હતો.

### ✪ દેવબંદીઓના શૈખુલ હિંદની ગવાહી ! ✪

જમીઅતે ઉલમાએ હિંદના પ્રમુખ અને તેના

અમીરુલ હિંદ મૌલાના અસ્અદ મદનીના પિતા મૌલાના હુસૈન અહમદ ટાંડવી માજી શૈખુલ હદીષ દા.ઉ. દેવબંદ તથા જમીઅતુલ ઉલમાએ હિંદના પ્રમુખની ઐન ગવાહી અને આ લેખિત નિવેદન બોધ ગ્રહણ કરતી દષ્ટિ અને આશ્ચર્યની આંખે વાંચવા લાયક છે :–

''ભાઈઓ ! મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી તેરમી સદી હિજરીના પ્રારંભમાં અરબના નજદથી જાહેર થયો. અને તે બાતિલ ખયાલો તથા ફાસિદ (ખરાબ) અકીદા ધરાવતો હતો એટલા માટે તેણે અહલે સુન્નત વ જમાઅત સાથે જંગ કર્યો, તેમને બળપૂર્વક પોતાના ખયાલોની તકલીફ આપતો રહ્યો, તેમને કત્લ કરવાને સવાબ તથા રહમતનો સબબ ગણતો રહ્યો, હરમૈનવાસીઓને વિશેષતઃ અને સામાન્ય રીતે હિજાઝવાસીઓને તેણે સખત તકલીફો પહોંચાડી, પૂર્વજ બુઝુર્ગોની શાનમાં અતિશય ગુસ્તાખીપૂર્ણ અને બેઅદબીભર્યા શબ્દો ઉચ્ચાર્યા, ઘણા લોકોએ તેની સખત તકલીફોના કારણે મદીના મુનવ્વરા તથા મક્કા મોઅઝ્ઝમા છોડવું પડયું અને હજારો માણસો તેના તથા તેના લશ્કરના હાથે શહીદ થઈ ગયા. સારાંશ કે તે એક જાલિમ તથા બાગી, ખૂંખાર અને ફાસિક શખ્સ હતો.

એ જ કારણે વિશેષતઃ અરબવાસીઓને તેનાથી તથા તેની પયરવીથી દિલી નફરત હતી અને છે, અને એટલા પ્રમાણમાં નફરત છે કે જેટલા પ્રમાણમાં ન યહૂદી કૌમથી છે ન ઈસાઈ ન મજૂસી (અગ્નિપૂજકો)થી ન હિંદુઓથી. સારાંશ કે ઉપયુક્ત કારણોને કારણે તેઓને તેમના (વહાબીઓના) સરદાર સાથે ઉચ્ચ કક્ષાની અદાવત છે. અને બેશક ! તેણે એવી એવી તકલીફો આપી છે જેથી જરૂર (અદાવત) હોવી જ જોઈએ. તે લોકો યહૂદી તથા નસારા (ઈસાઈઓ) સાથે નફરત તથા અદાવત નથી રાખતા જેટલી વહાબીઓની સાથે રાખે છે. *(પેજ–૪૨, શહાબુષ્ષાકિબ, પ્રેસ : દેવબંદ, સંપાદક : મૌલાના હુસૈન અહમદ શૈખુલ હદીષ દારુલ ઉલૂમ–દેવબંદ)*

## ✪ ચોર ડાકૂઓથી પણ બુરા કોણ ?! ✪

મૌલાના મુહમ્મદ અલી જૌહરે હિજાઝ મુકદ્દસની પરિસ્થિતિને ત્યાં જઈને સ્વઆંખે જોયા પછી શાહજહાંની જામા મસ્જિદ દિલ્હીમાં તકરીર કરતાં કહ્યું હતું :–

''હું ખુદાના ઘરમાં બેઠો છું અને તેને હાઝિર તથા નાઝિર જાણીને કહું છું. મને ઈબ્ને સઊદ સાથે અંગત દુશ્મની નથી, ન મારો વિરોધ અંગત સ્વાર્થ પર આધારિત છે. જે કાંઈ મેં જોયું તે જ કહીશ અને સાફ સાફ કહીશ, ભલે તેનાથી કોઈ જમાઅત ખુશ થાય કે નાખુશ.

સુલ્તાન ઈબ્ને સઊદ તથા સઊદી હુકૂમતના કાર્યકર્તાઓ વારંવાર કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલ (હદીષ)ની રટ લગાડતા હતા, પરંતુ મેં તો એ જોયું કે **તેમણે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહને દુનિયા કમાવાનો ઝરીયો બનાવી રાખ્યો છે. જે લોકો લૂટ કરે છે, ચોરી કરે છે તેઓ બુરું કરે છે. પરંતુ જે લોકો કુર્આન તથા હદીષને આડ બનાવીને સત્તા પ્રાપ્ત કરે છે તેઓ ચોરો તથા ડાકૂઓથી પણ બુરુ કરે છે.''** *(મકાલાતે મુહમ્મદ અલી, ભાગ–૧, પેજ–૯૫, ૯૬)*

## ✪ નજ્દી વહાબીનો ગુમરાહ અકીદો ✪

દિલ્હીના મશ્હૂર મુજદ્દિદી આલિમ શાહ અબ્દુલ હસન ઝૈદ ફારૂકી (વફાત : ઈ.સ. ૧૯૯૩) દરગાહ શાહ અબુલ ખૈર, ચતલી કબ્ર, દિલ્હી–૬

લખે છે :–

''આ નાચીઝ સફર મહીનો હિ.સ. ૧૪૧૦, સપ્ટે. ઈ.સ. ૧૯૮૯માં લોઈટા બલુચિસ્તાન મારા ભાઈઓને મળવા પાકિસ્તાન ગયો ત્યાં બિરાદરે તરીકત મુજાહિદ ફકીહ મોલ્વી અબ્દુલવાહિદ, તે મૌલાના સુલ્તાન મુહમ્મદના પુત્ર નિયાઝી અફઘાની સાથે મુલાકાત થઈ. ''જબહા નજાતે મિલ્લી''માં સર્વિસ પર છે. આ ઓફીસ સઊદી ગવર્નમેન્ટે મુજાહિદોની સહાયના માટે ખોલી છે. તે ઓફીસના મોટા ઓફીસરનું નામ અબૂ જન્દલ હતું, તે રઈસ શઊન ઈસ્લામિયાના હોદ્દા પર બિરાજમાન હતા. તે અફઘાન મુજાહિદોને શસ્ત્રો વગેરે પૂરાં પાડતા હતા.

નિયાઝી મોલ્વી સાહબે નાચીઝને કહ્યું :–

''એક દિવસે અબૂ જન્દલ નજદીએ મને પૂછયું, તમે કયા સિલસિલા (તરીકા)થી સંબંધિત છો ? મેં કહ્યું કે, નક્શબંદી સિલસિલાથી સંબંધિત છું. અબૂ જંદલે કહ્યું, અઝકાર (ઝિક્ર)માં આ સિલસિલો અન્ય સિલસિલાઓ કરતાં બેહતર છે.

પછી તેમણે કહ્યું, અફઘાનિસ્તાનના વતનીઓ શિર્કમાં ખૂબ સંડોવાયેલા છે. જુઓ ! અમારો અકીદો આ મુજબ છે. :–

૧. અમારો ઈમામ મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ છે.

૨. વસીલો શિર્ક છે.

૩. તકલીદ બિદઅત છે.

૪. મઝારો પર જવું શિર્ક છે.

આમ કહીને અબૂ જંદલે મોલ્વી નિયાઝીને એક ગૃપ્ત પત્ર આપ્યો જે બિન બાઝે અફઘાનિસ્તાનના મુજાહિદોના નામે લખ્યો હતો. અને અબૂ જંદલે નિયાઝીથી તેમનો અકીદો પૂછયો. મોલ્વી નિયાઝીએ કહ્યું, અમારો અકીદો આ પ્રમાણે છે :–

## ✪ મૌલ્વી નિયાઝીનો વહાબીને સચોટ જવાબ ! ✪

૧. મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી અમારો તેમજ અલ્લાહનો દુશ્મન છે.

૨. અમે તવસ્સુલ (વસીલા)ને ક્યાંક ફર્ઝ, ક્યાંક વાજિબ અને ક્યાંક મુસ્તહબ સમજીએ છીએ.

૩. તકલીદને અમે ક્યાંક વાજિબ અને ક્યાંક મુસ્તહબ સમજીએ છીએ.

૪. મઝારો પર જવું અમો મુસલમાનોની નિશાની છે, શરૂથી અત્યાર સુધી એના પર અમલ છે.

અને મોલ્વી નિયાઝીએ બિન બાઝના નામે નીચે મુજબના લખાણવાળો પત્ર અરબીમાં લખીને અબૂ જંદલને આપ્યો :–

''તમે અફઘાનિસ્તાનના મુજાહિદોને લખ્યું છે કે ફુરૂઈ (પાયાના નહીં એવા શાખાકિય) તથા મઝહબી ઈખ્તેલાફ ન છેડો, જ્યારે કે મતભેદ તો તમે ઉભો કરો છો ! અમારો હનફી મઝહબ સેંકડો વરસોથી આ વિસ્તારમાં પ્રચલિત તથા રિવાજ પામેલ છે. હવે તમે વહાબિયતની વાતો લખીને, છાપીને મુજાહિદોમાં વહેંચાવો છો, તમે જ મુસલમાનોમાં ઈખ્તેલાફ ઉભો કરી રહ્યા છો.'' *(સવાનેહે બેબહાએ ઈમામે આઝમ, શાહ અબુલ ખૈર એકેડમી, ચતલી કબર, દિલ્હી, પેજ–૩૨૩, ઈ.સ. ૧૯૯૬)*

## ✪ સઊદી સુન્નતોના પાબંદ કે ઐયાશ શૈતાનો ! ✪

આલે સઊદ નજદ તથા હિજાઝની સત્તા તથા સલ્તનત, દૌલત તથા સંપત્તિ પર કોઈની ભાગીદારી વિના કબજાધારી છે, અને જે રીતે ચાહે છે તેમાં પોતાની સત્તા વાપરે છે. કોઈ નાગરિકને ચાહે તે નજદી હોય કે હિજાઝી દમ મારવાની મજાલ નથી. કોઈની હિંમત નથી થતી કે તે આલે સઊદના

કોઈ કદમ કે તેની કોઈ પોલીસી પર મૌખિક કે લેખિત મંતવ્ય રજૂ કરી શકે. બળ તથા સખ્તીની સાંકળમાં આખો દેશ બુરી રીતે જકડાયેલો છે. દૌલતની રેલમછેલે આલે સઊદને એટલા આઝાદ, ભટકેલા અને શાહી ખર્ચ કરનારા બનાવી દીધા છે કે યૂરોપ તથા અમેરિકાના અબજોપતિ પણ એમની સામે તુચ્છ છે.

સઊદી શાહઝાદાઓ અને શાહ સઊદ ઈબ્ને અબ્દુલ અઝીઝ ઈબ્ને અબ્દુર્રહમાન આલે સઊદના બારામાં કોહિસ્તાન દૈનિક પત્ર લાહોર લખે છે :–

''દુનિયાની સૌથી અધિક બિનલોકશાહી જાગીરદારી ધરાવતી સત્તાનો આ તાજદાર શાહ સઊદ પશ્ચિમની સૌથી મહાન લોકશાહી અમેરિકાનો આશ્ચર્ય પમાડે તેવો દોસ્ત છે ! શાહ સઊદ કોઈ કાઉન્સિલ કે પાર્લામેન્ટ સમક્ષ જવાબ આપવા બંધાયેલો નથી અને સઊદી અરબના કોઈ વતનીને વોટ આપવાનો અધિકાર હાંસલ નથી.'' *(દૈનિક પત્ર કોહિસ્તાન–લાહોર, ૧–૨–૧૯૫૬)*

શાહી ખાનદાનને તેલના ભંડારોથી કરોડો ડોલરની વાર્ષિક આવક થાય છે જેના પર શાહી ખાનદાનના શાહઝાદાઓની પકડ છે. એક એક શાહઝાદાની પાસે કાંઈ કેટલાયે અતિ સજાવટવાળા મહેલો તથા કારો છે. પરદેશની બેંકોમાં લાખો ડોલરના ખાતાંઓ ખોલેલાં છે. *(દૈનિક પત્ર કોહિસ્તાન–લાહોર, ૯–ઓકટો. ૧૯૫૬)*

ગયા મહીને લેબનાનમાં એ ખુશનુમા વાતાવરણવાળી પહાડી સ્થળે હરવા ફરવાના માટે સઊદી અરબથી બત્રીસ (૩૨) શાહઝાદા આવ્યા જેમની ઉંમરો ૪ થી ૧૬ વરસો સુધીની હતી. તે બત્રીસ શાહદાઓની દેખભાળના માટે બત્રીસ ખાદિમો પણ તેમની સાથે હતા. અને તેમની પાસે અર્વાચીન મોડેલોની ૨૫ કારો હતી. હોટલવાળાઓને સૂચના આપવામાં આવી હતી કે શાહઝાદાઓના રહેવા તથા ખાવામાં શાહી ઠાઠમાઠની સાબિતી આપવામાં આવે. *(દૈનિક પત્ર કોહિસ્તાન–લાહોર, ૨૫–૮–૫૭)*

શાહ સઊદ જ્યારે વોશિંગ્ટન પહોંચ્યા હતા તો પ્રમુખ આઈઝન હાર્વેએ તેમનું સ્વાગત કરતાં તેમને **“ઈસ્લામના મુકદ્દસ (પવિત્ર) સ્થાનોના રક્ષક’’**ની હેસિયતથી અમેરિકી પ્રજા સમક્ષ રજૂ કર્યા હતા. હવે અમેરિકી પ્રજા ખરેખર કહેતી હશે કે મુસલમાનોની મોજ મજાની કહાનીઓ ઈતિહાસમાં જે વર્ણન કરવામાં આવે છે તે સાચી છે ! કેમ કે **વીસમી સદીનો એક “મુસલમાન” હાકિમ (સત્તાધારી) હજી પણ એટલો બધો ફુઝૂલ ખર્ચી કરનારો ઉડાઉ છે કે તે દર વર્ષે એક નવો મહેલ બનાવડાવે છે અને દર વર્ષે લાખો ડોલર કારો પાછળ ખર્ચે છે ! કહેવામાં આવે છે કે શાહના મહેલોની સંખ્યા ૪૨ સુધી પહોંચી ગઈ છે.** મોંઘી મહામૂલી ભેટો આપવામાં તે પાછલા બાદશાહોથી પણ આગળ નીકળી ગયા છે.

અમેરિકાના મશહૂર મેગેઝીન ''ટાઈમ''એ અમેરિકી પ્રજાને જે રીતે પહેચાન કરાવી છે તેમાં શાહ સઊદના વ્યક્તિત્વની સાથોસાથ ઈસ્લામ અને કુર્આનને પણ ઘાયલ કરવામાં આવેલ છે. *(કોહિસ્તાન, ૭–ફેબ્રુ.–૫૭)*

''શાહ સઊદ જે દરિયાઈ સ્ટિમરથી અમેરિકા પહોંચ્યા તેમાંથી ઉતરતી વખતે તેમણે સ્ટિમરના કાર્યકરોને ૨૦ હજાર ડોલરની બખ્શિશ આપી. ગૃપની દરેક વ્યક્તિને બસોથી ચારસો ડોલર સુધીની બખ્શિશ મળી. આ રોકડ રકમ ઉપરાંત શાહે તેમને સોનાની ઘડિયાળો પણ આપી. સ્ટિમરના કપ્તાનને એક અતિ મૂલ્યવાન ઘડિયાળ મળ્યું.

આ ખબર શાહ સઊદના શાહી ખર્ચનું એક અદના દષ્ટાંત છે, જે શાહી અદાઓ તે અમેરિકામાં

દેખાડશે તેનું વર્ણન બાદમાં આવશે. વળી શાહી ખાનદાનની અન્ય વ્યક્તિઓ જે કાંઈ કરે છે તે કેવળ અલિફ લૈલવી દાસ્તાનની વાતો છે." *(કોહિસ્તાન, ૫–ફેબ્રુ. ૧૯૫૬)*

"નવાએ વક્ત" દૈનિક લાહોરે શાહ સઊદની એક "અમેરિકી પત્ની"ની કેટલીક હાલતો પ્રસિદ્ધ કરી છે. અમુક વાતો તે અમેરિકી પત્નીની ઝબાની સાંભળી લો :–

## ✪ શાહ સઊદની ઐયાશીની કહાની અમેરિકી બીવીની ઝબાની ✪

"હું મહેલમાં ઈરાની કાલિન (કાર્પેટ) પર ચાલતાં ચાલતાં એક વિશાળ કમરામાં પહોંચી જે કોઈ મોટી હોટલના હોલ રૂમથી ઓછો ન હતો. તે કમરામાં એક જાડો કાર્પેટ પાથરેલો હતો જે જમીનની સપાટીથી કેટલાયે ઈંચ ઊંચો હતો. મને જણાવવામાં આવ્યું કે આ હરમ (રાણીઓને રહેવાની જગા)નો દરબાર હોલ છે અને શાહ દરરોજ સાંજે અહીં પોતાની પત્નીઓ સાથે ખુશી મજાની વાતોમાં સમય પસાર કરે છે. આ હોલમાં નક્શો નિગાર (નક્શીકામ)વાળી પાંચી સીટવાળી સોનેરી ખુરશીઓ હારબંધ બિછાવેલી હતી. નજીકમાં એક નક્શીકામવાળો સોનેરી આર્ટવાળો સોફો રાખવામાં આવેલો હતો.

શાહની બેગમો ઊંચા ગળાના ઉચ્ચ ડિઝાઈનવાળા કુર્તા પહેરેલી હતી જેનું કપડુ ખૂબ જ નક્શીકામવાળુ હતું. લિબાસ ઝવેરાતો પુષ્કળ લાગેલાં હતાં. તેની સાથે તેણીઓએ સામાન્ય પ્રકારના ધારીવાળા મોજા પણ પહેરી રાખ્યા હતા. આ બેગમો (રાણીઓ) સોનાના ઘરેણાઓ તથા ઝવેરાતથી એટલા પ્રમાણમાં લદાએલી હતી કે ખરેખર તેણીઓ તેનો ખાસ ભાર અનુભવતી હશે ! ગળુ, કાન, ગરદન, હાથનું કાંડુ અને કમર સૌ સોના તથા અતિમૂલ્યવાન ઝવેરાતનાં અલંકારોના બોજ હેઠળ દબાયેલ હતાં. એક એક આંગળીમાં તેણીઓએ કાંઈ કેટલીયે વિંટીઓ પહેરેલી હતી ! તેણીઓ મેકઅપ, કાજલ, લાલી વગેરેથી પૂરાણા સમયની હોલીવુડની ફિલ્મોની હીરોઈનો લાગતી હતી ! તેમનાં અત્તરો એટલાં તીવ્ર હતાં કે તેમની ખુશ્બુ શરૂમાં મારા માટે અસહ્ય હતી.

શાહ સઊદની ચાર પત્નીઓ છે, એ ચાર પત્નીઓ ઉપરાંત અન્ય આગલી પત્નીઓ તથા લોંડીઓ છે. મને જાણવા મળ્યું કે શાહ સઊદની સત્તર (૧૭) કાયેદસરની આગલી પત્નીઓ છે અને હરમમાં તેમના માટે અલગ જગા ફાળવેલી છે. અમુક વેળા શાહ પોતાના માનીતા શયખોને સન્માનવા માટે પોતાની કોઈ આગલી પત્નીને તેના નિકાહમાં આપી દે છે.

હરમમાં લોંડીઓ પણ છે અને લોંડીઓના માટે પણ અલગ અલગ બંગલાઓ મૌજૂદ છે. હાલમાં જ હરમમાં દાખલ થનારી ઔરતોની સંખ્યા દસથી સાઈઠ સુધીની દર્શાવવામાં આવે છે. શાહના પચીસ પુત્રો છે, પુત્રીઓની સંખ્યા માલૂમ નથી. દરેક પુત્રના માટે અલગ મોટર અને ડ્રાયવર મૌજૂદ છે.

શાહે પોતાના કમરામાં અર્વાચીન ઢબની વીજળીની ઘંટડીઓ લગાડેલી છે, પણ શાહની આંખોની દૃષ્ટિ કમજોર હોવાથી તે ખોટુ બટન દબાવતા હતા જેથી તે જે પત્નીને બોલાવવા ચાહતા તેની જગાએ બીજી આવી જતી ! *(નવાએ વક્ત દૈનિક પત્ર–લાહોર, ૮, ૯ ડિસેમ્બર, ૧૯૫૭)*

## ✪ આ કઈ સુન્નતો અદા થઈ રહી છે ?! ✪

ખૈર ! આ તો પૂરાની વાતો થઈ. અલૈફ લૈલવી શાહખર્ચીનો એક તાજો નમૂનો જુઓ ! ત્યારબાદ **આલે સઊદ તથા શાહ ફહદની મોજ**

**મજામય જિંદગી તથા કિતાબ તથા સુન્નતના નામ પર હુકૂમત કરાવાવાળાઓના ખોખલા દાવાઓ પર માથુ પછાડો અને તેમના પ્રતિ ધિક્કારના પથ્થર ઉછાળતા રહો.** સાથોસાથ શક્ય બને તો તેમના દિલ તથા હાલતોની સુધારણાની દુઆ પણ કરતા જાવ :

મેડ્રડ, ૧૦ ઓગસ્ટ (ડી. પી. એ.) : યૂરોપના માલદાર લોકો પણ મારબેલા પહાડની તરફ લોભામણી નિગાહોથી જુએ છે જ્યાં સ્પેનના ખાસમાં ખાસ અને અતિ શ્રીમંત સહેલાણીઓ રોકાતા હોય છે.

સઊદી અરબના ખાદિમુલ હરમૈન (!) શાહ ફહદે ગોસ્ટાડેલ સોલમાં ૨૫ લાખ ચોરસ મીટર વિસ્તારમાં વિસ્તરેલી પોતાની જાગીર પર એક આલીશાન મહેલ બંધાવ્યો છે કે તેનું કોઈ દષ્ટાંત નથી મળતું. ૭૮ વરસના શહેનશાહનો મરમરનો મહેલ જાણે સંગે મરમર અને સોનામાં સમાવેલો એક ખ્વાબ છે, તેનો બહારનો પ્લાન વ્હાઈટ હાઉસ જેવો છે.

આ વિશાળ વિસ્તારની અંદર અધિક બે મહેલોના ઉપરાંત એક મસ્જિદ, એક દવાખાનુ, સ્ટાફનાં મકાનો, સ્વિમિંગ પુલ, હેલીકોપ્ટર પેડ મૌજૂદ છે. શહેનશાહના મહેમાનોમાં સ્પેનના યુવાન કાર્લોસ તથા વિવિધ દેશોના લીડરો સામેલ થાય છે.

નોકરી ઈચ્છુક ઘણા લોકો એ જાગીરની બહાર હારબંધ ઉભા રહે છે. ડ્રાયવરો, માળીઓ, બિલ્ડરો, વીજળીના મેકેનિકો તથા રસોઈયાઓને મોટા પગારો મળ્યા કરે છે. ખબરોના પ્રમાણે સઊદીઓએ ૬૦૦થી વધારે નોકરો રાખેલા છે.

શાહ ફહદની હાજરીથી મારબેલાની રોજગારી ચમકી ઉઠી છે, કેમ ન હોય ! કે તે વિ□ના અતિ શ્રીમંત લોકોમાંથી એક છે. ફારબસ મેગેઝીનના પ્રમાણે તે ૨૮ અબજ ડોલરના માલિક છે.

સઊદીઓએ લગભગ દર કલાકે ૭૦ ડોલરના હિસાબથી ૮૦ લકઝરી લોમૂસીન કારો ભાડે રાખી છે અને એક રાતના એક હજાર ડોલરના હિસાબથી ૪૦૦ માણસોના કાફલા માટે બેહતરીન હોટલોમાં ૨૦૦ રૂમો બુક કરાવ્યા છે.

સ્પેનના વર્તમાન પત્રોના આધારે બાદશાહનો સ્ટાફ દરરોજ લગભગ ૨૦,૦૦૦ ડોલર ખર્ચ કરે છે. મહેલમાં દરરોજ ગુલદસ્તા અને ગુલાબ પહોંચાડનારા એક સ્થાનિક ફૂલ વેચનારાનું કહેવું છે કે સઊદી કેવળ શ્રેષ્ઠ ચીજો માંગે છે. શાહી કર્મચારીઓની વચ્ચે અસરકારક સંપર્કના માટે ૨૦૦ મોબાઈલ ફોન ખરીદવામાં આવ્યા છે.

પરંતુ મારબેલાએ આ દિવસના માટે લાંબી રાહ જોવી પડી છે. શાહ ફહદ આ અગાઉ બાર વરસો પહેલાં રજાની મજા માણવા અહીં આવ્યા હતા. દર વર્ષે તેમના સ્વાગતના માટે સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવતી રહી પરંતુ શાહ ફહદે ગયા વરસ સુધી આ તરફ ધ્યાન ન ધર્યું. હવે મારબેલામાં દરેક એવી દુઆ કરી રહેલ છે કે આ રઈસ મહેમાન પોતાનું રોકાણ વધારી દે અને અધિકથી અધિક પેટ્રો ડોલર ખર્ચ કરે. કેટલાક સમાચારોમાં એવી ધારણા કરવામાં આવી રહી છે કે ખરાબ તબીઅતના કારણે શાહ ફહદ અહીં લાંબો સમય રોકાણ કરી શકે છે. તેમનો કાફલો આઠ વિમાનોમાં ભરાઈને આવ્યો હતો જેમાં એક જમ્બો જેટ પણ સામેલ હતું. તેમનો સર સામાન ૨૦૦ ટન વજનનો છે. ૨૫ બખ્તરબંધ લેમૂસેન કારો આવી છે, અને ડોકટરી સર સામાનથી લદાયેલી બે ટ્રકો પણ તેમાં સામેલ છે.

"સર" નામના વર્તમાન પત્રએ આ વિગતો વર્ણન કરતાં ધારણા દર્શાવી છે કે, એનાથી એ અનુમાન થાય છે કે શાહ ફહદનું રોકાણ લાંબુ હશે.

*(બહવાલા દૈનિક પત્ર ઈન્કિલાબ–મુંબઈ તથા દૈનિક ઉર્દૂ ટાઈમ્સ–મુંબઈ, ૧૧–ઓગસ્ટ, ૧૯૯૯) –કન્ઝુલ ઈમાન ઉર્દૂ (માસિક) દિલ્હી, ૧–ઓકટો.–૧૯૯૯માંથી સાભાર.*

# કાદયાનીને ઓળખો

✪ સંપાદક ✪

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## કાદયાનીનું એક ખતરનાક લખાણ

લખે છે કે, "આ જમાનો જે અંતિમ જમાનો છે તેમાં ખુદા તઆલાએ એક વ્યક્તિને હઝરત આદમના કદમ પર પેદા કર્યા જે આજ લખનાર છે અને એનું નામ પણ આદમ રાખ્યું....... ખુદાએ ખૂદ રૂહાની બાપ બનીને આ આદમને પેદા કર્યો અને જાહેરી પેદાઈશની રૂએ એ જ પ્રમાણે નર તથા માદા પેદા કર્યાં જેવી રીતે કે પ્રથમ આદમ પેદા કર્યો હતો. એટલે કે તેણે મને પણ જે આખરી આદમ છું જોડમાં પેદા કર્યો." *(તિર્યાકુલ કુલૂબ, પેજ–૧૫૬, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ છે મિર્ઝા કાદયાનીનો પાયાનો અકીદો કે હઝરત આદમ عليه الصلوة والسلام ને ખુદાએ ચાર તત્વો (માટી, આગ, પાણી, હવા) વડે પેદા કર્યા પણ મિર્ઝા કાદયાનીને **રૂહાની બાપ** બનીને ખૂદ પેદા કર્યો ! અને જેવી રીતે હઝરત આદમ તથા હવ્વાને જોડુ પેદા કર્યા એ જ પ્રમાણે મને અને મારી બહેન જિન્નતને જોડુ બનાવીને પેદા કર્યાં પરંતુ એ જુદી વાત છે કે મારા જોડ થકી મારો વંશવેલો ન ચાલ્યો, કેમ કે નાની વયે તે મૃત્યુ પામી. સારાંશ કે મિર્ઝા કાદયાનીએ પોતાના આ લખાણમાં એવું સાબિત કરવાની કોશિશ કરી કે હું આદમ સમાન, આદમનો સાચો અને આદમ અવતાર છું. (અલ્લાહની પનાહ !)

## હઝરત નૂહ عليه الصلوة والسلام ની શાનમાં ગુસ્તાખી

મુસલમાનો હઝરત નૂહ عليه الصلوة والسلام ને એટલા માટે આદમે ષાની (બીજા) કહે છે કે નૂહના તોફાન વખતે હઝરત નૂહ عليه الصلوة والسلام ના ત્રણ પુત્રો, અન્ય અમુક આજ્ઞાંકિતોના સિવાય આદમની સર્વ ઔલાદ ડૂબી ચૂકી હતી. પૃથ્વીના પટ પર આદમ વંશનું અસ્તિત્વ તથા આબાદી હઝરત નૂહ عليه الصلوة والسلام ને આભારી છે, જેથી હઝરત નૂહ عليه الصلوة والسلام આદમે ષાની છે. પરંતુ કાદયાનીઓની દ્રષ્ટિએ મિર્ઝા ગુલામ કાદયાની ખલ્કત, ફિતરત તથા શાન તથા મહાનતાના એતબારે આદમે ષાની છે, જે શરીઅતની રૂએ તેમ જ બુદ્ધિની રૂએ તદ્દન બાતિલ (ખોટુ) છે.

મિર્ઝા કાદયાની એક જગાએ લખે છે કે :–

"...ખુદા તઆલા મારા માટે એટલી અધિક્તાપૂર્વક નિશાનીઓ દેખાડી રહ્યો છે કે જો નૂહના જમાનામાં તે નિશાનીઓ દેખાડવામાં આવત તો તે લોકો ગર્ક ન થાત." *(તતિમ્મએ હકીકતુલ વહી, પેજ–૧૩૭, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ નાપાક લખાણમાં મિર્ઝા કાદયાનીએ હઝરત નૂહ عليه الصلوة والسلام ના મો'જિઝાઓની તૌહીન અને પોતાના શૈતાની ઈલ્હામો તથા નિશાનીઓ (મો'જિઝાઓ)ની અધિક્તાને એ રીતે વર્ણવી જાણે નૂહ عليه الصلوة والسلام ના મો'જિઝાના કારણે જ કાફિર તથા મુશ્રિકો ગુમરાહ થયા અને પોતાની ગુમરાહીના કારણે ડૂબી ગયા.

## કાદયાની સ્વમૂખે કઝ્ઝાબ ઠર્યો !

આ કાદયાની કઝ્ઝાબ જૂઠા નબીએ પોતાના ત્રણ લાખ મો'જિઝાઓનો દા'વો કર્યો છે ! જે સર્વ

ધોકો તથા જૂઠ બયાની છે. દા. ત. ઈ. સ. ૧૯૦૮ થી પહેલાં તેણે એક પેશનગોઈ (આગાહી) કરી કે અમારું બુરુ તાકનાર ફલાણો મોલ્વી હૈઝા (એક ભયાનક બીમારી)ના અઝાબમાં સપડાઈને આટલા દિવસોમાં જહન્નમમાં સિધાવી જશે. અને જો ત હૈઝામાં સપડાઈને ન મરે તો મને કઝ્ઝાબ (જૂઠો) જાણજો. પણ તેની આ પેશનગોઈ ઉલ્ટી પડી ! કે ઈ.સ. ૧૯૦૮ માં હૈઝામાં ખૂદ સપડાઈ ગયો અને બંને કાણાઓએથી ગંદા પાણીની નીક ચાલુ થઈ ગઈ જેના પરિણામે તેના દુશ્મનને બદલે તે પોતે જ જહન્નમમાં સિધાવી ગયો અને પોતે જ સાબિત કરી આપ્યું કે તે પોતાની જીભ વડે પણ સાચે જ કઝ્ઝાબ (જૂઠો) હતો.

કાદયાની ખલીફાએ ષાની મિર્ઝા મહમૂદનું નૂહ عليه الصلوٰة والسلام ની ગુસ્તાખી કરતું કુફ્રી બયાન :–

''હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા ગુલામ કાદયાની લઅ્નતુલ્લાહિ અલૈહ)નું નામ અલ્લાહ તઆલાએ નૂહ રાખ્યું છે. વળી આપની સાથે એવો સૂલૂક (વર્તાવ) થશે જે પહેલા નૂહથી વધીને હોય. જેમ કે અલ્લાહ તઆલાએ એક તરફ જ્યારે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)નું નામ નૂહ રાખ્યું તો બીજી તરફ આપના પુત્રને હિદાયતથી વંચિત કરી દીધો જેથી બતાવે કે આ નૂહ عليه الصلوٰة والسلام ની સાથેની સાથે મળતાપણાના કારણે છે. પણ પછી આ પુત્રને હિદાયત નસીબ કરી જેથી જાહરે કરી આપે કે **પ્રથમ નૂહ આવ્યો અને તેનો પુત્ર હિદાયતથી વંચિત રહ્યો,** પણ આ બીજો નૂહ આવ્યો તો તેનો પુત્ર જો કે અરસા સુધી હિદાયતથી વંચિત રહ્યો પણ છેવટે ખુદાએ તેને હિદાયતમાં દાખલ કરીને જાહેર કરી આપ્યું કે પ્રથમ નૂહની સાથે જે અલ્લાહનો સુલૂક હતો તેનાથી વધીને તેનો સુલૂક આ બીજા નૂહ સાથે છે.'' *(અલ્ ફઝ્લ, જિલ્દ–૧૯, અંક–૫, ૧૧–જૂલાઈ, ઈ.સ. ૧૯૩૧)*

કાદયાનીની ઔલાદે અલ્લાહ પર એ આક્ષેપ લગાડયો કે કાદયાની દજ્જાલનું નામ અલ્લાહ તઆલાએ જ નૂહ રાખ્યું અને કાદયાનીના પુત્રને ગુમરાહ કરીને બંનેમાં સમાનતા પેદા કરી, પછી તે પુત્રને હિદાયત આપીને મિર્ઝા કાદયાનીને હઝરત નૂહ عليه الصلوٰة والسلام થી ચઢિયાતો કર્યો અને નૂહ عليه الصلوٰة والسلام ને તેની સરખામણીમાં ઘટાડી દીધા !

## હઝરત યૂસુફ عليه الصلوٰة والسلام ની શાનમાં ગુસ્તાખી

ઈમામુલ મુરસલીન, ખાતમુન્નબિય્યીન હુઝૂર પુરનૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم એ યૂસુફ عليه الصلوٰة والسلام ને પોતાના ભાઈ કહ્યા છે તેમની ઉચ્ચ શાનમાં ગુસ્તાખી તથા બદ્તમીઝી કરતાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાની પોતાની કુખ્યાત કિતાબ ''બરાહીને અહમદિયા''માં લખે છે :–

''આ ઉમ્મતનો યૂસુફ એટલે આ આજિઝ (મિર્ઝા કાદયાની) ઈસ્રાઈલી યૂસુફથી વધીને છે. કેમ કે આ આજિઝ કૈદની દુઆ કરીને પણ કૈદથી બચાવવામાં આવ્યો પણ યૂસુફ ઈબ્ને યા'કૂબને કૈદમાં નાખવામાં આવ્યો. અને આ ઉમ્મતના યૂસુફ (કાદયાની)ના છૂટકારા માટે પચીસ વરસ પહેલાં જ ખુદાએ પોતે ગવાહી આપી અને નિશાન દેખાડયાં પણ યૂસુફ ઈબ્ને યા'કૂબ પોતાના છૂટકારા માટે ઈન્સાની ગવાહીનો પણ મોહતાજ રહ્યો.'' *(બરાહીને અહમદિયા, ભાગ–૫, પેજ–૭૬)*

**જુઓ ! કોઈ પણ નબીની જરા સરખી તૌહીન પણ કુફ્ર છે** જ્યારે આ ગુસ્તાખ કાદયાની નબુવ્વતનો દા'વો કરે તો છે સાથે સાથે જલીલુલ કદર નબી હઝરત યૂસુફ عليه الصلوٰة والسلام ની કેવી કેવી તૌહીન કરી રહ્યો છે ?! (અલ્લાહની પનાહ !)

## તમામ નબીઓની શાનમાં બેઅદબી

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની જૂઠો લખે છે :

**(ફારસીનો અનુવાદ)** : "અંબિયા عَلَيْهِمُ السَّلَام દુનિયામાં ઘણા આવ્યા પણ હું મઅરેફતમાં કોઈ નબી કરતાં કમ નથી. દરેક નબીને જે વિશિષ્ટતાઓ અલગ અલગ મળી તે તમામે તમામ વિશિષ્ટતાઓ એક સાથે મને મળી, એટલા માટે હું યકીનન ! તે નબીઓમાંથી કોઈનાથી કમ નથી. અને જે આ વાતને ખોટી સમજે તે મરદૂદ છે." *(દુર્રે ષમીન, પેજ–૨૮૭, ૨૮૮, લેખક : મિર્ઝા કાદયાની)*

આ છે મિર્ઝા કાદયાનીનો તે અકીદો તથા ઈમાન જે તેણે પોતાની ઉમ્મતને આપ્યો છે. અને તેની ઉમ્મતના સરદારોએ અકીદાનો ખૂબ ખૂબ પ્રચાર કર્યો છે. જેમ કે મિર્ઝા કાદયાનીનો પુત્ર મિર્ઝા અહમદ કાદયાની કહે છે :–

"એ વાત જાહેર છે કે પહેલાનાં જમાનાઓમાં જે નબી થતા હતા તેઓના માટે એ જરૂરી ન હતું કે તેમનામાં તે તમામ કમાલો (ખૂબીઓ) રાખવામાં આવે જે નબી કરીમ صلى الله تعالى عليه وسلم માં રાખવામાં આવ્યા. બલ્કે દરેક નબીને પોતાની લાયકાત તથા કામના હિસાબે કમાલો આપવામાં આવ્યા હતા, કોઈને અધિક તો કોઈને થોડા. **પણ મસીહ મૌઊદ (કાદયાની)ને તો ત્યારે નબુવ્વત મળી જ્યારે તેણે નબુવ્વતે મુહમ્મદિયાના સર્વ કમાલો હાંસલ કરી લીધા** અને એ લાયક બની ગયો કે **ઝિલ્લી** નબી કહેવાય. વળી ઝિલ્લી નબુવ્વતે મસીહ મૌઊદ (કાદયાની)ના પગલાં પાછળ નથી હટાવ્યાં બલ્કે આગળ વધાર્યાં અને એટલા અંશે આગળ વધાર્યાં કે નબી કરીમના લગોલગ લાવીને ખડો કરી આપ્યો.....છેવટ સુધી." *(કલિમતુલ્ ફઝ્લ)*

વળી એ જ સાહબઝાદો મિર્ઝા બશીર અહમદ એ જ કિતાબમાં આગળ લખે છે :–

"મસીહ મૌઊદ (કાદયાની)ની **ઝિલ્લી** નબુવ્વત કોઈ ઘટીયા (ઉતરતી કક્ષાની) નબુવ્વત નથી બલ્કે ખુદાની કસમ ! આ નબુવ્વતે જેવી રીતે આકાના દરજાને બુલંદ કર્યો તેવી રીતે **ગુલામને પણ એ કક્ષાએ લાવીને ખડો કરી આપ્યો કે જ્યાં સુધી બની ઈસ્રાઈલના નબીઓની પહોંચ નથી.** મુબારક તે જે આ પોઈન્ટને સમજે અને તબાહીના ખાડામાં પડવાથી પોતે પોતાને બચાવે." *(કલિમતુલ ફઝ્લ, લેખક : બશીર અહમદ કાદયાની)*

જુઓ છો ને ! બાપ બેટાનો કમાલ ! (અલ્લાહની પનાહ !) હજી પણ જોતા ચાલો ! કાદયાની કઝ્ઝાબ કહે છે કે :–

"વિવિધ કમાલો જે અન્ય તમામ નબીઓમાં જોવા મળતા હતા તે તમામે તમામ હઝરત રસૂલે કરીમમાં સૌથી વિશેષ મૌજૂદ હતા. અને હવે તે સર્વ કમાલો હઝરત રસૂલે કરીમથી **ઝિલ્લી** તૌર પર મને (કાદયાનીને) અતા કરવામાં આવ્યા અને એટલા માટે મારું નામ આદમ, ઈબ્રાહીમ, મૂસા, નૂહ, દાઊદ, યૂસુફ, સુલૈમાન, યહ્યા, ઈસા છે." *(મલ્ફૂઝાતે અહમદિયા, ભાગ–૪, પેજ–૧૪૨, સંપાદક : મંઝૂર ઈલાહી કાદયાની)*

મિર્ઝા કાદયાની કઝ્ઝાબે પોતાની નબુવ્વતનું એલાન એકાએક નથી કર્યું બલ્કે ખૂબ જ ચાલાકીપૂર્વક ધોકાથી નબુવ્વતની મંઝિલ સુધી પહોંચ્યો અને પછી ખુદા અને ખુદાની ઉલૂહિયતનો દા'વો કરી નાખ્યો. જેમ કે તેની કિતાબોના અભ્યાસથી જાણવા મળે છે. દા.ત. તેના ક્રમવાર ઉડયનને જુઓ કે તેણે પ્રથમ મુહદ્દિષ હોવાનો દા'વો કર્યો પછી મુજદ્દિદ, પછી ઈમામુઝ્ઝમાં, પછી મિષ્લે મસીહ, પછી મસીહ મૌઊદ, પછી મેહદી, પછી મુલ્હિમ (ઈલ્હામ પામનાર) પછી હામિલે વહી (વહી પામનાર), પછી ખાતમુલ ઔલિયા, પછી ખાતમુલ ખુલફા, પછી યસૂઅનો એલચી,

પછી મસીહ ઈબ્ને મરયમ, પછી મિષ્લે અંબિયા, પછી **ઝિલ્લે** મુહમ્મદ વ અહમદ, પછી ખાતમુલ અંબિયા, પછી નુત્ફએ ખુદા, પછી મઝહરે ખુદા, પછી ખુદાનો પુત્ર, પછી ખુદાનો બાપ અને એના પછી નજાણે શું શું ?!

## મિષ્લ, ઝિલ્લ તથા બરૂઝ વગેરેનાં ભાવાર્થ

**"ઝિલ્લી"**નો અર્થ છે સાયો અથવા છાંયડો જેમાં અસલની શક્લ સાફ નજર નથી આવતી બલ્કે અસ્પષ્ટ (ઝાંખી) હોય છે. અને જો ધુંધરાપણુ દૂર થઈ જાય અને તેના ગુણો અથવા કોઈ એક ગુણ તેમાં અંક્તિ થઈ જાય તો તેને **"મિષ્લ"** કહે છે પછી સાયો પોતાની અસલની પૂરી તસ્વીર બની જાય અને તેની ખૂબીઓ **"ઝિલ્લ"**માં આવી જાય અથવા બીજા શબ્દોમાં કે એક શરીરની રૂહ તબદીલ થઈને બીજા શરીરમાં આવી તો તે જ **બરૂઝ** કહેવાય છે જેને હિંદીમાં **પુનર્જન્મ** તથા અરબીમાં **તનાસુખ** કહે છે. આ સ્પષ્ટતા એટલા માટે કરી છે કે કાદયાની ધર્મની બોલીમાં આ શબ્દોનો પ્રયોગ ખૂબ જોવા મળે છે જેથી તેના પ્રપંચને સમજવામાં સરળતા રહે.

કાદયાનીની તા'લીમ હેઠળ ઉછરેલો એક કાદયાની મોલ્વી મુહમ્મદ અહસન અમરોહી મિર્ઝા કાદયાની વિશે આ પ્રમાણે ગપ્પાં હાંકે જાય છે :–

"પહેલાંના ઉલૂલ અઝ્મ અંબિયામાં પણ આ અઝમત તથા શાનવાળો કોઈ નથી થયો. હદીષમાં તો એ છે કે, "જો મૂસા તથા ઈસા હયાત હોત તો આં હઝરત ﷺ ની ઈત્તેબાઈ (અનુસરણ) વગર તેમને કોઈ ચારો ન હતો." પણ હું કહું છું કે મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની)ના સમયમાં પણ મૂસા તથા ઈસા હોત તો મસીહ મૌઊદ (કાદયાની)નું જરૂર અનુસરણ કરવું પડત." *(અલ્ ફઝ્લ, કાદયાન, ૧૮–૩–૧૯૧૬, જિલ્દ–૩, અંક–૯૭)*

ઉપરોક્ત લખાણમાં મિર્ઝા કાદયાનીએ તમામ ઉલૂલ અઝ્મ અંબિયાની શાનમાં બેઅદબી કરી છે. હવે આ કઝ્ઝાબે ઈસા علیہ السلام તથા હઝરત મરયમની શાનમાં શું બકવાસ કરી છે તેને પણ જાણી લો :–

## હઝરત ઈસા તથા હઝરત મરયમની શાનમાં ગુસ્તાખી

**(૧)** ખુદાએ આ ઉમ્મતમાંથી મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) મોકલ્યો છે જે એ પહેલા મસીહ (ઈસા) કરતાં પોતાની તમામ શાનમાં વિશેષ છે. મને કસમ છે તે જાતની જેના હાથમાં મારી જાન છે કે જો મસીહ ઈબ્ને મરયમ મારા જમાનામાં હોત તો તે કામ જે હું કરી શકુ છું તે કદી પણ ન કરી શકત અને તે મો'જિઝા જે મારાથી જાહેર થઈ રહ્યા છે તે કદાપિ ન દેખાડી શક્ત." *(હકીકતુલ વહી, પેજ–૧૪૮, લેખક : મિર્ઝા કાદયાની)*

**(૨)** "વરસાદના દિવસોમાં હજારો કીડા મકોડા આપોઆપ પેદા થઈ જાય છે, અને હઝરત આદમ પણ વગર મા બાપે પેદા થયા. તો પછી હઝરત ઈસાની આ પેદાઈશથી કોઈ બુઝુર્ગી એમની સાબિત નથી થતી, બલ્કે વિના બાપે પેદા થવું અમુક ખૂબીઓથી મેહરૂમ હોવા વિશે દલીલ પૂરી પાડે છે." *(ચશ્માએ મસીહી, પેજ–૧૮, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

**(૩)** "હઝરત મસીહ ઈબ્ને મરયમ (ઈસા) પોતાના બાપ યૂસુફની સાથે બાવીસ (૨૨) વર્ષો સુધી સુથારી કામ પણ કરતા રહ્યા છે. *(ઈઝાલાએ અવહામ, પેજ–૩૦૩, લેખક : મિર્ઝા કાદયાની)*

**(૪)** "પ્રારંભ પણ તેમનો (ઈસાનો) લઅ્નતથી છે અને અંત પણ લઅ્નતથી. જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો એનો મિસ્દાક (જેના પર લાગુ થાય તે) કોઈ પણ જોવા નથી મળતો.

યહૂદી લોકો તો ખૈર લઅ્નત કરતા જ હતા પરંતુ ખૂદ તેમના (ઈસાના) હવારી પણ લઅ્નત કરવાથી ન રોકાઈ શક્યા. હવારીઓ (સાથીઓ)માં એક જણે ત્રણ વાર એમના પર લઅ્નત કરી." *(મલ્ફૂઝાતે અહમદિયા, ભાગ-૭, પેજ-૪૬૧, સંપાદક : મંઝૂર ઈલાહી કાદયાની લાહોરી)*

**(૫)** "ઈસાઈઓએ આપના (હઝરત ઈસાના) ઘણા મો'જિઝાઓ લખ્યા છે પણ હક્ક વાત એ છે કે આપના થકી કોઈ મો'જિઝો થયો નથી, જે દિવસથી આપે મો'જિઝો માંગનારાઓને ગંદી ગાળો આપી અને તેમને હરામકાર અને હરામની ઔલાદ ઠરાવ્યા તે દિવસથી શરીફો આપનાથી દૂર થઈ ગયા." *(ઝમીમા અંજામે આથમ, પેજ-૬, લેખક : મિર્ઝા કાદયાની)*

**(૬)** "હા ! આપ (હઝરત ઈસા علیہ السلام)ને ગાળો આપવાની અને બદ્ઝબાનીની પુષ્કળ પ્રમાણમાં આદત હતી. મામૂલી મામૂલી વાતમાં ગુસ્સો આવી જતો હતો. પોતાના નફ્સને જઝબાતથી રોકી શક્તા ન હતા. પણ મારી (કાદયાનીની) દ્રષ્ટિએ આપની હરક્તો અફસોસ કરવાને પાત્ર નથી કેમ કે આપ તો ગાળો આપતા હતા અને યહૂદી હાથ વડે કસર પૂરી કરી લીધા કરતા હતા. એ વાત પણ યાદ રાખશો કે આપને અમુક અંશે જૂઠ બોલવાની પણ આદત હતી." *(હવાલો ઉપર મુજબ, પેજ-૫)*

**(૭)** "આપનું ખાનદાન પણ અતિશય પવિત્ર તથા પાક છે ! (કટાક્ષ) ત્રણ દાદીઓ તથા તથા નાનીઓ આપની ઝિનાકાર તથા કેટલીયે સ્ત્રીઓ હતી જેમના લોહી થકી આપનું વજૂદ અસ્તિત્વમાં આવ્યું. આપનું નાચનારીઓ પ્રતિ આકર્ષણ તથા સોહબત કદાચ એ કારણે હોય કે દાદા તરફની નિસ્બત દરમ્યાનમાં છે, નહીં તો કોઈ પરહેઝગાર માણસ એક યુવાન નાચનારીને એ મોકો નથી આપી શક્તો કે તેણી તેના માથા પર પોતાનો નાપાક હાથ લગાડી દે અને ઝિનાકારીની કમાણીનું નાપાક અત્તર તેના માથા પર લગાડે અને પોતાના વાળોને તેના પગો પર ઘસે. સમજનારાઓ સમજી લે કે આવો માણસ કયા ચલનનો માણસ હોઈ શકે છે." *(હવાલો : ઉપર મુજબ, પેજ-૭)*

**(૮)** "ઈબ્ને મરયમના ઝિક્રને છોડો ! એનાથી બેહતર ગુલામ અહમદ છે." *(ઈઝાલતુલ્ અવહામ, પેજ-૬૯)*

**(૯)** "પછી ખુદાએ આપનું નામ ઈસા રાખ્યું છે જેથી પ્રથમ ઈસા (علیہ السلام)ને યહૂદીઓએ સૂળીએ લટકાવી દીધા હતા પણ આપ (મિર્ઝા કાદયાની) આ જમાનાના યહૂદી ખાસિયતવાળા લોકોને સૂળીએ લટકાવશે." *(તકદીરે ઈલાહી, પેજ-૨૯, મિર્ઝા મહમૂદ અહમદ ખલીફાએ કાદયાની)*

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની અને કાદયાની ધર્મના લીડરોનાં ઈમાનસોઝ નાપાક લખાણોમાંથી અમુક જ નમૂના આપે ઉપર જોયા એના પરથી કાદયાની ધર્મના ઈમાન તથા અકીદાનો આપ અંદાઝો લગાડી લો કે હઝરત ઈસા علیہ السلام વિશે કેટલા નીચ ગંદા ગંદા અકીદા તેઓ ધરાવે છે. જો ઉપરોક્ત લખાણોની સ્પષ્ટતા વર્ણન કરવામાં આવે તો એમાં હજારો કુફ્રી વાતો ચમકતા સૂરજની જેમ ઉઘાડી સામે આવી જાય છે. અને એ જ કુફ્રી વાતોને કાદયાનીઓએ ગળે લગાડી રાખી છે.

## ખાતમુન્નબિય્યીન બેમિષ્લ નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ની શાનમાં ગુસ્તાખી

ઘણા જ અફસોસ સાથે કહેવું પડે છે કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ ગુલામ અહમદ નામ રાખવા છતાં ડંકાની ચોટ પર નબી આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સમાનતા તથા

બરાબરીનો દા'વો કર્યો અને પોતાને ન કેવળ તેમના મિષ્લ (જેવો) તથા નઝીર (સમાન) લખ્યો બલ્કે અયન મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) હોવાનો બાતિલ (જૂઠો) દા'વો પણ કર્યો અને કાદયાની ધર્મવાળાઓએ તેને સમર્થન કરી તેને પોતાનું ઈમાન તથા અકીદો ઠરાવ્યો. પોતાની ડઝનબંધી કિતાબોમાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ એ બાબતનો દા'વો કર્યો છે કે :–

''હું ઈસ્લામના પયગંબર ખાતમુન્નબિય્યીન મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો (બરૂઝી) **અવતાર** તથા **સાયો** (ઝિલ્લ) છું અને સાયો પોતાની અસલથી અલગ કોઈ ચીજ નથી એટલા માટે **હું પણ જાણે મુહમ્મદ જ છું** અને જે ફઝાઈલ તથા ખૂબીઓ, કમાલો તેમના છે તે મારા પણ છે. તો જે શખ્સ પણ મારામાં અને મુહમ્મદમાં ફરક કરે છે તે મારી દ્રષ્ટિએ મુસલમાન જ નથી.''

એક જગાએ તેનો સાહબઝાદો બશીર અહમદ કાદયાની લખે છે :–

''શું એ વાતમાં કોઈ શંકા રહી જાય છે કે કાદયાનમાં અલ્લાહ તઆલાએ ફરી મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને ઉતાર્યા જેથી પોતાના વાયદાને પૂરો કરે.'' *(કલિમતુલ ફઝ્લ, લેખક : બશીર અહમદ કાદયાની, પેજ–૧૦૫)*

એનાથી જાણવા મળે છે કે પુનર્જન્મનો અકીદો કાદયાની ધર્મમાં સામાન્ય રીતે માનવામાં આવે છે, જેનો વારંવાર તેમની કિતાબોમાં ઉલ્લેખ જોવા મળે છે.

શાને રિસાલતમાં ગુસ્તાખી કરતાં કાદયાની ધર્મનો કાઝી ઝહૂરુદ્દીન અકમલ પુનર્જન્મ (જન્મ જન્મના ફેરા)ને ન કેવળ સમર્થન જ કરે છે બલ્કે પોતાના નબી કાદયાનીને હુઝૂરની શાન તથા અઝમતની સરખામણીમાં વધારી દે છે જેને કાદયાની અખ્બારો તથા કિતાબોમાં છપાવામાં આવે છે :–

મુહમ્મદ ફિર ઉતર આયે હૈ હમમેં
ઔર આગેસે બઢકર હૈ અપની શાનમેં
મુહમ્મદ દેખને હોં જિસ્ને "અકમલ"
ગુલામ અહમદકો દેખે કાદયાનમેં

એટલે કે, ''મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) ફરી આપણામાં ઉતરી આવ્યા અને અગાઉ કરતાં પણ શાનમાં વધારે છે ! મુહમ્મદ જેણે જોવા હોય તે કાદયાનમાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીને જુએ.'' એટલે કાદયાની પોતે જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં શાનમાં વધીને આવેલ છે. ખાતિમુલ અંબિયા علیہ الصلوٰۃ والتسلیم ની ખાત્મિયતનો ઈન્કાર મિર્ઝા કાદયાનીએ આ રીતે કર્યો છે :–

''ખાતમુન્નબિય્યીન આવનારા નબીઓ માટે રોક નથી, મહાન નબીઓ હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ના ગુલામોમાં પેદા થશે.'' *(અલ્ ફઝ્લ ખાતમુન્નબિય્યીન નંબર, પેજ–૧૫, ઈ.સ. ૧૨–૬–૧૯૨૮)*

કાદયાનીના ખલીફા મિર્ઝા મહમૂદ પોતાના ખત્મે નબુવ્વતના અકીદાનું એલાન આ શબ્દોમાં કરે છે !

''તેમણે (અહલે સુન્નત વ જમાઅતે) એવું સમજી લીધું છે કે ખુદાના ખજાનાઓ ખત્મ થઈ ગયા. તેમનું એવું સમજવું ખુદા તઆલાની કદરને જ ન સમજવાના કારણે છે, નહીં તો એક નબી શું હું તો કહું છું કે હજારો નબી થશે.'' *(અન્વારુલ્ ખિલાફત, પેજ–૬૨)*

## હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમરની શાનમાં ગુસ્તાખી

નબીઓ બાદ સર્વ ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ મર્તબો ધરાવનાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. જેમની શાનમાં બેઅદબી કરતાં ગુલામ અહમદ કાદયાની લખે છે :–

''હું તે જ મેહદી છું જેના વિશે ઈબ્ને સીરીંને

પૂછવામાં આવ્યું કે શું તે હઝરત અબૂબક્રના દરજજા પર હશે ? તેમણે જવાબ આપ્યો કે અબૂબક્ર તો શું તે અમુક અંબિયાથી બેહતર છે !" *(તબ્લીગી રિસાલત, ભાગ–૯, પેજ–૩૦)*

કાદયાની હકીમુલ ઉમ્મત મિયાં મહમૂદ હુસૈન એક જગાએ લખે છે :–

".........**અબૂબક્ર** તથા **ઉમર** શું હતા ? તે તો હઝરત અહમદ (કાદયાની)ના જોડા (બુટ)ની દોરી ખોલવાને લાયક ન હતા." *(અલ્ મહદી, પેજ–૫૭, હકીમ મુહમ્મદ હુસૈન કાદયાની)*

શું આનું નામ જ કાદયાની પંથમાં ઈમાન તથા ઈસ્લામ છે કે કાદયાની કઝ્ઝાબ સિવાય સર્વની તૌહીન જ કરવી !

કયાં સુધી વર્ણન કરવામાં આવે ?! આ મિર્ઝા કાદયાની તથા તેના ચેલા સર્વે બદ્બખ્તોએ વીણી વીણીને નબીઓ, રસૂલોની, સૈયદુલ અંબિયાની તેમ જ સહાબાની સખ્તથી સખ્ત તૌહીનો કરી છે જેને વર્ણન કરતાં દિલ ધ્રુજી ઉઠે છે. કુત્બુલ અક્તાબ, શયખુલ ઉલમા હઝરત સૈયેદેના મહર અલી શાહ સાહબ ગોલળવી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સૈયેદેના અહમદ સરહિંદી, હુઝૂર ગૌષે પાક શયખ અબ્દુલ કાદિર જીલાની, હઝરત ઈમામ હુસૈન, હઝરત અબૂબક્ર, હઝરત અલી كرم الله وجهه الكريم, હઝરત ફાતેમા ઝોહરા, પાક પંજતન, તમામ સહાબીઓ رضوان الله تعالىٰ عليهم اجمعين તથા **તમામ મુસલમાન ઉમ્મતની કલ્પના બહારની તૌહીન કરી છે અને જૂઠાએ સદંતર જૂઠાણા લખીને હવાઈ કિલ્લા બાંધી પોતાના વખાણો લખ્યાં છે.**

## કાદયાનીને ન માનનારને તેણે હલકી ગાળો ભાંડી !

આ કઝ્ઝાબ જૂઠા નબી હોવાના દાવેદાર મિર્ઝા કાદયાનીની હલકી ભડવા જેવી બિભત્સ ભાષા સાંભળવા ચાહતા હોઉ તો આ નમૂનો જાઈ લો ! :–

"રંડીઓના બાળકો જેમનાં દિલો પર અલ્લાહે મોહર લગાડી દીધી છે તેમના સિવાય સર્વ લોકો મારી નબુવ્વત પર ઈમાન લાવી ચૂક્યા છે." *(આઈનાએ કમાલાતે અહમદિયા, પેજ–૫૪૭)*

"અમારા દુશ્મન (તેને ન માનનારા) જંગલોના સુવ્વર બની ગયા અને તેમની સ્ત્રીઓ કૂતરીઓ કરતાંય વધી ગઈ." *(નજમુલ્ હુદા, પેજ–૧૦)*

"તે લોકોએ ચોરો, ડાકૂઓ અને હરામીઓની જેમ પોતાની સહાયક ગવર્નમેન્ટ (અંગ્રેજો) પર હુમ્લો શરૂ કરી આપ્યો." *(એક ગલતીકા ઈઝાલા, પેજ–૭૨૪, લેખક : મિર્ઝા કાદયાની)*

સાચી વાત છે કે જૂઠા નબીની ભાષા આવી જ હોય છે ! અને જાલિમ અંગ્રેજો વિરૂધ્ધ ચળવળ ચલાવનાર મુસલમાન મુજાહિદોને ચોર, ડાકૂ અને હરામી કહ્યા જે તેના પર એહસાન કરનારી તેને પોષનારી ગવર્નમેન્ટ હતી.

અને જે તેની જમાઅત (કાદયાની)માં દાખલ થયો તેના વિશે કેટલી ભ્રામક વાત કહે છે કે, "જે વ્યક્તિ મારી જમાઅત (કાદયાની)માં દાખલ થયો તે હકીકતમાં સરદાર ખૈરુલ મુરસલીનના **સહાબી**ઓમાં દાખલ થયો." *(ખુત્બાએ ઈલ્હામિયા, પેજ–૨૫૮, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

કાદયાની કઝ્ઝાબનું એક ઔર જૂઠાણુ જુઓ અને તેના પર લઅ્નત મોકલો :–

"સૌથી મહન ફઝ્લ અને ઈનામ એ છે કે ખુદા તઆલા કોઈની સાથે કલામ (વાત) કરે પરંતુ એનાથી બીજા ક્રમે એ છે કે ખુદા તઆલા સાથે કલામ કરનાર માણસ સાથે સંબંધ હોય. કેમ કે નબીઓને ખુદા તઆલા સાથે વાસ્તા વિના (ડાયરેક્ટ) સંબંધ હોય છે. **પરંતુ હું તો જોઉં છું કે અમારી (કાદયાની) જમાઅતના**

**અમુક માણસોની સાથે ખુદા તઆલા ડાયરેક્ટ કલામ (વાત) કરે છે.** *(ખુત્બાએ જુમ્આ, મિર્ઝા મહમૂદ ખલીફાએ કાદયાન, અલફઝ્લ, જિલ્દ–૩, અંક–૧૧, જૂલાઈ, ઈ.સ. ૧૯૧૫)*

આ લખાણને ઈમાનની નજરે ઠંડા કલેજે વાંચો અને સોચો કે કેવાં કેવાં જૂઠાણા કાદયાની ધર્મમાં હાંકવામાં આવે છે.

## કુર્આને પાકની તૌહીન

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની કઝ્ઝાબનો ગુમરાહ ખલીફા મિર્ઝા મહમૂદ પોતાના જુમ્આના પ્રવચનમાં એલાન કરે છે :–

''એ જ કારણે હવે કોઈ કુર્આન નથી સિવાય એ કુર્આનના કે જે હઝરત મસીહ મવઊદ (કાદયાની)એ રજુ કર્યું અને કોઈ હદીષ નથી સિવાય તે હદીષના જે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ની રોશનીમાં જોવામાં મળે. એ જ રીતે રસૂલે કરીમ ﷺ નું વજૂદ એ જ ઝરીયાથી નજર આવશે કે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ની રોશનીમાં જોવામાં આવે. જો કોઈ ચાહે કે આપથી (કાદયાનીથી) અલગ થઈને જોઈ શકે તો તેને કાંઈ જોવામાં આવશે નહીં. એ જ રીતે (કાદયાનીથી હટીને) જો કોઈ કુર્આનને પણ જોશે તો તેના માટે હિદાયત આપનારું કુર્આન હશે નહીં પણ ગુમરાહ કરનારું કુર્આન હશે......(છેવટ સુધી). *(અલ્ ફઝ્લ, કાદયાન, જિલ્દ–૧૨, અંક–૪)*

આ મિર્ઝાઈ કાદયાનીની ખિલાફતની અસર છે કે તેની રોશનીમાં ''બરાહીને અહમદિયા''ના સિવાય કોઈ કુર્આન નથી અને ''મલ્ફૂઝાતે અહમદિયા'' સિવાય કોઈ હદીષ નથી. આમાં કુર્આને પાકની તથા હદીષની સરાસર તૌહીન છે.

## મુબારક–હદીષોની તૌહીન

કઝ્ઝાબ કાદયાનીનો ખલીફા મરદૂદ આપણા નબી કરીમ મુહમ્મદ મુસ્તફા ﷺ ના હદીષોના વિશે કેટલી ઉધ્ધતાઈપૂર્વક લખે છે કે :–

''જો હદીષોને પોતાની રીતે પઢશો તો તે મદારીના પટારાથી વિશેષ હૈસિયત ધરાવશે નહીં. હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) કહ્યા કરતા હતા કે હદીષોની કિતાબોનું દ્રષ્ટાંત તો મદારીના પટારા જેવું છે જેવી રીતે મદારી જે ચાહે છે તેમાંથી કાઢી લે છે એ રીતે જે ચાહો તે એમાંથી કાઢી લો ! (પછી કહે છે) જેથી હઝરત મસીહ મૌઊદ (કાદયાની) ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક કહે છે કે, મોલ્વી લોકો હદીષ લઈને ફરતા રહે છે પણ હદીષોનું એ કામ નથી કે મારા વિશે ફેંસલો કરે, બલ્કે મારું કામ છે કે ફલાણી હદીષ દુરુસ્ત છે અને ફલાણી ગલત.'' *(હવાલો ઉપર મુજબ, ઈ.સ. ૧૯૨૪)*

## મક્કા–મદીના તથા હજ્જની તથા ઈસ્લામની તૌહીન

આ લખાણમાં હદીષે પાકની સખ્તતરીન તૌહીન જૂઠા નબી કાદયાનીએ કરી છે. તે ઉપરાંત તેણે બયતુલ્લાહ શરીફ, **હરમેપાક** તથા મક્કા મદીનાની ભરપુર તૌહીન કરેલી છે. તેણે **કાદયાનની ભૂમીને હરમની ભૂમી** અને તેના માનનારાઓની કાદયાનમાં થતા **જલસામાંની હાજરીને હજ્જ** ઠરાવી, એ રીતે તૌહીન કરીને ઈસ્લામથી બગાવતનું એલાન કર્યું છે.

તેનો મહમૂદમિયાં ખલીફા મરદૂદ એક જગાએ લખે છે કે :–

''હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની)નું એ જ ઈલ્હામ છે કે હું મક્કામાં મરીશ અથવા મદીનામાં. તો એના સંબંધે અમે તો એવું કહીએ છીએ કે એ બંનેવ નામ (મક્કા–મદીના) કાદયાનનાં છે. પણ લાહોરી કાદયાની ગૃપ મદીના લાહોરને અને મક્કા કાદયાનને ઠરાવે છે અને એ જ વાત પર

તેઓ અડેલા છે." *(હવાલો ઉપર મુજબ, ઈ.સ. ૧૯૩૩)*

આવી જ તરકટ વાતો દર્શાવી **મસ્જિદે અક્સા**ની પણ તૌહીન કરી છે, **હજ્જ**ની પણ તૌહીન કરી છે, અને **ઈસ્લામની તૌહીન** આ શબ્દોમાં કરી છે :–

"હઝરત મિર્ઝાને છોડીને જે ઈસ્લામ બાકી રહી જાય છે તે શુષ્ક (લુખો) ઈસ્લામ છે. એ જ પ્રમાણે આ ઝિલ્લી (કાદયાનની) હજ્જને છોડીને મક્કાવાળી હજ્જ પણ શુષ્ક રહી જાય છે. કેમ કે ત્યાં આજકાલ હજ્જના મકસદો પૂરા નથી થતા."

## ઈસ્લામી જેહાદનો ઈન્કાર તથા તૌહીન

જેહાદ ઈસ્લામી ફર્ઝોમાંથી એક મહત્વનો ફર્ઝ છે કે જ્યારે જરૂરત તથા સંજોગો તેના લાયક ઉપસ્થિત હોય, તેની જરૂરિયાતો પૂરી થતી હોય તો મુસલમાનો પર જેહાદ ફર્ઝ થઈ જાય છે. એ કુર્આનમાં અલ્લાહ તઆલાનો આવેલો હુકમ છે, તેમાં કિયામત સુધી કાંઈ ફેર થઈ શકવાનો નથી. પણ અંગ્રેજોનો નમકખ્વાર ગુલામ કઝ્ઝાબ મિર્ઝા કાદયાની જૂઠાણુ લખે છે કે :–

"આજથી ઈન્સાની જેહાદ જે તલ્વારથી કરવામાં આવતો હતો તે ખુદાના હુકમથી બંધ કરવામાં આવ્યો. અને હવે પછી જે વ્યક્તિ કાફિર પર તલ્વાર ઉઠાવે અને પોતાનું નામ ગાઝી રાખે છે તો તે રસૂલ કરીમ ﷺ ની નાફર્માની કરે છે જેણે આજથી ૧૩૦૦ વરસ પહેલાં ફર્માવી દીધુ છે કે મસીહ મૌઊદ (કાદયાની)ના આગમન પર તલ્વારનો જેહાદ ખત્મ થઈ જશે. જેથી હવે મારા ઝહૂર પછી તલ્વારનો કોઈ જેહાદ નથી. અમારા તરફથી અમાન અને સુલેહકારીનો સફેદ ઝંડો લહેરાવવામાં આવ્યો." *(અરબઐન, ભાગ–૪, પેજ–૪૭)*

## કાદયાનીની દ્રષ્ટિએ કાફિરની વ્યાખ્યા !

મિર્ઝા કાદયાની લખે છે કે, "કુફ્રના બે પ્રકાર છે : એક કુફ્ર એ છે કે એક વ્યક્તિ ઈસ્લામનો જ ઈન્કાર કરે છે, અને આં હઝરત ﷺ ને રસૂલ નથી માનતો. બીજુ એ કુફ્ર કે તે મસીહ મૌઊદ (કાદયાની)ને નથી માનતો...." *(હકીકતુલ વહી, પેજ–૧૭૯, મિર્ઝા કાદયાની)*

સારાંશ કે કાદયાની ધર્મ એક વિચિત્ર પ્રકારનો અધર્મ છે કે જેના એક એક લખાણમાં અસંખ્ય પ્રકારના કુફ્રો વણાયેલાં સમાયેલાં છે. મારી મારા તમામ સુન્ની ભાઈ બહેનોને વિનંતિ છે કે આ કિતાબને પોતે વાંચીને અન્યને પણ વંચાવો ભલે તમારા ત્યાં આ બલા પહોંચી ન હોય. પણ બલા ગમે ત્યારે તમારા ઘરે ટકોરા મારી શકે છે, જેથી પાણી પહેલાં પાળ બંધાઈ જાય અને અત્યારથી જ તમે તથા તમારી ઔલાદ આવા જહન્નમી ફિર્કાને ઓળખી લો તો દુનિયા તથા આખેરતમાં અમ્ન પામી શકો !

તથા જેઓ અજાણપણે કે કોઈ લાલચમાં કાદયાની પ્રતિ આકર્ષાયા હોય કે ભૂલથી તેમાં જોડાઈ ગયા હોય તેમને વિનંતિ છે કે તેઓ તાત્કાલિક ખુદાની બારગાહમાં તૌબા કરી એહલે સુન્નત વ જમાઅતનો દામન મજબૂતીથી પકડી લે. કારણ કે દુનિયાની દૌલતને તમે તમારી આંખ ખુલ્લી છે ત્યાં સુધી જ વાપરીને એશ આરામ કરી લેશો પણ આંખ મીંચાતાં જ હકીકી જિંદગી હમેશાંની જિંદગી આખેરતની જિંદગીમાં અઝાબ સિવાય કાંઈ હાથ આવશે નહીં તેનું યકીન કરી લો ! અને પોતાની ભલાઈ વિશે ઠંડા કલેજે વિચારીને કાદયાનિયતથી તૌબા કરી લો. તૌફીક આપનાર તો અલ્લાહ જ છે.

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلَاغُ الْمُبِيْنُ

# હઝરત સુહૈબ રૂમી رضي الله عنه

-કાર્યાલય

આફતાબે રિસાલતના પરવાનાઓમાં આમ તો એક એકથી ચઢે તેવા હતા અને સર્વેએ ઈસ્લામની ઉન્નતિના માટે જાની તથા માલી કુર્બાનીઓ આપીને મહત્વનો રોલ ભજવ્યો છે, બલ્કે તેને સોનાના અક્ષરોએ લખવામાં આવે તો પણ ઓછુ છે. શમ્એ રિસાલતના પરવનાઓ જેમની અકીદત તથા મહોબ્બત રસૂલે પાક صلى الله عليه وسلم સાથે ઈશ્કની હદે પહોંચેલી હતી અને ઈસ્લામને ખાતર મોટા મોટા જુલ્મના નિશાન બન્યા અને મક્કાના મુશ્રિકોના જુલ્મો સહન કર્યા. હઝરત સોહૈબ રૂમી મહાન મર્તબાવાળા સહાબી હોવા ઉપરાંત સાબિકુને અવ્વલૂનની પવિત્ર જમાઅતના એક ફર્દ હતા.

હઝરત સુહૈબ રૂમી رضي الله عنه ઈરાકના એક ગામ મૌસૂલના રહેવાસી હતા. પિતાનું નામ સિનાન ઈબ્ને માલિક હતું. પોતાના વિસ્તારના એક શરીફ અને ઈજ્જતદાર ખાનદાનથી સંબંધ ધરાવતા હતા. તેમના વાલિદ અથવા કાકા ઈરાનના શાહના તરફથી અબલાના હાકિમ હતા. રોમવાળાઓએ અબલા પર ચઢાઈ કરી અને અન્ય સરસામાનની સાથે હઝરત સુહૈબ રૂમી رضي الله عنه જે હજી બાળક હતા તેમને ઉઠાવીને લઈ ગયા અને રોમમાં આપ બાળપણથી યુવાની સુધી રહ્યા એટલા માટે રૂમી કહેવાયા. બનૂ કલ્બના કેટલાક વેપારીઓ ત્યાં પહોંચ્યા અને સૈયેદેના હઝરત સુહૈબ રૂમી رضي الله عنه ને ખરીદી લીધા, અને આ રીતે આપ મક્કા મુઅઝ્ઝમા આવી ગયા અને જદઆન (જદહાન)એ તેમને ખરીદીને આઝાદ કરી આપ્યા. એમાં મતભેદ છે, ઈબ્ને સઅદ લખે છે કે આપ ભાગીને આવ્યા હતા. આપ ઘણા જ હોશિયાર તથા હુનરમંદ અને ખંતિલા માણસ હતા. ખૂબ જ ઝડપથી પોતાના ખંત તથા કળા કારીગરીની જાણકારીના સબબે માલદાર તથા મશહૂર થઈ ગયા, અને મક્કાના રઈસોમાં તેમની ગણના થવા માંડી. ઈસ્લામની શરૂઆત થઈ અને હક્ક સુબ્હાનહૂની દા'વતની સદા જેવી તેમના કાનોમાં પહોંચી તો હઝરત અરકમ ઈબ્ને અરકમ رضي الله عنه ના મકાન પર જ્યાં આકાએ નામદાર સરકાર મુસ્તફા صلى الله عليه وسلم પોતાના થોડાક સાથીઓ સાથે હાજર હતા ત્યાં પહોંચ્યા અને કલ્મએ હક્ક પઢીને ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા. તે વખતે ત્રીસ પવિત્ર વ્યક્તિઓ ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી ચૂકી હતી. અમુક ઈતિહાસકારોના કથનાનુસાર હઝરત અમ્માર ઈબ્ને યાસર તથા હઝરત સુહૈબ રૂમી رضي الله عنهما એક જ દિવસે ઈસ્લામ જેવી મહાન દૌલતથી માલામાલ થયા હતા. અને એ સમયે મુસલમાન થવું એટલે મુશ્રિકોના જુલ્મોનું નિશાન બનવું હતું અને કાફિરોની કંપાવી દેનારી, માણસાઈનું ખૂન કરતી પ્રવૃત્તિઓના શિકાર થવું હતું. ખાસ કરીને એવા લોકો જેઓ મક્કામાં એકલા હતા અને ગરીબ તબકાના હતા, જેમનું કોઈ ખાનદાન કે કબીલો ન હતો એવા લોકો ખાસ કરીને મુશ્રિકોના જુલ્મના નિશાન બન્યા.

જેથી ઘણા સમય સુધી આપના ઉપર પણ જુલ્મો થતા રહ્યા અને આપ અતિશય સબ્ર તથા શુક્રની સાથે વેઠતા રહ્યા.

હઝરત સુહૈબ રૂમી رضي الله عنه ઘણા જ ખુદ્દાર તથા નીડર, બહાદુર તથા બેબાક ઈન્સાન હતા. જુલ્મોથી

બચવાના માટે પોતાના ઈમાનને છુપુ ન રાખ્યું અને મક્કાના મુશ્રિકોએ તેમને પોતાના જુલ્મોના શિકાર બનાવી લીધા. નિત નવી તકલીફો સૈયદના હઝરત સુહૈબ રૂમી رضی اللہ عنہ અને અમ્માર ઈબ્ને યાસર, સૈયદના હઝરત બિલાલ તથા હઝરત ખબાબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની જેમ તેમને પણ આપવા લાગ્યા. એટલી પીટાઈ કરતા કે લોહી વહેવા લાગતું, ગરમ તપતી રેતી પર સૂવડાવવું, ગરમ પાણીમાં ડૂબકી મરાવવાને પોતાનો ધંધો બનાવી લીધો હતો. પણ આ લોખંડી પુરૂષ પોતાના ઈમાન પર અડગ રહ્યા, શારીરિક તકલીફો તેમને હક્ક માર્ગેથી ન ડગમગાવી શકી.

નિત નવી તકલીફોથી તેમનાં દિલોમાં મજબૂતી તથા તાજગી આવતી ગઈ, અડગતાપૂર્વક મુસીબતો વેઠતા રહ્યા. જેવી રીતે સોનુ આગમાં તપીને કુંદન બને છે એ જ રીતે આ આશિકે રસૂલ صلی اللہ علیہ وسلم જુલ્મોની ભટ્ટીમાં તપીને કુંદન બની રહ્યા હતા. સૂર્ય તથા ચંદ્રની સફર ચાલુ રહી, છેવટે સંજોગો પલટાયા અને હિજરતનો દૌર શરૂ થઈ ગયો. એક બે એક બે કરીને સર્વ મુસલમાનો મક્કાથી હિજરત કરીને મદીના મુનવ્વરા ખામોશીપૂર્વક હિજરત કરી ગયા, એટલે સુધી કે હુઝૂર સરકારે મદીના صلی اللہ علیہ وسلم તથા હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ તથા સુહૈબ રૂમી رضی اللہ عنہ પણ હિજરત કરી ગયા.

હઝરત સુહૈબ રૂમી رضی اللہ عنہ ને એ જ ખયાલ હતો કે હિજરતમાં સાથનો શરફ મને જ હાંસલ થાય પણ હિજરત મસ્લેહતના કારણે એવી ખામોશીથી થઈ કે તેમને ખબર પણ ન થઈ. જેથી જ્યારે એવું જાણવા મળ્યું કે આકાએ નામદાર મદની તાજદાર صلی اللہ علیہ وسلم અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ હિજરત કરી ગયા તો શમ્એ નબુવ્વતના આ પરવાનાની નજરોમાં દુનિયા અંધારી થઈ ગઈ ! એક એક પળ નબી صلی اللہ علیہ وسلم ના વિરહમાં પસાર કરવી મુશ્કેલ બની ગઈ. કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

रात गुज़री है गिन के सितारे
दिन कटे या नबी किस सहारे

જેથી થોડાક દિવસોમાં આ પરવાનો તથા આશિકે સાદિક મદીના જવા રવાના થઈ ગયો. જ્યારે હઝરત સુહૈબ ઈબ્ને સનાન રૂમી મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરીને હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં મદીના પાકની તરફ રવાના થયા તો કુરૈશના મુશ્રિકોની એક ટોળીએ આપનો પીછો કર્યો તો આપ સવારી પરથી ઉતર્યા અને કમંડળમાંથી તીર કાઢીને કહેવા લાગ્યા કે, હે કુરૈશ ! તમારામાંથી કોઈ પણ મારી પાસે નથી આવી શક્તું જ્યાં સુધી કે હું તીરો મારતાં મારતાં તમામ કમંડળ ખાલી ન કરી દઉં અને પછી જ્યાં સુધી તલ્વાર મારા હાથમાં રહે તેનાથી મારું ત્યાં સુધી કે તમારી ટોળીનો સફાયો થઈ જશે. જો તમે મારો માલ ચાહતા હોઉ જે મક્કા મુકર્રમામાં દફન કરેલો છે તો હું તમને તેનો પતો બતાવી દઉં, તમે લોકો મારી સાથે ટકરાવ ન કરો. આ વાત પર તેઓ રાજી થઈ ગયા. અને આપે પોતાના તમામ માલનો પતો બતાવી આપ્યો. જ્યારે આપ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર થઈ ગયા તો આ આયતે કરીમા આપના હક્કમાં નાઝિલ થઈ : (અર્થ) : "અને કોઈ માણસ પોતાની જાન વેચે છે અલ્લાહની મરજી ચાહવામાં અને બંદાઓ પર મહેરબાન છે. *(કન્ઝુલ ઈમાન, સૂ. બકરહ, આ. ૨૦૭)*

અને હૂઝૂર صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, "હે અબૂ યહયા ! આ તમારી જાનનું વેચાણ ઘણો જ નફાકારક વેપાર છે." હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ એક પ્રસંગે ફર્માવ્યું, "સુહૈબ સારા બંદા છે." હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم આપની ઘણી ઈજ્જત કરતા હતા. તેમની ખુશ્નૂદીનો ખયાલ રાખતા હતા. તેમની અડગતા, નિખાલસતા તથા જાંબાઝીના કારણે એકવાર ફર્માવ્યું, સુહૈબ, અમ્માર અને સલ્માન

''رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن''ને નાખુશ કરવાથી અલ્લાહ ખુશ નથી. હક્કપસંદ, સબ્ર, સહનશીલતા, અડગતા, બહાદુરી, દિલેરી, ખુશ મિજાઝી, સખાવત, મેહમાન નવાઝી, શૌકે જેહાદ તેમના અંગત ગુણો હતા. બદરના ગઝવાથી લઈને જંગે તબૂક સુધી સૌમાં ઘણા જ ઉમંગભેર શરીક રહ્યા અને બહાદુરીનાં તે જાહેર દેખાડયાં કે શુજાઅત (બહાદુરી) ખૂદ પોકારી ઉઠી, આફરીં ! આફરીં ! તીરંદાઝીમાં એવા નિષ્ણાત હતા કે જો કોઈ લોખંડના કવચવાળો કાફિર જંગના મેદાનમાં તેમની સામે આવી જતો તો તાકીને તેની આંખમાં તીર મારતા અને તે ઊંધા મોઢે પડી જતો, તલ્વારબાજીમાં કમાલ હાંસલ હતો. દરેક જંગમાં ઘણી જ જાંબાઝી તથા બહાદુરીથી લડયા કરતા હતા. હાદીએ અકરમ ﷺ ના વિસાલ બાદ બંને ખુલફાએ રાશિદીનના મદદગાર તથા સહાયક રહ્યા અને સતત જેહાદ તથા જંગમાં શરીક રહ્યા.

આપની ગણના મહાન સહાબાએ કિરામમાં છે. અમીરુલ મો'મિનીન સૈયેદેના હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના જમાનામાં જો ક્યારેક તેમને મળવા જતા તો તે સૌથી પ્રથમ તેમનાથી મુલાકાત કરતા. તેમની માણસને પારખી લેનારી આંખોમાં તેમની ઘણી ઈજ્જત હતી. એકવાર હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, સુહૈબ ! તમે મને ઘણા પ્રિય છો ! પણ તમારી ત્રણ વાતો મને ખટકે છે : પ્રથમ તો એ કે તમારી કુન્નિયત અબૂ યહયા છે જ્યારે કે તમારો કોઈ પણ પુત્ર યહયા નામનો નથી. બીજુ તમારો લબો લેહજો અજમી છે જ્યારે કે તમે કહો છો કે અરબી વંશથી છું, ત્રીજુ એ કે તમે તમારો માલ ખૂબ ખર્ચ કરો છો.

હઝરત સુહૈબ રૂમીએ ઘણી જ ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો કે પ્રથમ તો એ કે હું ફુઝૂલખર્ચી નથી કરતો કેમ કે મારા અમલનો પાયો રસૂલે અન્વર ﷺ ના આ ફર્માન પર આધારિત છે કે હદીષ પાકમાં છે, ''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે એક શખ્સે નબી પાક ﷺ ને સવાલ કર્યો, ક્યો અમલ બેહતર છે ? ફર્માવ્યું :– **ખાવા ખવડાવવું અને દરેક મેહમાનને સલામ કરવી અને દરેક મુસલમાનને સલામ કરવી ભલે તેને ઓળખતા હોય કે ન ઓળખતા હોય.** *(નુઝહતુલ્ કારી, ભાગ–૧, પેજ–૨૫૬)*

**બીજુ :** મને બચપનમાં રૂમી પકડી ગયા હતા અને જીવનનો એક હિસ્સો તે લોકોમાં પસાર થયો જેથી લબો લેહજો (Speech) બદલાઈ ગયો.

**ત્રીજુ :** અને અબૂ યહયા મારી કુન્નિયત રસૂલે આ'ઝમ ﷺ એ નક્કી કરી છે મેં જાતે નથી રાખી. વસિયત ફર્માવી કે મારી નમાઝે જનાઝા સુહૈબ رضی اللہ عنہ પઢાવે અને જ્યાં સુધી નવા ખલીફાની પસંદગી ન થઈ જાય ત્યાં સુધી સરદારી તથા ઈમામત સુહૈબ رضی اللہ عنہ અંજામ આપે. એ જ પ્રમાણે થયું કે અમીરુલ મો'મિનીનના વિસાલના ત્રણ દિવસ સુધી સરદારી તથા ઈમામતનું કામ ખૂબ જ સારી રીતે ખૂબીપૂર્વક આપ અંજામ દેતા રહ્યા. મદીના મુનવ્વરામાં સિત્તેર કે બોત્તેર વરસની ઉમરમાં પર્દો કર્યો અને જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં દફન થયા. પરવરદિગારે આલમ આપણને મુસ્તફા ﷺ ના ગુલામોને સૈયેદેના સુહૈબી રૂમી رضی اللہ عنہ ના સદકામાં રાહે મુસ્તફા ﷺ પર ચલાવે. (આમીન)

**બોધ : હે મુસલમાનો ! સહાબાના જીવનનો અભ્યાસ કરો અને સમજો કે દીન માટે ઈમાન માટે કેવી કેવી મુસીબતોના પહાડ એમણે વેઠયા હતા. અને કેવળ દુનિયાવી લાભો તથા રાજકીય કારકિર્દી બનાવવા તથા બે પૈસાની કે વાહ વાહની લાલચમાં ઈમાનનો સોદા ન કરો ! કાફિરને ખુશ કરવા માથે ટીલક કે ગૈરોની ધાર્મિક વિધિ કે મેળાવડામાં ન જોડાવ ! નહીં તો જહન્નમ સિવાય કાંઈ હાથ લાગશે નહીં.**

# સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનું મહત્વ

અઝ : સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા-કપડવંજ
(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ, રાજપુરીગેટ, બાલાસિનોર)

**લેખ હરીફાઈમાં પ્રથમ નંબર લાવનાર લેખ**

ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) છે માનવ સ્વભાવને સારી પેઠે જાણે છે, એટલા માટે તે એવી ચીજોની નજીક જવાથી રોકે છે જેનાથી બુરાઈઓ ફેલાય કે પૈદા થાય છે. મુસલમાન કૌમ બુરાઈ કરવા માટે નહીં પરંતુ લોકોને બુરાઈઓથી રોકવા અને બચાવવા માટે પેદા થઈ છે. સૌ માનવ સમાજની સેવા કરવાના માટે આ કૌમને પૈદા કરવામાં આવી છે. અને માનવ સમાજની સેવા એ જ છે કે તે લોકોને તમામ બુરાઈઓથી રોકે અને બચાવે અને સારી વાતોનો હુકમ આપે. જેવું કે ફર્માને ખુદાવંદી છે :–

وَلْتَكُن مِّنكُمْ أُمَّةٌ
يَدْعُونَ إِلَى الْخَيْرِ وَيَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَيَنْهَوْنَ
عَنِ الْمُنكَرِ ۚ وَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

**ભાવાર્થ** : હે મુસલમાનો ! તમારામાં એક એવું પણ મંડળ હોવું જોઈએ અથવા એવા બનો અથવા એવા બનીને રહો જે બધા જ ભટકેલા લોકોને ભલાઈની દા'વત (આમંત્રણ) આપે. કાફિરોને ઈમાનની, ફાસિકોને તકવાની, ગાફિલોને બેદારીની, જાહિલોને ઈલ્મની અને મારેફતની. સારી વાતો, સારા અકીદા, સારા અમલો, ઝબાની, કલમી, અમલી, બળથી, નમ્રતાથી, હાકિમ મહકૂમને સખ્તાઈથી હુકમ આપે. બુરી વાતો, ખરાબ અકીદાઓ, બુરાં કામો, બુરી આશાઓ, ઈચ્છાઓ, ઈરાદાઓ, બુરા ખયાલોથી લોકોને જબાન, દિલ, કલમ, તલવાર પોતપોતાના હોદ્દા અને તાકત પ્રમાણે રોકે. અને જ્યારે આપણે આ કરીશું તો અલ્લાહ આપણને શું બદલો આપશે ? તો જુઓ અલ્લાહ તેનો બદલો આપવા તથા તેની ફઝીલત તથા મહત્વતા સમજાવતાં ઈર્શાદ ફર્માવે છે :–

كُنتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ
لِلنَّاسِ تَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنكَرِ
وَتُؤْمِنُونَ بِاللَّهِ

**અર્થાત** : "તમે બેહતર છો તે બધી ઉમ્મતોમાં જે તમો બધામાં જાહેર થઈ કે સારી વાતોનો હુકમ આપો છો અને બુરી વાતોથી રોકો છો. અને અલ્લાહ પર ઈમાન રાખો છો."

અલ્લાહુ અકબર ! આપણે કેટલા ખુશનસીબ છીએ કે અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ નું દામન આપણા હાથોમાં આવ્યું અને સાચે જ આપણા આકા ﷺ સર્વ રસૂલોમાં અફઝલ છે. અને આપના સદકામાં આપની ઉમ્મત પણ સર્વ ઉમ્મતોમાં અફઝલ છે. અને યાદ રાખશો ! અફઝિલયતનું કારણ કદી પણ એ નથી કે આ ઉમ્મતમાં વધુ પ્રમાણમાં સરમાયાદાર (માલદારો) હશે, તેમનામાં ડોકટર અને એન્જીનીયર હશે, અને ન કે એ માટે ફઝીલત છે કે તે જંગમાં બહાદુર અને બળવાન હશે. આ ઉમ્મત એટલા માટે અફઝલ છે કે તે નર્યા ચાલાક

અને બુદ્ધિશાળી તથા ચતુર હશે ?! નહીં ! પરંતુ તેની અફઝલિયતનું કારણ તો એ છે કે ઉમ્મત **અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર**ના અઝીમ (ઉચ્ચ) હોદ્દા પર કાયમ છે એટલે "સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતથી રોકવું"ના સ્થાને છે.

એક વેળાએ હઝરત મૂસા عليه السلام એ ખુદાની બારગાહમાં વિનંતિ કરી કે, યા અલ્લાહ ! તે માણસનો શું બદલો હશે કે જેણે પોતાના ભાઈને બોલાવ્યો અને તેને નેકીનો હુકમ આપ્યો અને બુરી વાતોથી રોકયો ?! તો અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે, હે મૂસા ! (عليه السلام) એવા માણસની જીભેથી નીકળનાર **હિદાયતના દરેક શબ્દના બદલામાં વર્ષ ભરની ઈબાદત લખી દેવામાં આવે છે** અને મારી રહમતને તેને જહન્નમમાં સળગવવામાં શરમ આવે છે.

હઝરત સૈયેદોના અબૂઝર ગિફારી رضي الله عنه ફર્માવે છે કે એક વેળાએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم મુશ્રેકીનથી જંગના સિવાય પણ જેહાદ છે ?! તો ઉમ્મતના ગમખ્વાર આકા صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, હા ! અબૂબક્ર ! અલ્લાહ તઆલાના એવા મુજાહિદ પણ જમીન પર છે કે **તે શહીદોથી પણ અફઝલ છે**, જેઓ જીવંત છે, તેમને રોઝી મળે છે, તે જમીન પર ચાલી રહ્યા છે, **અલ્લાહ તઆલા તેમના માટે આસ્માનના ફરિશ્તાઓ સામે ફખ્ર ફર્માવે છે**. તેમના માટે જન્નત સજાવવામાં આવે છે. તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم તેઓ કોણ છે ?! તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે **તે એ લોકો છે જે સારી વાતોનો હુકમ આપે છે અને બુરી વાતોથી રોકે છે**. અને પછી ફર્માવ્યું કે તે ઝાતની કસમ જેના કબજામાં મારા પ્રાણ છે ! કે તે બંદો ઉચ્ચ સ્થાન પર હશે કે જે શહીદોના સ્થાનથી પણ ઉચ્ચ સ્થાન હશે. દરેક મકાનના ત્રણસો (૩૦૦) દરવાજા યાકૂત અને ઝમરૂદના અને બધા દરવાજા પર નૂર (પ્રકાશ) હશે. એવો માણસ ત્રણ લાખ હૂરોથી નિકાહ કરશે તે નર્યી પાકબાઝ (પવિત્ર) અને ખૂબસૂરત હશે. એવો માણસ જ્યારે પણ કોઈ એક હૂરની તરફ જોશે તો તે હૂર તેને કહેશે કે તેં ફલાણા દિવસે અલ્લાહનું ઝિક્ર કર્યું અને આવી રીતે સારી વાતોનો હુકમ આપ્યો અને બુરી વાતોથી રોકયું. અર્થાત કોઈપણ હૂરની તરફ જોશે તો તે હૂર સારી વાતોનો હુકમ આપવા અને બુરી વાતોથી રોકવાના કારણે તેનું એક ઉચ્ચ સ્થાન બતાવશે. અને હઝરત સૈયેદોના અબૂ અહબાર رضي الله عنه ફર્માવે છે કે જન્નતુલ ફિરદૌસ ખાસ એમના માટે છે કે જે સારી વાતોનો હુકમ આપે છે અને બુરી વાતોથી રોકે છે. (સુબ્હાનલ્લાહ !)

પરંતુ જો સારી વાતોનો હુકમ આપવામાં ન આવે અને બુરી વાતોથી રોકવામાં ન આવે તો તબાહી આમ થઈ જાય અને ગુમરાહી તથા કુકર્મોનું ચક્ર ગતિમાં રહે. બુરાઈ અંતે બુરાઈ છે, ભલે પછી તે ગમે તે સ્વરૂપે ઉપસી આવે, તેને રોકવું અતિશય જરૂરી છે. અને બીજી એ વાત કે જો બુરાઈને બુરાઈ સમજી લઈને પતી જતુ હોત તો એટલો અફસોસ ન હતો, પરંતુ અફસોસ તો એ વાતનો છે કે આજે આપણે મુસલમાનો જ પોતે જ બુરાઈઓમાં સપડાયેલા છીએ અને કેવળ સપડાયા જ નથી પરંતુ બુરાઈઓને સાથ સહકાર આપી રહ્યા છીએ ! બુરાઈઓની હિમાયત અને તરફદારી કરી રહ્યા છીએ. આ સમયની જબરદસ્ત કરુણતા છે.

નબીએ પાક સાહિબે લૌલાક صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, હે લોકો ! નેકીનું કામ કરો અને બુરાઈથી લોકોને રોકો ! નહીં, તો અલ્લાહ તઆલા તમારા પર તેનો અઝાબ નાઝિલ કરશે, જેમ કે હઝરત ઈબ્ને મસઊદ رضي الله عنهما કહે છે કે નબીએ પાક صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "બની ઈસ્રાઈલ જ્યારે ગુનાહોમાં ઘેરાઈ ગયા તો પ્રથમ તેમના ઉલ્માએ તે વાતની મનાઈ કરી. જ્યારે તેઓ મના કરવા છતાં

તે વાતથી અટક્યા નહીં તો તેઓ પણ (ઉલમા) તેમની મેહફિલોમાં શરીક થવા લાગ્યા અને તેમના સહયોગી (સહકારી) બની ગયા. આથી જ્યારે તેઓએ એવું કર્યું તો ખુદાએ સૌને સમાન કરી દીધા અને ખુદાએ તેમના પર લા'નત કરી અને હઝરત દાઊદ عليه السلام અને હઝરત ઈસા عليه السلام ની જબાની લા'નત કરી અને આ લા'નત તેમના ગુનાહ કરવા અને હદ વટાવી જવાના કારણે કરવામાં આવી હતી.

રાવીનું બયાન છે કે નબી ﷺ ઓશિકાના ટેકે બેઠેલા હતા, આટલુ કહીને આપ સીધા બેસી ગયા અને ફર્માવ્યું, **સોગંદ છે તે જાતની જેના કબ્જામાં મારા પ્રાણ છે ! તમે તે સમય સુધી અલ્લાહના અઝાબથી મુક્તિ પ્રાપ્ત કરી શક્શો નહીં જ્યાં સુધી તમે જાલિમો અને ફાસિકોને ગુનાહથી ન રોકો.** અને એક રિવાયતમાં એ શબ્દો છે કે આપે ઈર્શાદ ફર્માવ્યો, તમે જેવો ખયાલ રાખો છો ક્યારેય પણ એવું નથી. કસમ છે ખુદાની ! ક્યાં તો તમે નેક કામોનો હુકમ આપો અને બુરાઈથી રોકો અને જાલિમનો હાથ પકડી લો અને તેને સત્ય પ્રતિ માઈલ (પ્રવૃત) કરી દો અને સન્માર્ગ પર કાયમ રાખો. નહીં તો ખુદા તમને સૌને એક સરખાં કરી દેશે અને પછી તમારા ઉપર પણ લા'નત કરશે જેવી કે બની ઈસરાઈલ પર લા'નત મોકલી.

એ હતા બની ઈસ્રાઈલના ઉલ્મા જે પોતાની કૌમને બુરાઈથી રોકી ન શક્યા અને પોતે પણ તેમનાં દુષ્ટ કૃત્યોમાં સહભાગી ગણાયા અને અલ્લાહની લા'નતના શિકાર બન્યા. પરંતુ ઉમ્મતે મુહમ્મદિયાના ઉલ્માએ કિરામની પવિત્ર જીવનશૈલી જોશો તો જણાશે કે તેમણે પોતાની કૌમને સારી વાતોનો હુકમ આપ્યો અને બુરી વાતોથી રોક્યા, એટલું જ નહીં પરંતુ તે હક્ક પરસ્તોએ સિંહના મુખમાં પ્રવેશીને અને તલવારની ધાર નીચે ગરદન મૂકીને **અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર**નો ઉચ્ચ ફર્ઝ બજાવ્યો છે. અને જાલિમ બાદશાહોના મોં પર કલમએ હક્કનું એલાન કર્યું. અને મોટા મોટા જુલ્મી બાદશાહોના તાજે શાહીને પોતાની ધૃણાના પગથી ઠુકરાવી દીધા અને ઐન (બરાબર) હુઝૂર ﷺ ના તે ફર્માન પર અમલ કર્યો કે, ''અફઝલ જેહાદ એ છે કે જાલિમ બાદશાહોના મોં પર હક્ક વાત કહેવી.'' દષ્ટાંત રૂપે જુઓ, દિલ્હીનો બાદશાહ મુહમ્મદ તગલખ જે જુલ્મી હતો સાથોસાથ હુકૂમતના ઘમંડમાં બેઅદબ અને ગુસ્તાખ પણ હતો. ઘણીવાર દરબારમાં શરીઅતના મસ્અલાઓની બાબતમાં ચર્ચા કરતો. એક વેળાએ તેણે ભર્યા દરબારમાં એમ કહી દીધું કે અલ્લાહનું ફયૂઝ અખૂટ છે. તો ફયૂઝે નબુવ્વત કઈ રીતે બંધ થઈ શકે ?! જો કોઈ નબુવ્વતનો દાવો કરે અને મો'જિઝો બતાવે તો એને માની લેશો ! મૌલાના હમ્માદ તરત જ ઊભાને થઈ ભર્યા દરબારમાં સંભળાવી દીધું કે, ''મળ'' ન ખા ! તું શું બકી રહ્યો છે ?! મુહમ્મદ તગલખે હુકમ કર્યો કે એમને કત્લ કરી એની જબાન ખેંચી લો જેથી જલ્લાદોએ તરત જ મૌલાના હમ્માદને કત્લ કરી જબાન ખેંચી નાખી અને આપ શહીદ થઈ ગયા. મૌલાના હમ્માદ જેવા ઉમ્મતે મુહમ્મદિયામાં સેંકડો આલિમો થઈ ગયા કે જેમણે કલમએ હક્ક કહેવાના કારણે શહાદતનું જામ પીધું. પોતે મટી ગયા પરંતુ હક્કને મટવા ન દીધું અને દરેક હાલમાં સારી વાતોનો હુકમ આપતા રહ્યા અને બુરી વાતોથી રોકતા રહ્યા અને અલ્લાહની ખુશનુદી હાંસલ કરી કે,

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ ..... *(છેવટ સુધી)*

તમો બેહતર છો તે સઘળી ઉમ્મતોમાં જે તમો બધામાં જાહેર થઈ કે સારી વાતોનો હુકમ આપો છો અને બુરી વાતોથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન રાખો છો.

આ છે સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનું મહત્વ !

# અઝવાજે મુતહહરાત

## رضی اللہ تعالی انھن

અઝ : હઝરત મુફતી હારૂન રશીદ અમજદી
કાદરી કંબોલ્વી (હાલ : લંડન, યુ.કે.)

## હઝરત ખદીજતુલ કુબરા

(رضی اللہ عنھا)

**પૈદાઈશ** : હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنھا ની પૈદાઈશ હુઝૂર صلی اللہ علیہ وسلم ની પૈદાઈશથી ૧૫ (પંદર) વર્ષ પહેલાં ઈ.સ. ૫૫૬માં થઈ.

**નસબનામુ** : ખદીજા બિન્તે અસદ બીજો અબ્દુલ ઉઝ્ઝા બિન કિસ્સા બિન કલાલ બિન મર્રહ બિન કઅબ બિન લુવઈ બિન ગાલિબ બિન ફહર. આપનું નસબ મુબારક કિસ્સા પર જઈ હુઝૂર صلی اللہ علیہ وسلم ના નસબ મુબારકથી મળી જાય છે.

માં ના તરફથી ફાતમા બિન્તે ઝાઈદા બિન અલઅસમ બિન રવાહા બિન હીજર બિન અબ્દ બિન બગીઝ બિન આમીર બિન લુવી બિન શાળીબ બિન ફહર. *(અસ્સીરતુન્નબવિય્યહ્ ઈબ્ને હેશામ, ભાગ–૧, પેજ–૧૮૯)*

**ખાનદાન** : હઝરત ખદીજાનું ખાનદાન મક્કામાં ઘણુ ઊંચું હતું. માલી દષ્ટિએ કોઈ એમની ટક્કરમાં ન હતું. પોતે તિજારત (ધંધો) કરતાં હતાં. એ એવી રીતે કે કુરૈશના માણસોને રૂા. અને માલ સામાન દઈને મુલ્કે શામ બાજુ મોકલતાં હતાં તેણીના ભાઈ હેઝામ બિન ખુવયલદના છોકરા હકીમ બિન હૈઝાન દારૂન્નદવાના માલિક હતા. (દારૂન્નદવા : મક્કાના કાફિરોની પંચાયત ઓફિસ હતી જેમાં સમાજીક અને રાજકીય મસ્અલાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવતી હતી. પણ ઈસ્લામના જાહેર થયા પછી કાફિરો તેમાં ઈસ્લામની વિરૂધ્ધ ચર્ચાઓ કરતા હતા.) જ્યારે તેમણે દારૂન્નદવાને હઝરત અમીર મુઆવિયા બિન સુફયાન رضی اللہ عنہ ને એક લાખ દિરહમમાં વેચ્યું અને એ રકમ ખૈરાત કરી આપી.

તેણીના ભાઈ અવામ બિન ખુવયલદના નિકાહમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ની ફોઈ સફિયા બિન્તે અબ્દુલમુત્તલિબ હતાં. એમના જ સાહબઝાદા હઝરત ઝુબેર બિન અવામ છે જે અશ્રએ મુબશ્શરહમાંથી છે. *(સીરતે ઈબ્ને હેશામ)*

## રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم સાથે હઝરત ખદીજાના નિકાહ

હઝરત ખદીજા رضی اللہ عنھا અરબની ઔરતોમાં ખૂબ જ ઈજ્જત ધરાવનાર અને નેક શરીફ ઔરત હતાં. તેણીની પાકીઝગી ખૂબ જ મશ્હૂર હતી. તેણી ખૂબ જ માલદાર હતાં. અલ્લાહ તઆલાએ તેણીને દુનિયાવી જાહોજલાલની સાથે નેક સારી આદતોવાળાં બનાવ્યાં હતાં. તેણીની પેહલી શાદી અબૂ હાલા બિન ઝર્રાહ તમીમીની સાથે થઈ હતી જેમનાથી હિંદ અને હાલા નામના બે છોકરા પૈદા થયા જે સહાબિય્યતથી સરફરાઝ થયા. હઝરત હિંદની રિવાયતથી હુઝૂર صلی اللہ علیہ وسلم નો હુલ્યા શરીફ મન્કૂલ છે.

અબૂ હાલના મરણ પછી અતિક બિન આઈદ મખ્ઝૂમીથી નિકાહ થયો જેમનાથી એક છોકરી પૈદા થઈ તેણીનું નામ પણ હિંદ હતું. આ પણ મુસલમાન થઈ અને પોતાના કાકાના છોકરા સૈફી બિન ઉમય્યા આઈઝ મખ્ઝૂમીની સાથે નિકાહ કર્યો જેમનાથી એક છોકરો મુહમ્મદ બિન સૈફી પૈદા થયા. જેમની ઔલાદને હઝરત ખદીજાના તઅલ્લુકની નિસ્બતથી

બનૂ તાહેરા કહે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૭૯૭)*

આ બંનેવના ઈન્તેકાલ પછી હુઝૂર ﷺ સાથે હઝરત ખદીજાની ત્રીજી શાદી થઈ. જેનો સબબ એ થયો કે હઝરત ખદીજા પોતાનો માલ વેચવા માટે બીજા લોકોને આપતાં હતાં અને નફામાંથી અમુક રૂપિયા નક્કી કરીને તેમને આપતાં હતાં. હઝરત ખદીજા رضی الله عنها એ હુઝૂર ﷺ ની અમાનતદારી (પ્રમાણિક્તા)ની ખ્યાતિ સાંભળી પોતાના ગુલામ મયસરહને હુઝૂર ﷺ ની ખિદમતમાં મોકલ્યો. અને હુઝૂરને કહેવડાવ્યું કે આપ અમારા માલને વેચવા લઈ જાવ, જે નફો હું બીજાને આપું છું તેનાથી હું આપને ડબલ આપીશ.

હુઝૂર અકરમ ﷺ એ તેણીનો માલ વેચવા માટે લઈ લીધો. અને તેણીના ગુલામ મયસરહ સાથે મુલ્કે શામ તરફ રવાના થઈ ગયા. બસરા પહોંચ્યા પછી એક ઝાડ નીચે ઉતર્યા ત્યાં એક પાદરી જેનું નામ નસ્તૂર હતું તે ત્યાં બેઠો હતો તેણે હુઝૂર ﷺ ના નબી હોવાનું જાહેર કર્યું અને તેણે મયસરહ સામે હુઝૂર ﷺ ના ખૂબ જ વખાણ કર્યાં. અને આપનું ખાતમુન્નબીય્યીન હોવાનું પણ જાહેર કર્યું. હુઝૂર ﷺ બસરાના બજારમાં ગયા અને પોતાના માલને ખૂબ જ નફાથી વેચ્યો. પછી ત્યાંનો માલ લઈને મક્કા મુકર્રમા આવ્યા. મયસરહ ગુલામે સફર દરમ્યાનનાં તમામ સારાં કામો જે હુઝૂર કરતા હતા બધાં જ નોટ કર્યાં હતાં, જેનાથી મયસરહના દિલમાં હુઝૂર ﷺ નો ખૂબ જ પ્રેમ વસી ગયો. વાપસીમાં હઝરત ખદીજા પોતાની સહેલીઓની સાથે ધાબા પરથી કાફલાના પરત આવવાની રાહ જોઈ રહ્યાં હતાં. તેણીએ પોતાની આંખોએ જોયું કે બે ફરિશ્તાઓ પક્ષીઓની શકલમાં હુઝૂર ﷺ ના માથા પર છાયો કરી રહ્યા હતા. હઝરત ખદીજાએ પોતાની સહેલીઓને પણ દેખાડયું. જ્યારે હુઝૂર પોતાના સફરથી નફાની સાથે પરત આવ્યા તો તેણી ખૂબ જ ખુશ થયાં અને વાયદા પ્રમાણે બે ગણો બદલો આપ્યો.

હઝરત ખદીજાએ મયસરહ ગુલામથી હુઝૂરના આવતા વખતની વાતો પૂછી. તો મયસરહે કહ્યું કે મેં તો આખા સફરમાં તે ફરિશ્તાઓને જોયા હતા કે તેઓ હુઝૂર ﷺ ના ઉપર છાયો કરી રહ્યા હતા, અને પછી નસ્તૂર પાદરી અને શામના સફરના બધા જ બનાવો કહ્યા. ત્યારબાદ હઝરત ખદીજાએ પોતાના પિતરાઈ ભાઈ વરકા બિન નૌફલ બિન અસદને હાલાત કહ્યા તો તેમણે કહ્યું કે જ્યારે આવી વાતો છે તો તેઓ આ ઉમ્મતના નબી છે અને આસ્માની કિતાબોથી એ જ જણાયું છે કે એ નબી આ જ જમાનામાં આવવાના છે. હઝરત ખદીજા હસબ વ નસબ, શરાફત વ પાકીઝગી, હુસ્ન વ સૂરત અને અક્લ વ દાનિશમાં ખૂબ જ વધીને હતાં. તેણીનાં વખાણો વિશે અસદુલ ગાબા, ભાગ–૫, પેજ–૪૩૫માં છે :–

નિકાહના વિશે અરબના મોટા મોટા લોકો સંદેશો મોકલી માયૂસ થઈ ગયા હતા જ્યારે કે તે બધા જ માલદાર હતા. પણ તમામ ખૂબીઓના જામેઅ રસૂલુલ્લાહ ﷺ ને તેણીએ પસંદ કર્યા. અને આપની સાથે શાદી કરવાનો ફેંસલો કરી લીધો હતો અને નફીસા બિન્તે મમ્બાને પોતાના દિલની વાત કરીને હુઝૂર ﷺ ની ખિદમતમાં શાદીનો સંદેશો મોકલ્યો.

હુઝૂર ﷺ એ પોતાના મહેરબાન કાકા અબૂ તાલિબને એ વાતની જાણ કરી તો તેઓ ખૂબ જ ખુશ થયા અને પોતાના ભાઈઓને બોલાવીને આ ખુશખબરી આપી અને સર્વેની મંજૂરી હાંસલ કરી લીધી અને નક્કી થયેલ તારીખે આપ પોતાના કાકાઓ અને ખાનદાનના માલદારો (અમીરો)ની સાથે હઝરત ખદીજા رضی الله عنها ના ઘરે ગયા અને અબૂ તાલિબે આપનો નિકાહ પઢાવ્યો.

નિકાહનો ખુત્બો આ પ્રમાણે હતો :–

''તમામ તા'રીફ એ અલ્લાહ માટે જેણે અમને હઝરત ઈબ્રાહીમ વ હઝરત ઈસ્માઈલ

## જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ની હુઝૂર صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજરી

શરૂઆતમાં જ્યારે હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم હુઝૂર صلى الله عليه وسلم ની બારગાહમાં હાજર થયા તો આપને સીના મુબારકની સાથે લપેટીને દબાવ્યા. (અને સૌથી પહેલાં સૂરએ અલકની પહેલી આયત નાઝિલ થઈ જેનું પૂરું બયાન હદીષોમાં તફસીલથી છે.) તો હુઝૂર ખૂબ જ ડરી ગયા. હઝરત ખદીજાને પોતાના ડરની વાત કરી તો તે જ વખતે વગર ખચકાટે હે તેણીએ કસમ ખાઈને કહ્યું કે તમારા અખ્લાક વ આદાબ તથા આપની ફઝીલતો એવી નથી કે અલ્લાહ તઆલા આપને બેઈજ્જત કરે. આ જરૂર કોઈ અલ્લાહનો કરીબી ફરિશ્તો હતો અને ખુદાના હુકમથી આપની પાસે આવ્યો હતો. પછી આપ صلى الله عليه وسلم ને વરકા બિન નૌફલ પાસે લઈ ગઈ અને વરકાએ પણ એ જ કહ્યું જે હઝરત ખદીજા رضى الله عنها એ કહ્યું હતું.

અબૂ નઈમે દલાઈલુન્નબુવ્વતમાં એક રિવાયત હઝરત આયશા رضى الله عنها થી નકલ કરી છે કે શરૂના જમાનામાં હુઝૂર صلى الله عليه وسلم હઝરત ખદીજા પાસે જતા હતા. હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે હું જોઉં છું કે એક આદમી આસ્માન અને જમીનની વચ્ચે લટકેલો છે અને તેનાથી હુઝૂર صلى الله عليه وسلم ને અચંબો થયો. હઝરત ખદીજાએ હુઝૂરને પોતાના નજીક બોલાવ્યા અને પૂછયું કે હવે તમને એ જોવા મળે છે ? તો હુઝૂરે કહ્યું, હા ! પછી હઝરત ખદીજાએ હુઝૂરને પોતાની ચાદરની અંદર લઈ લીધા અને પૂછયું હવે પણ એ દેખાય છે ?! હુઝૂર صلى الله عليه وسلم એ કહ્યું, ના ! હઝરત ખદીજા رضى الله عنها એ કહ્યું કે હું તમને ખુશખબરી આપું છું કે આ અલ્લાહનો કરીબી ફરિશ્તો છે જે તમને દેખાય છે, એટલા માટે કે જો એ શૈતાન હોત તો આપણને એક ચાદરમાં જોઈને નાસી ન જતો.

عَلَيۡهِمَا الصَّلوٰةُ وَالسَّلَامُ ની ઔલાદમાં પૈદા કર્યા અને પોતાના ઘર કા'બા શરીફના ખાદિમ અને હરમ શરીફના મુદીર બનાવ્યા. અને અમારા માટે એ ઘર બનાવ્યું જે હજ્જ કરવાની જગ્યા છે. અને અમારા માટે એ હરમ શરીફ બનાવ્યું જે શાંતિની જગ્યા છે અને અમને બીજાઓ પર હાકિમ એટલે સરદાર બનાવ્યા. હમ્દ વ ષના પછી બેશક ! અમારા ભાઈનો છોકરો (ભત્રીજા) મુહમ્મદ બિન અબ્દુલ્લાહ જે શરાફત વ અઝમતમાં સૌથી વધીને છે ભલે તેની પાસે દુનિયાની દૌલત ખૂબ જ ઓછી છે, પરંતુ દુનિયાની હકીકત જ શું છે એ તો એક ખતમ થઈ જનાર છાયાની જેવી છે અને આ મુહમ્મદ صلى الله عليه وسلم એવા લોકોમાંથી છે જેને તમે બધા જાણો છો. કે તેની દુનિયાની દૌલત કોઈ હૈસિયત નથી ધરાવતી અને તહકીક કે મુહમ્મદ صلى الله عليه وسلم ના હઝરત ખદીજા رضى الله عنها થી નિકાહ કરવા આવ્યા છે અને ખદીજા માટે અમારા માલમાંથી કિંમતી સામાન લાવ્યા છે અને ખુદાની કસમ ! આના પછી તેમનો શું મર્તબો થવાનો છે તે ઘણો જ સારો છે જેને તમે નથી જાણી શક્તા. પછી હઝરત ખદીજા સાથે આપ صلى الله عليه وسلم ના નિકાહ કરવામાં આવ્યા.''

*(મવાહિબુલ લદુન્નિયહ્‌, ભાગ-૧, પેજ-૨૩૪)*

**નિકાહ અને મહેર** : હુઝૂર صلى الله عليه وسلم ના નિકાહ હઝરત ખદીજાની સાથે ઈ.સ. સન ૫૯૫ માં થયા તે વખતે તેણીની ઉંમર ચાલીસ વર્ષની હતી અને હુઝૂર صلى الله عليه وسلم ની ઉંમર પચ્ચીસ વર્ષની હતી. પચ્ચીસ વર્ષ સુધી તેણી હુઝૂરની સાથે રહી પછી તેણીનો ઈન્તેકાલ થઈ ગયો. હુઝૂર صلى الله عليه وسلم ના એ નિકાહની મહેર છ ઊંટ હતી.

ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાકે લખ્યું છે કે એ રિશ્તાનું કારણ જે હઝરત ખદીજાએ બયાન કર્યું હતું તેના શબ્દો આ પ્રમાણે છે : મેં આપ صلى الله عليه وسلم ને એમની સચ્ચાઈ અને સારા અખ્લાકના કારણે પસંદ કર્યા.

*(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ-૧, પેજ-૨૩૩, સીરતે ઈબ્ને હેશામ, ભાગ-૧, પેજ-૧૨૦)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ મેહફિલ સમાએ નઅતે પાક ★

**દયાદરા** : ખાતે તા. ૨–૫–૨૦૦૫ સોમવારે રાત્રે ઈશાની નમાઝ બાદ અકુજી મેમોરિયલ હોલ સામે ગ્રાઉન્ડમાં **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** થકી **જનાબ હાજી યૂનુસ માલજી દયાદરવી (અલ્‌હિજાઝ ટૂર–લંડન)**ના સહકારથી જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ શાનો શૌકતથી મનાવાયો. જેમાં જનાબ અલ્હાજ કારી રિઝવાનખાં સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નબીએ પાકનાં તરાનાંઓ પેશ કરી મજમાને ઈશ્કે નબીની મસ્તીમાં મસ્ત કરી દીધો હતો. હજારોની સંખ્યામાં ભરૂચ જિલ્લા ઉપરાંત દૂર દૂરથી શમ્એ રિસાલતના પરવાનાઓ ઉમટી પડયા હતા અને ખૂબ જોશભેર યુવાનો નારાઓ સાથે મજમાને ગરમાવતા રહ્યા હતા. જનાબ કારી રિઝવાન સાહબે નઅતે પાકની સાથોસાથ અકીદા તથા અમલની ઈસ્લાહ સંબંધે પોતાના અનોખા અંદાઝમાં બયાન ચાલુ રાખતાં કેટલાયે યુવાનોએ ઉભા થઈ નમાઝની સુન્નતોની પાબંદીનો વાયદો કર્યો હતો. ઘણા સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામ, હુફ્ફાઝ તથા મુબલ્લિગોએ હાજરી આપી હતી.

★ ✪ ✫ ☆

**કોલવણા** : થી હસનભાઈ ગડીમલ લખી જણાવે છે કે દયાદરા મુકામે તા. ૨–૫–૦૫ના રોજ સોમવારે રાત્રે જનાબ કારી રિઝવાન સાહબનો નઅત શરીફનો જે પ્રોગ્રામ રાખ્યો એનાથી અમોને ખૂબ જ આનંદ થયો. એ પ્રોગ્રામમાં એવી રૂહાની ખુશી તથા લુત્ફ મળ્યો હતો કે જેનું વર્ણન કરવા અમારી પાસે શબ્દો નથી ! અલ્લાહ તઆલા આવા નઅ્તખ્વાંની ઉમ્ર દરાઝ ફર્માવે અને વારંવાર ઠેરઠેર આવા પ્રોગ્રામો તમો કરો એવી તૌફીક આપે. (આમીન)

## ★ ઉર્સે આ'લા હઝરત મનાવાયો ★

**આખડોલ** : તા. નડિયાદ નૂરાની મુસ્જિદ ખાતે શાનો શૌકતથી ૨૫ સફરના રોજ મદ્રસાના બાળકો તેમજ શકીલ અહમદ રઝવી તથા ઈર્ફાન રઝાએ નઅતો મન્કબત પેશ કરી હતી અને શાને આ'લા હઝરતમાં જનાબ મૌલાના ખતીબો ઈમામ નૂરાની મસ્જિદે તકીરર કરી હતી. (રજૂ. ગુલામે રઝા યૂસુફભાઈ મુતવલ્લી) એ જ પ્રમાણે આખડોલમાં મીલાદુન્નબી ﷺ પર શાનો શૌકતથી જુલૂસ કાઢી મનાવાયો હતો. મુતવલ્લી યૂસુફભાઈ, ઈલ્મુ ચાચા મેહબૂબ ટેલર્સ અન્ય સાથીઓએ સારી મેહનત કરી હતી.

## ★ જશ્ને મીલાદુન્નબી મનાવાયો ★

**કિલ્લાપારડી** : થી જનાબ ઈમ્તેયાઝ ડી. બાલા જણાવે છે કે ૧૨ રબીઉલ અવ્વલ શરીફના રોજ સુન્ની જામેઅ મસ્જિદથી બેનરો સાથે મીલાદુન્નબી ﷺ નું જુલૂસ આ'લા હઝરતના કલામ પઢતાં પઢતાં નીકળ્યું જેમાં ઈમ્તેયાઝભાઈએ પણ નઅત પેશ કરી હતી. નારાઓ સાથે જુલૂસ બસ સ્ટેન્ડ બજાર થઈ હઝરત ચાંદ પીર શાહના મઝાર શરીફ પર પહોચ્યું ત્યાં ફૂલ ચાદર સલાતો સલામ દુઆ બાદ મસ્જિદે પરત થયું. પોલીસ ડિપાર્ટમેન્ટનો વ્યવસ્થામાં સારો સહકાર રહ્યો હતો. એ જ પ્રમાણે અતુલમાં પણ મસ્જિદથી હઝરત મિર્ઝા શહીદ બાવાની દરગાહ સુધી મીલાદનું જુલૂસ નીકળ્યું હતું.

## ★ પાલેજમાં જશ્ને ઈદે મિલાદુન્નબી ★

૧૧ થી ૧૨ ચાંદ મક્કા મસ્જિદમાં યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો હતો. ૧૦ મી રાત્રે આઝાદ નગરીમાં **સુન્ની દા'વતે ઈસ્લામી**ના મુબલ્લિગ મુંબઈના મશ્હૂર નઅતખ્વાં સૈયદ અહમદ રઝવી સાહબનો પ્રોગામ રાખવામાં આવ્યો હતો.

*–(રજૂ. અ. મજીદ શેખ, ઓપરેટર)*

**ભરૂચ** : મોનાપાર્કમાં સુન્ની મસ્જિદના બાંધકામની સંગે બુનિયાદ પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી દરિયાઈ અશરફી મદઝિલ્લહુલ આલીના મુબારક હસ્તે તા. ૨૨–૪–૦૫ના રોજ રાખવામાં આવી.

**જૂનાગઢ** : ખાતે હાજી મોહમ્મદ ઈસ્હાક નક્શબંદીની સદારતમાં ૧૨ રબીઉલ અવ્વલના રોજ ઈશા બાદ મિર્ઝા શાહી મસ્જિદમાં શાનદાર જલસો થયો જેમાં મુબારક ઝિયારત કરાવવામાં આવી.

**કંબોલી** : (તા. જિ. ભરૂચ) ખાતે હલ્કએ નક્શબંદીમાં રહમાનિયા તરફથી તા. ૮–૫–૨૦૦૫ના રોજ ઈશા બાદ ઈદે મીલાદુન્નબી ﷺ નો શાનદાર પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો.

**જંબુસર** : મુઆવીને સુન્ની દા'વતે ઈસ્લામી અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે હમારા જંબુસર જુમ્આ મસ્જિદમાં યુ.કે. બ્લકેબર્નથી આવેલા જનાબ મૌલાના ઈદ્રીસ રઝવી દયાદરવીએ નમાઝે જુમ્આમાં નૂરાની બયાન કર્યુ હતું. તથા ૨૦–૪–૦૫ બુધવારના રોજ નૂરી મસ્જિદ ઘાંચીવાડમાં જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ હઝરત સૈયદ હસમત અલીબાવાની સદારતમાં મનાવવામાં આવ્યો હતો જેમાં હઝરત મૌલાના સાહબે મીલાદ શરીફ પર શાનદાર વલવલાઅંગેઝ ખિતાબ ફર્માવ્યો હતો. આખિરમાં દુઆ સલાતો સલામ તથા ન્યાઝની વહેંચણી કરવામાં આવી હતી.

**જંબુસર** : માહે રબીઉન્નૂરના પહેલા ચાંદથી લઈને સળંગ બાર દિવસ સુધી અત્રેની જુમ્આ મસ્જિદમાં બાદ નમાઝે ઈશા મહેફિલે મીલાદ શરીફ, ઝિક્રો દુરૂદ શરીફનું આયોજન કરવામાં આવ્યું હતું. તા ૨૨–૪–૨૦૦૫ના રોજ ઈદે મિલાદુન્નબીના પવિત્ર તહેવાર નિમિત્તે સુબ્હે સાદિકના સમયે સલાતો સલામનું દિલકશ ગુંજન કરવામાં આવ્યું હતું. અને બાદ નમાઝે ફજર મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવી હતી. સવારે ૮ વાગે તમામ સુન્ની મદ્રસાઓનાં બાળકોનું જુલૂસ અને બાદ નમાઝે જુમ્આ આમ મુસ્લિમ જનસમૂદાયનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જુલૂસ મુબારક વિવિધ બેનરો તથા નઅતો સલામના નૂરાની નગ્માઓ સાથે નગરના રાજમાર્ગો પર ફરીને અત્રેના સુપ્રસિદ્ધ ઐતિહાસિક શહીદ બુઝુર્ગ હઝરત સૈયદ ગંજ શહીદબાવા علیہ الرحمۃ والرضوان ના આસ્તાનાએ અકદસ પર પહોંચ્યું હતું. અહીં ચાદર, ગુલપોશી, સલાતો સલામ, દુઆ ફાતિહાખ્વાની, મુએ મુબારકની ઝિયારત બાદ જુલૂસ મુબારકનું સમાપન થયું હતું. જુલૂસ મુબારકમાં સ્થાનિક ઉપરાંત અતરાફના સુન્ની ગામોના મુઅલ્લિમ બંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

*–(રજૂ. ઝાકિર શેખ, હુસૈની કમિટી–જંબુસર)*

## ★ Heartly Congratulation ★

Janab Shabbeer Ali Razvibhai,

Heartly congratulation to Shabbeer Ali Razvi as well as all the connected persons with Anjuman Raza-e-Mustafa Dayadara.

The religious & frank services given by the member & editor of **BARKATE KHWAJA** (Monthly) are admirable & praise-worthy. I request all the readers of **BARKATE KHWAJA** (Monthly) to co-operate & help to stregnthen this Anjumane Raza-e-Mustafa by donatig money & help physically & mentally. I praise & admire to all for religious canvassing of Maslake Aala Hazrat mission.

*-Khizar A. Sattar Naviwala Noori Razvi Dhoraji*

## ★ દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચમાં જશ્ને દસ્તારબંદી ★

તા. ૨૦–૫–૨૦૦૫ના રોજ દા.ઉ. ગુલશને અજમેર ભરૂચમાં ફારિગ થનાર ૬ હાફેઝ, ૭ કારીઓની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ પીરે તરીકત શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાની સદારતમાં રાખવામાં આવ્યો. જેમાં તલબાએ અરબી, ઉર્દૂ, ફારસીમાં

તકરીરો કરી, નઅતો પેશ કરી. જનાબ હાફેઝ આદમ કંબોલ્વીવાળા સાહબે ઈમ્તેહાન લીધી હતી તો પોતાના ખયાલો પેશ કરી તલબાની તથા દારુલ ઉલૂમના ઉસ્તાદ તથા નાઝિમે આ'લાની મેહનતને બિરદાવી હતી. તેમજ દા.ઉ ગુલશને અજમેરને સાથ આપવા અપીલ કરી હતી. અંતમાં હઝરત સલીમબાવાએ ઈમાન અફરોઝ તકરીર કરી હતી. નિઝામત સદર મૌલાના કલીમુલ્લાહ સાહબે સંભાળી હતી. સલાતો સલામ બાદ દા.ઉ.ની નવી નૂરાની બોર્ડિંગનું ઉદ્‌ઘાટન હઝરત સલીમ બાવાના હાથે થયું હતું. (મૌલાના અ. મન્નાન રઝવી સાહબનો રિપોર્ટ સંક્ષિપ્તમાં રજૂ કર્યો. *–તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

**નોંધ:** આ પ્રસંગે દા.ઉ ગુલશને અજમેર–ભરૂચના નાઝિમે આ'લા હાફેઝ હનીફ રિફાકતીએ જશ્નની ખુશીમાં રૂા. ૨૫૧/– બરકાતે ખ્વાજા (માસિક)ને આપ્યા છે. જઝાકલ્લાહ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ આવા ધૂતારાઓથી બચો ! ★

ભરૂચ ખાતે બહારની ઊંડાઈમાં રહેતો એક ઢોંગી માણસ જેનું નામ મોહમદઅલી શેખ નડીયાદવાળા છે. જે પોતાને "જીન્નાતબાવા" તરીકે ઓળખાવે છે તેમજ પોતાને "છોટે આ'લા હઝરત" પણ કહે છે. તો આ માણસ ન તો મોલ્વી છે ન કાંઈ પઢેલો છે, બલ્કે બની બેઠેલ જૂઠો બાપુ છે, તેનાથી સુન્નીઓએ દૂર રહેવું. તમારે ત્યાં આવે તો તેને જાકારો આપવો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ મસ્જિદ બાધકામમાં સહાય કરો ! ★

**મિત્રાલ** : તા. નડિયાદ ખાતે જૂની મસ્જિદ શહીદ કરીને નવી મસ્જિદનું બાંધકામ ચાલે છે. આશરે ૪૦ લાખનો ખર્ચ છે. તો સખી હઝરાતને સહાય કરવાની અપીલ છે. મર્હૂમોને સવાબ માટે જરૂર સહાય મોકલો .

**સંપર્ક કરો** : જુમ્આ મસ્જિદ, મિત્રાલ, સદરુદ્દીન જી. ભટ્ટી (મુતવલ્લી) ફોન : ૦૨૬૮–૨૫૮૨૪૫૨

## ★ મદ્રસાના બાંધકામ માટે સહાય કરો ! ★

**મછાસરા** : તા. આમોદ, જિ. ભરૂચ ખાતે "મદ્રસાએ મોઈનુલ ઈસ્લામ"માં આશરે ૪૫૦ બાળકો દીની તા'લીમ મેળવે છે. બિલ્ડિંગ જર્જરીત હાલતમાં હોવાથી નવેસરથી બાંધકામ શરૂ કર્યુ છે તો સખીદાતાઓ દિલ ખોલીને પોતાના તેમજ મર્હૂમોના સવાબ અર્થે ભરપૂર સહાય કરે એવી અપીલ છે.

**–લિ.** (સેક્રેટરી) હાજી સિકંદર અલી નાથી, **C\o.** મદ્રસાએ મોઈનુલ ઈસ્લામ, મુા. મછાસરા, તા. આમોદ, જિ. ભરૂચ, પિન–૩૯૨ ૧૧૦, **A/c. No. : Bank of India A/c. 5300**

## ★ શાદી મુબારક હો ! ★

**અહમદાબાદ** : જનાબ હાજી ઉષ્માનભાઈ ખત્રી સાહબ (તંત્રી : તયબાહ)ની નેક નવાસી હજીયાની આયશા બેગમ **Bsc. Micro, M.L.T.** [હજીયાણી સરવરી બેગમ (**B.A.**)ની દુખ્તરે નેક અખ્તર]ની શાદી મર્હૂમ યૂસુફભાઈ હાજી દોદાઈના નેક ફરઝંદ પરેવઝ દોદાઈ (**Marin & Cargo Survey Officer at Dubai**) સાથે તા. ૧૬ મે બરોઝ પીર અમદાવાદ ખાતે રાખવામાં આવી. (દુલ્હા–દુલ્હન તથા સર્વે કુટુંબીજનોને મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : તા. ૨–૪–૨૦૦૫ના રોજ જનાબ મૌલાના ઈદ્રીસ પાદરવાળા (હાલ : બ્લકેબર્ન, યુ.કે.)ના ભાઈ હાજી ઈલ્યાસની શાદી સુમૈયા (**D\o.** હબીબભાઈ) સાથે પીપળીયા મુકામે થઈ હતી. ઉપરાંત મૌલાનાનાં બહેન નસીમા બાનુની શાદી ધનિયાવીના સરફરાઝ સાથે રાખવામાં આવી એની ખુશીમાં રૂા. ૩,૦૦૦/– અંજુમનને લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કોલટ** : (તા. સાણંદ) ''રઝા લાયબ્રેરી'' તરફથી ''જશ્ને આ'લા હઝરત'' ૨૫ સફરના રોજ ઝોહરબાદ મનાવાયો. ૨.૩૮ કલાકે કુલ શરીફ બાદ મૌલાના અબ્દુલ મુબીન મુશાહિદી તથા મૌલાના મુહમ્મદ કાસિમ અશરફી નરીમાનપૂરાવાળાએ સવાનેહે આ'લા હઝરત પર બયાનો કર્યા હતાં. મસ્લકે આ'લા હઝરતનું મહત્વ સમજાવ્યું હતું.

**જંબુસર** : જનાબ પઠાણ બશીરખાં યાસીનખાં (BSNL)ની નેક દુખ્તર મેહઝબીનની શાદી શોએબખાન સાથે તેમજ નેક ફરઝંદ સાજિદખાનની શાદી રૂબીના સાથે તા. ૩૦–૪–૨૦૦૫ શનિવાર જંબુસર મુકામે રાખવામાં આવી. *મુબારકબાદ !*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નડીયાદ** : તા. ૩–૪–૨૦૦૫ પેટલાદ ખાતે આલે રસૂલ સૈયદ ઝૈનુલ આબેદીન સાહબની શાદી મોહતરમા મસર્રતફાતિમા સાથે ખૂબ જ શાનો શૌકત સાથે શરીઅતની પાબંદી હેઠળ ઉલમા સાદાતની હાજરીમાં કરવામાં આવી. આપના નિકાહ હુઝૂર તાજુશ્શરીઆ હુઝૂર અખ્તર રઝા અઝહરીમિયાંના દામાદ હઝરત મૌલાના શોએબ રઝા સાહબે બરેલી શરીફથી તશરીફ લાવી પઢાવ્યા હતા. મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

**બોલ્ટન** : જનાબ હાફેઝ રોશન શેઠ દયાદરાવાળા તરફથી મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ ખાતે હિફઝો કિરાઅતના તલબા તેમજ મુબલ્લિગ થવા માટે દીની તા'લીમો તર્બિયત પામતા તલબા (કુલ ૨૭ તલબા)ને દરેકને એક એક જોડ કપડાં સીવડાવી આપેલ છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં એમની નેકીને કબૂલ ફર્માવે અને બંને જહાનની મુસીબતો દૂર કરે અને બેહતરીન બદલો આપે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કાવી** : થી જનાબ સુલમાન માસ્તર દોલાએ તેમના નેક ફરઝંદ હાફેઝ મુહમ્મદ જાબિર હિફ્ઝે કુર્આન પૂર્ણ કરવાની ખુશીમાં બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૧૧૨/– લિલ્લાહ મોકલ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં આપને બંને જહાનની બરકતોથી નવાઝે અને ફરઝંદ હાફેઝને બાઅમલ હાફેઝ કુર્આન રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ચિકાગો** : અમેરિકાથી જનાબ હાફેઝ આસિફ વલી લહેરી દયાદરાવાળા જણાવે છે કે તેમના મોટાભાઈ આબિદ લહેરી તા. ૧–૫–૦૫ના રોજ હાર્ટફેઈલ થવાથી અચાનક ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમની નમાઝે જનાઝા હઝરત અલ્લામા તુરાબુલહક્ક સાહબે (પાકિસ્તાનવાળા) પઢાવી દફનવિધિ કરવામાં આવી હતી. આ ઘણો દુઃખદ આકસ્મિક પ્રસંગ છે. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે તેમજ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફર્માવે.

**દયાદરા** : ખાતે બીજી એક અતિ દુઃખદ ઘટના બની. જનાબ હાજી બશીર હવેલીવાળાના નેક ફરઝંદ હાજી અઝહર (ઉ. ૧૬ વર્ષ)નો કબીરવડ પાસે પાણીમાં નહાવા જતાં ડૂબી જવાથી ઈન્તેકાલ થઈ ગયો જેનાથી સમગ્ર ગામમાં ગમનું મોજુ ફરી વળ્યું હતું. મર્હૂમની દફનવિધિ તા ૧૦–૫–૦૫ના રોજ મગરિબ બાદ કરવામાં આવી. મૌલા કરીમ મર્હૂમની મગફેરત કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વોરાસમની** : હાજી બ્રધર્સ વોરાસમનીવાળાના વાલિદ સાહબ હાજી ઈબ્રાહીમ ઉમર વલીનો ઈન્તેકાલ તા. ૬–૫–૦૫, ૨૬ રબી. અવ્વલ શરીફ, બરોઝ જુમ્આ થયો હતો જેમની દફનવિધિ સવારે ૧૦ કલાકે વોરાસમની કબ્રસ્તાનમાં રાખવામાં આવી. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે અને હાજી બ્રધર્સ ફેમેલીને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

–કાર્યાલય

**લેખનો વિષય** "સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનું મહત્વ"
(અમ્ર બિલ મઅરૂફ નહીં અનીલ મુન્કર)

### ★ લેખ હરીફાઈમાં ભાગ લેનાર તલબા ★

**દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચ**

- ગુલામ મોહયુદ્દીન રઝવી–ઈટોલા
- શહાબુદ્દીન બરકાતી દહેગામી
- ઝૈનુદ્દીન કાજી મેહલજવાળા (ખેડા)
- સુફયાન ઈબ્રાહીમ ભરૂચી (ભરૂચ)
- મુહમ્મદ મુબારક પટેલ (ચાંચવેલ)
- મુહમ્મદ સરફરાઝખાન મુનીરખાન પઠાણ કહાનવાળા

**જામિઆ અશ્રફિયા મુબારકપુર–યુ.પી.**

- મુહમ્મદ શાકિર શબ્બીર પટેલ–દયાદરા

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા**

- હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ માટલી–દયાદરા

**દારુલ ઉલૂમ મિસ્કિનિયા–ધોરાજી**

- મુહમ્મદ મુનવ્વર રઝા વલીમિયાં બાપુ પટેલ


**દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ–બાલાસીનોર**

- અબ્દુલ કાદિર અન્સારી (ગોધરા)
- મલેક મુહમ્મદ સઈદ અશરફ (ભાલેજ)
- સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા

આ કલમ ઉઠાવનારા સર્વે તલબાને સહર્ષ મુબારકબાદ પાઠવીએ છીએ, કેમ કે લખાણની શૈલી પહેલાં કરતાં ઘણી સુધરી રહી છે. અને દરેકને એક કિતાબ "**સીરતે મુસ્તફા**" صلی اللہ علیہ وسلم (ગુજરાતી) [મૂળ લેખક : હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આઝમી علیہ الرحمۃ والرضوان) તેમજ "**બરકાતે ખ્વાજા (માસિક)**"નો જૂન–૦૫નો અંક ભેટ આપવામાં આવે છે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | **સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા** | રૂા. ૩૦૦/– | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | **મુહમ્મદ શાકિર શબ્બીર પટેલ દયાદરવી** | રૂા. ૨૦૦/– | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | **મુહમ્મદ મુનવ્વર રઝા વલિમિયાં બાપુ પટેલ** | રૂા. ૧૦૦/– | (ત્રીજુ ઈનામ) |
| **નંબર ૪ :** | **હાફેઝ સોહેલ અબ્દુલ્લાહ માટલી-દયાદરા** | રૂા. ૦૫૦/– | (ચોથુ ઈનામ) |
| **નંબર ૫ :** | **મુહમ્મદ મુબારક પટેલ (ચાંચવેલ)** | રૂા. ૦૫૦/– | (પાંચમુ ઈનામ) |



### ★ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ★

## ઈસ્લામમાં ઈખ્લાસનું મહત્વ અને આપણા બુઝુર્ગો

આ લેખ બરકાતે ખ્વાજાની ઓફિસે તા. **૧૨–જુલાઈ–૨૦૦૫** સુધીમાં અગાઉની શરતો મુજબ લખાણ રાખીને મોકલી આપશો. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*